ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ



# માહિતી પુસ્તિકા

હંસરાજભાઈ ઘુસાભાઈ ગજેરા
અધ્યક્ષ

ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ,
ગુજરાત સરકાર
Gujarat State Commission for Unreserved Classes,
Government of Gujarat



## શુભેચ્છા સંદેશ

ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગ દ્વારા રાજ્યના બિનઅનામત વર્ગોના લોકોના વિકાસ અને ઉન્નિત માટે આ માહિતી પુસ્તિકા પ્રસારિત કરવામાં આવે છે. જેમાં સરકાર દ્વારા બિનઅનામત વર્ગના લોકોને આપવામાં આવતી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી છે. તેમ છતાં જો કોઈ અન્ય યોજનાઓની માહિતી આ પુસ્તિકામાં સમાવેશ યોગ્ય લાગે તો તેની સચોટ માહિતી આયોગને મોકલી આપવા વાચક મિત્રોને વિનંતી છે.

(હંસરાજભાઇ ગજેરા)

A-2 Wing, 6th Floor, Block-1, Karmayogi Bhavan, Sector-10, Gandhinagar-382010
એ-૨ વીંગ, છઠ્ઠો માળ, બ્લોક નં.-૧, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦
E-mail : memsec-gscuc@gujarat.gov.in • hansrajgajera@gmail.com



सत्यमेव जयते

# શુભેચ્છા સંદેશ

ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોના આયોગ દ્વારા વિવિધ યોજનાઓની ઝલક પૂરી પાડતી માહિતી પુસ્તિકા તૈયાર કરવામાં આવેલ છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ બિનઅનામત વર્ગની કલ્યાણકારી યોજનાઓ અને બિનઅનામત વર્ગને લાગુ પડતી અન્ય વિભાગની યોજનાઓની સમજણ સરળ ભાષામાં છેવાડાના જરૂરિયાતમંદ લાભાર્થીઓને મળી રહે અને બિનઅનામત વર્ગ માટેની રાજ્ય સરકારની યોજનાઓનો વ્યાપક પ્રચાર અને પ્રસાર થાય તેવા આશયથી આયોગ દ્વારા આ પુસ્તિકા પ્રસિધ્ધ કરવામાં આવી રહી છે, તે જાણી આનંદની લાગણી અનુભવું છું. આ પુસ્તિકા સામાન્ય જનતા માટે માહિતી સભર અને સાચા અર્થમાં ઉપયોગી બની રહેશે તેવો મને વિશ્વાસ છે.

આ માહિતી પુસ્તિકા પ્રસિધ્ધ કરવા બદલ આયોગના પદાધિકારીઓને અને પુસ્તિકા તૈયાર કરવા માટે પ્રત્યનો કરનાર તમામ કર્મયોગીઓને શુભેચ્છા સહ ધન્યવાદ પાઠવું છું.

**( મનોજ અગ્રવાલ, IAS )**
અગ્ર સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

# પ્રસ્તાવના:

બિન અનામત વર્ગોની સમસ્યાઓ અને પીડાઓના નિવારણ માટે રાજ્ય સરકાર દ્વારા તા. 05/10/2017ના જાહેરનામાથી કાયમી આયોગની રચના કરવામાં આવી છે આ આયોગ "**ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ**" તરીકે ઓળખાય છે.

સર્વાંગી વિકાસ થકી સામાજિક સમરસતા જાળવવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે અને સરકારના અભિગમને સાકાર કરવા બિનઅનામત વર્ગના ઉત્કર્ષ માટે આ આયોગ કામ કરે છે.

રાજ્ય સરકાર દ્વારા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક :ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧ ના ઠરાવથી બિનઅનામત વર્ગોના લોકો માટે કલ્યાણકારી યોજનાઓ જાહેર કરવામાં આવેલ છે.

ભારત સરકાર તેમજ રાજ્ય સરકારના વિવિધ વિભાગો જેવા કે કૃષિ, ઉદ્યોગ,સ્વાસ્થ્ય, શૈક્ષણિક, ગ્રામ વિકાસ, સમાજ સુરક્ષા વિવિધ યોજનાઓ અને પરિયોજનાઓ અંગે સમાજમાં જાગૃતિ કેળવીને આ યોજનાઓની માહિતી જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચતી કરવાની આવશ્યક્તા ઊભી થઈ છે.

આથી બિન અનામત વર્ગોની યોજનાઓ તથા અન્ય આનુષંગિક બાબત પરત્વે આમ જનતાને સામાન્ય માહિતિ અને જાણકારી મળી રહે તેવી પુસ્તિકા પ્રસિદ્ધ કરવાની જરૂરિઆત જણાતા; આયોગના પદાધિકારીઓએ વિચાર વિમર્શ કરીને બિનઅનામત વર્ગો માટેની અલાયદી યોજનાઓ તેમજ અન્ય યોજનાઓ કે જે તમામ વર્ગોને (બિન અનામત વર્ગો સહિત) લાગુ પડે છે; તેની ઝલક પૂરી પાડતી પુસ્તિકા પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો. આ પુસ્તિકામાં સમાવિષ્ટ યોજનાઓની વિગતો સામાન્ય જાણકારી માટે છે અને તે તમામને ઉપયોગી થશે એવી અમને શ્રદ્ધા છે.

અલબત, કોઈ પણ યોજના વિશે આધારભૂત માહિતિ માટે સંબંધિત સરકારી વિભાગ હેઠળની કચેરી–બોર્ડ અથવા નિગમનો સંપર્ક સાધવો જરૂરી છે.

અયોગની મુખ્ય કામગીરી બિન અનામત વર્ગોના કલ્યાણ માટે તથા તેઓની સમ્સ્યાઓનો અભ્યાસ કરીને તેના ઉકેલ માટે જરુરી ભલામણો સરકાર સમક્ષ કરવાની છે.

જ્યારે બિન અનામત વર્ગો માટે ઘડવામાં આવેલી યોજનાઓનો અમલ કરવાની જવાબદારી "ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ"ની છે.

આ પુસ્તિકા બાબતે આપનો અભિપ્રાય અથવા સૂચનો આયોગના સરનામે મોકલી શકશો.

**ડાઁ. દિનેશ કાપડિયા**
સભ્ય સચિવ
ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ

## અનુક્રમણિકા


| ક્રમ | યોજનાનું નામ | પાના નં. |
|---|---|---|
| | **ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ** | |
| ૧ | બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર અને EWS 10% અનામતના પ્રમાણપત્ર | **૧** |
| ૨ | બિનઅનામત વર્ગો માટે અલાયદી યોજનાઓ | **૫–૧૬** |
| | 1. ભોજન બીલ સહાય | |
| | 2. કોચીંગ સહાય | |
| | 3. JEE, GUJCET, NEET પરીક્ષા માટે કોચીંગ સહાય | |
| | 4. સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમસહાય | |
| | 5. સ્નાતક તબીબી, વકીલ, ટેકનીકલ સ્નાતક માટે લીધેલ લોન પર વ્યાજ સહાય | |
| | 6. શૈક્ષણિક અભ્યાસ યોજના (લોન) | |
| | 7. વિદેશ અભ્યાસ લોન | |
| | 8. સ્વ–રોજગારલક્ષી યોજનાઓ(લોન) | |
| | 9. કોમર્શિયલ પાયલોટની તાલીમ માટેની લોન | |
| | **તમામ વર્ગોને (બિનઅનામત વર્ગ સહિત) ને લાગુ પડતી યોજનાઓ** | **૧૬** |
| | **શિક્ષણલક્ષી યોજનાઓ** | |
| ૧ | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) | **૧૭** |
| ૨ | મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર (RTE)અંતર્ગત શાળામાં પ્રવેશ | **૧૮** |
| ૩ | શિષ્યવૃતિ - શિક્ષણ વિભાગ | **૧૯** |
| ૪ | વિકલાંગ વિદ્યાર્થીઓ માટે વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના | **૨૧** |
| | **પેન્શન યોજના** | |
| ૫ | અટલ પેન્શન યોજના (કેન્દ્ર સરકાર) | **૨૨** |
| ૬ | વૃદ્ધ પેન્શન યોજના (રાજય સરકાર) | **૨૩** |
| | **આરોગ્યલક્ષી યોજનાઓ** | |
| ૭ | શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ | **૨૩** |
| ૮ | રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ | **૨૪** |
| ૯ | મુખ્યમંત્રી અમૃતમ્ "માં" યોજનામ | **૨૪** |
| ૧૦ | ચિરંજીવી યોજના | **૨૪** |
| ૧૧ | આંગણવાડી થકી મહિલા – બાળ પોષણ | **૨૫** |

| ક્રમ | યોજનાનું નામ | પાના નં. |
|---|---|---|
| ૧૨ | મુખ્યમંત્રી રાહત ફંડ | **૨૬** |
| | **સમાજ સુરક્ષા યોજના** | |
| ૧૩ | નિરાધાર વૃધ્ધોને રાજ્ય સરકારની આર્થિક સહાય યોજના | **૨૭** |
| ૧૪ | સંકટમોચન (રાષ્ટ્રિયકુટુંબસહાય) યોજના | **૨૭** |
| ૧૫ | ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજના (વયવંદના યોજના) IGNOAPS | **૨૮** |
| ૧૬ | અનાથ બાળકોને માસિક રૂા.૩૦૦૦ ની સહાયની યોજના | **૨૮** |
| ૧૭ | કુદરતી આપત્તિઓને કારણે થતા નુકશાન માટેનાણાંકીય સહાયની યોજના | **૨૯** |
| ૧૮ | વ્હાલી દિકરી યોજના | **૩૧** |
| ૧૯ | પાલક માતા–પિતા યોજના | **૩૩** |
| | **રોજગારલક્ષી યોજનાઓ** | |
| ૨૦ | મિશન મંગલમ્ | **૩૪** |
| ૨૧ | પ્રધાનમંત્રી મુદ્રા યોજના - MUDRA | **૩૫** |
| ૨૨ | ઔદ્યોગિક નીતિ ૨૦૧૫માં મહિલા ઉદ્યોગકારો માટેવિશેષ પ્રોત્સાહનો ગુજરાત સરકારની અનોખી પહેલ | **૩૬** |
| ૨૩ | કમિશ્નર, કુટીર અને ગ્રામોધોગ (ગુજરાત સરકાર)<br>કૌશલ્ય વધારીને કુશળ બનાવતી અને નાણાંકીય સહાય સાથે સહકાર આપતી અનોખી યોજના | **૩૭** |
| ૨૪ | મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના | **૪૦** |
| | **કૃષિ વિષયક યોજનાઓ** | |
| ૨૫ | પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના - (PMFBY) | **૪૦** |
| ૨૬ | પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના | **૪૧** |
| ૨૭ | ખેત ઓજારની સહાય – ખેડૂતોને ખેતી માટેના ઓજારો માટે નાણાંકીય સહાય આપતી યોજના | **૪૧** |
| ૨૮ | ખેડૂત અકસ્માત વીમા યોજના | **૪૩** |
| ૨૯ | પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધી યોજના | **૪૩** |
| ૩૦ | કાર્ડ નો પ્રકાર અને કાર્યપદ્ધતિ | **૪૪–૫૭** |

## આયોગના ઉદ્દેશો અને કાર્યો

- આયોગનું કાર્યક્ષેત્ર : સમગ્ર ગુજરાત રાજય
- ગુજરાત રાજયના બિનઅનામત વર્ગોની પીડાઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓની તપાસ કરી,તેનાસમાધાન/ઉકેલ માટે સરકારમાં ભલામણો કરવી.
- બિનઅનામત વર્ગોની હાંસિયામાં ધકેલાયેલી વ્યક્તિઓ અને કુટુંબોની સામાજિક–આર્થિક સ્થિતિનો અભ્યાસ અને મોજણી(Survey) કરી તેમના વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ ઘડવી અને તેના અમલ માટે સરકારમાં ભલામણ કરવી.
- ગુજરાત સરકારની અમલમાં હોય તેવી કલ્યાણકારી યોજનાનો અભ્યાસ કરી,તે યોજનાઓબિનઅનામત વર્ગોના હિતમાં કેવી રીતે લાગુ કરી શકાય તે અંગેની સરકારમાં ભલામણ કરવી.
- અન્ય રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની કલ્યાણકારી નીતિઓનો અભ્યાસ કરી, તેનીતિઓ સ્વીકારવી કે કેમ?તેની ભલામણ કરવી.
- ભારતના બંધારણના રાજ્ય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતો (Directive Principles) અને અન્ય ભાગોમાં સમાવાયેલી બિનઅનામત વર્ગોમાટેની જોગવાઈઓના અમલ માટે ભલામણો કરવી.

## આયોગના પદાધિકારીઓ

| | |
|---|---|
| **શ્રી હંસરાજભાઈ જી. ગજેરા** | **– અધ્યક્ષ** |
| **શ્રી રશ્મિકાંત પંડયા** | **– ઉપાધ્યક્ષ** |
| **શ્રી નરેન્દ્રભાઈ શાહ** | **– સભ્ય** |
| **શ્રી હસમુખરાય ભગદેવ** | **– સભ્ય** |
| **શ્રી પ્રદિપસિંહ વાઘેલા** | **– સભ્ય** |
| **ડૉ. દિનેશ કાપડિયા** | **– સભ્ય સચિવ** |

# બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર

**બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર :**

રાજય સરકારની બિનઅનામત વર્ગોને લગતી વિવિધ યોજનાઓના લાભ માટે બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર જરૂરી છે.આ પ્રમાણપત્ર આપ બિનઅનામત વર્ગના છો તે પ્રમાણિત કરે છે. આ પ્રમાણપત્રની અવધી કાયમ છે જ્યાં સુધી આપ પ્રમાણિત જ્ઞાતિમાં છોત્યાં સુધી.

**બિનઅનામત વર્ગોનું પ્રમાણપત્રનીચેના અધિકારીઓ પાસેથી મેળવી શકાશે :**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૩૦/૫/૧૮ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭ /અ, મુજબ

(૧) કલેકટર / મદદનીશ કલેકટર / નાયબ કલેકટર(૨) જિલ્લા વિકાસ અધિકારી / નાયબ જિલ્લા વિકાસ અધિકારી

(૩) મામલતદાર (૪) તાલુકા વિકાસ અધિકારી

(૫) જિલ્લા નાયબ નિયામક/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા)

**પ્રમાણપત્ર મેળવવા માટે જરૂરી પૂરાવા :**

(૧) અરજદારનું શાળા છોડ્યાનું પ્રમાણપત્ર. સક્ષમ અધિકારીને જરૂર જણાયતો દાદા, પિતા, કાકા, ફોઇ પૈકી કોઇ એક જાતિ પુરવાર થાય તેવો દસ્તાવેજ માગી શકશે.

(૨) રહેઠાણના પૂરાવા : લાઇટ બીલ, ટેલીફોન બીલ, ચુંટણી કાર્ડ, આધાર કાર્ડ, રેશનકાર્ડ વગેરે પૈકી કોઇ પણ એક.

(૩) અરજદારે પાસપોર્ટ સાઇઝના ૨ (બે) ફોટો સાથે સ્વયં હાજર રહેવાનું રહેશે

**ઉપયોગીતા :–** બિન અનામત વર્ગને લાગુ પડતી સરકારી યોજનાઓના લાભ માટે.

# આર્થિક રીતે નબળા વર્ગોના 10% અનામતનુંપ્રમાણપત્ર

**ભારત સરકારે બંધારણિય ૧૦૩ ના સુધારા થકી (અનુચ્છેદ ૧૫ અને ૧૬) થી રાજયને ૧૦%સુધીની આર્થિક રીતે નબળા વર્ગો માટે સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થામાં અનામત માટેની જોગવાઇ કરી છે**

## (૧) ગુજરાત સરકાર હેઠળ

**આર્થિક રીતે નબળા વર્ગોના 10% અનામત હેતુ માટે પાત્રતા પ્રમાણપત્ર:**

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૧૯ અને તા.૨૫/૦૧/૧૯ ના ઠરાવથી SC, ST, SEBC / OBC**સિવાયની જાતિઓ પૈકીના આર્થિક રીતે નબળા વર્ગોને** નવી 10%અનામત નીતિનો લાભ મેળવવા માટે અરજદારના કુટુંબના તમામ સ્ત્રોત મળીને થતી **કુલ આવક રૂા.૮ લાખ કરતા ઓછી થતી હોય**તેવી વ્યક્તિઓ/ઉમેદવારોને અનામતનો લાભ આપવાનું ઠરાવ્યુ છે.

**ઉપયોગીતા :–**

રાજય સરકારની સેવાઓ/નોકરીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ અનામતનો લાભ મેળવવા સારૂ આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના હોવા અંગેનું પાત્રતા પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે.

**10% અનામત માટે પાત્રતા પ્રમાણપત્ર નીચેના અધિકારીઓ પાસેથી મેળવી શકાશે:**

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ / અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ / કલેકટર / અધિક કલેકટર/ આસી. કલેકટર/ નાયબ કલેકટર,(૨)મામલતદાર(૩) તાલુકા વિકાસ અધિકારી (૪) જિલ્લા નાયબ નિયામક/જિ. સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)

**આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો/વિદ્યાર્થીઓએ પાત્રતા પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાના પૂરાવાઓ/આધારો:**

1. અરજદારના શાળા છોડયાનું પ્રમાણપત્ર / બોનાફાઇડ સર્ટી તથા જરૂરી હોય ત્યાં પિતા, દાદા, કાકા, ફોઇ પૈકી કોઇ એકનું શાળા છોડયાનું પ્રમાણપત્ર
2. રહેઠાણના પૂરાવા તરીકે રેશનકાર્ડ, આધારકાર્ડ, લાઇટબીલ, મ્યુનિ. ટેક્ષબીલ, ચુંટણી કાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ અથવા રહેણાંક સાબિત કરતા અન્ય પૂરાવા જેમાં હાલના સરનામાનો ઉલ્લેખ હોય તે ગમે તે એક.
3. અન્ય રાજયમાંથી સ્થળાંતરી થયેલા કિસ્સામાં તા.૧/૪/૧૯૭૮ પહેલાના ગુજરાત રાજયમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકર્ડ આધારિત પૂરાવા રજૂ કરવા.
4. અરજદાર પુખ્તવયના હોય તો તેમનું સ્વયંનુ નિયત નમૂનાનું સોગંદનામું.
5. અરજદાર સગીર હોય તો તેના પિતાનું અને પિતા ન હોય તો માતાનું નિયત નમૂનાનું સોગંદનામું.
6. અરજદારના કુટુંબના તમામ સભ્યોની વાર્ષિક આવકના પૂરાવા
   i. તમામ નોકરીયાતોના કિસ્સામાં તેમના કચેરીના વડાનું આવક અંગેનું તથા હોદ્દો તેમજ વર્ગ દર્શાવતું પ્રમાણપત્ર
   ii. ધંધા/વ્યવસાયના કિસ્સામાં ગણતરીમાં લેવાયે આગળના વર્ષના ઇન્કમટેક્ષ રીટનર્નની નકલ
7. અરજદાર સ્વયં ખેતીની જમીન ધારણ કરતા હોય તો ૭/૧૨ ના ઉતારાની નકલ અને કટુંબના અન્ય સભ્યો ખેતીની જમીન ધારણ કરતા હોય તો તે રજૂ કરવી તથા ખેતીની આવક દર્શાવતા આધાર રજૂ કરવા.
8. આવક અંગેના અન્ય સ્ત્રોતની વિગતો હોય તો રજૂ કરવી.
9. ઉમેદવાર જે વર્ષમાં અનામતનો લાભ લેવા ઇચ્છતો હોય તેના આગળના નાણાકિય વર્ષની ઉપરોકત તમામ સભ્યોની સંયુકત અને બધા સ્ત્રોતમાંથી ઉભી થતી આવક ગણતરીમાં લેવાની રહેશે.
10. ઉપર્યુકત સિવાય અન્ય સ્ત્રોતમાંથી થતી આવક હોય તો તે અંગેના આધારો અલગથી રજૂ કરના રહેશે.
11. સક્ષમ અધિકારીઓ/અપીલ અધિકારીઓ જરૂરી જણાય તેવા વધારાના કે અન્ય આધારો પણ માંગી શકશે

**નોંધ:વિદ્યાર્થી/ઉમેદવારોને જે બાબત લાગુ પડતી હોય તેના પૂરાવા રજૂ કરવાના રહેશે**

**અવધી :- ઉકત પ્રમાણપત્ર માટે સરકારના ઠરાવ આખરી ગણાશે તેમજ આર્થિક રીતે નબળા વર્ગોના 10% અનામત માટે સરકાર દ્વારા અન્ય કોઇ નિર્ણય ન લેવાય ત્યા સુધી અનામતનો લાભ લેવા ઇચ્છતા હોય તેના આગળના નાણાકીય વર્ષ જ ગ્રાહય ગણાશે.**

## (૨) કેન્દ્ર સરકાર હેઠળ

**આર્થિક રીતે નબળા વર્ગોના 10% અનામતના પ્રમાણપત્ર માટે માપદંડ**

- કેન્દ્ર સરકારની સેવાઓ/નોકરીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે કેન્દ્રની યાદીમાં રહેલા SC, STઅનેSEBC / OBCસિવાયના બિનઅનામત વર્ગો માટે માપદંડ નીચે મુજબ છે.
  - કુટુંબની કુલ વાર્ષિક આવક **રૂા.૮ લાખ થી ઓછી** (સ્ત્રોત:ખેતી,ધંધો,વ્યવસાય,પગાર )
- પરિવારની આવક ગમે તેટલી (ઓછી) હોય પરંતુ નીચે મુજબની સંપતિ ધરાવતા પરિવારની વ્યકિતને આર્થિક રીતે નબળા વર્ગમાંથી બાકાત ગણવામાં આવશે.
  - ૫ એકર કે તેથી વધુ કૃષિ જમીન ▪૧૦૦૦ ચોરસ ફુટ કે તેથી વધુ માપનો રહેઠાણ માટેનો ફલેટ

- નોટીફાઇડ મ્યુનિસી.માં ૧૦૦ ચો. યાર્ડ કે વધુ માપનો રહેઠાણ માટે પ્લોટ અનેઆ સિવાયના વિસ્તારોમાં ૨૦૦ ચો. યાર્ડ કે તેથી વધુ માપનો રહેઠાણ માટે પ્લોટ

**ઉપયોગીતા :-**

કેન્દ્ર સરકારની સેવાઓ/નોકરીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે કેન્દ્રની યાદીમાં રહેલા SC, STઅનેSEBC / OBCસિવાયના બિનઅનામત વર્ગો માટે આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ અનામતનો લાભ મેળવવા સારૂ આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના હોવા અંગેનું પાત્રતા પ્રમાણપત્ર મેળવવું જરૂરી છે.

**10% અનામત માટે પાત્રતા પ્રમાણપત્ર નીચેના અધિકારીઓ પાસેથી મેળવી શકાશે :**

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટ/અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ / કલેકટર /અધિક કલેકટર/ તાલુકા મામલતદાર

(૨) મામલતદારની કક્ષાથી નીચેની કક્ષાના ન હોય તેવા રેવન્યુ અધિકારીઓ

**આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો / વિદ્યાર્થીઓએ પાત્રતા પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાના પૂરાવાઓ / આધારો :**

1. અરજદારની જાતિ પૂરવાર થાય તે માટે અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર / બોનાફાઇડ સર્ટી તથા જરૂરી હોય ત્યાં પિતા, દાદા, કાકા, ફોઇ પૈકી કોઇ એકનું શાળા છોડયાનું પ્રમાણપત્ર
2. અરજદારની જાતિ પૂરવાર થાય તેવા અન્ય કોઇ સરકારી રેકર્ડ આધારીત પૂરાવાઓ જેવા કે જમીન/મકાન/પ્લોટના દસ્તાવેજ વગેરે
3. રહેઠાણના પૂરાવા તરીકે રેશનકાર્ડ, આધારકાર્ડ, લાઇટબીલ, મ્યુનિસપલ ટેક્ષબીલ, ચુંટણી ઓળખકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ અથવા રહેણાંક સાબિત કરતા અન્ય પૂરાવા જેમાં હાલના સરનામાનો ઉલ્લેખ હોય તે ગમે તે એક.
4. અરજદાર પુખ્તવયના હોય તો તેમનું સ્વયંનુ નિયત નમૂનાનું સોગંદનામું.
5. અરજદાર સગીર હોય તો તેના પિતાનું અને પિતા ન હોય તો માતાનું નિયત નમૂનાનું સોગંદનામું.
6. અરજદારના કુટુંબના તમામ સભ્યોની તમામ સ્ત્રોતમાંથી થતી કુલ વાર્ષિક આવક અંગેના પૂરાવા.
7. અરજદાર તથા તેમના કુટુંબીજનો ખેતીની જમીન ધારણ કરતા હોય તો તે અંગેના તમામ સભ્યોની જમીન અંગે ૭/૧૨ તથા ૮-અ ઉતારાની નકલ.
8. રહેણાંક હેતુ માટેની જમીન/પ્લોટ માટે સનદ/આકારણી /દસ્તાવેજ અથવા અન્ય મહેસુલી આધાર,
9. રહેણાંકના ફલેટ/મકાન અંગે દસ્તાવેજ અથવા ફાળવણી હુકમ અથવા અન્ય મહેસુલી આધાર
10. ઉમેદવાર જે વર્ષમાં અનામતનો લાભ લેવા ઇચ્છતો હોય તેના આગળના નાણાકીય વર્ષની ઉપરોકત તમામ સભ્યોની સંયુકત અને બધા સ્ત્રોતમાંથી ઉભી થતી કુલઆવક ગણતરીમાં લેવાની રહેશે.
11. અરજદાર અને અથવા તેના કુટુંબીજનોની સ્વમાલિકી / રહેણાંકના પ્લોટ ધરાવતા હોય તો તેની વિગત
12. અરજદાર અને / અથવા તેના કુટુંબના સભ્યોની નોકરી / ધંધા / વ્યવસાય/ ખેતી સિવાયના અન્ય સ્ત્રોતોમાંથી થતી આવકની વિગત
13. સક્ષમ અધિકારીઓ/અપીલ અધિકારીઓ જરૂરી જણાય તેવા વધારાના કે અન્ય આધારો પણ માંગી શકશે

**અવધી :- ઉકત પ્રમાણપત્ર માટે સરકારના ઠરાવ આખરી ગણાશે તેમજ આર્થિક રીતે નબળા વર્ગોના 10% અનામત માટે સરકાર દ્વારા અન્ય કોઇ નિર્ણય ન લેવાય ત્યા સુધી અનામતનો લાભ લેવા ઇચ્છતા હોય તેના આગળના નાણાકીય વર્ષ જ ગ્રાહય ગણાશે.**

## વિશેષ નોંધ :

**બિનઅનામત વર્ગના પ્રમાણપત્રના પ્રકારના અને હેતુ :–**

(૧) બિનઅનામત વર્ગની યોજનાઓના લાભ માટેનું પ્રમાણપત્ર અને (૨) સરકારની સેવાઓમાં/નોકરીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ 10%અનામતનો લાભ મેળવવા માટેના બંને પ્રમાણપત્રો અલગ–અલગરહેશે.

**બિન અનામત વર્ગની જાતિઓની યાદી :**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૮/૫/૨૦૧૯ ના ઠરાવ ક્રમાક:સશપ/૧૨૨૦૧૯/૧૪૯૭૬૯/અ મુજબ જે જાતિ SC, ST, SEBC/OBCમાં ન આવતી હોય તે જાતિને બિન અનામત વર્ગમાં ગણવી.

વધુ માહિતી માટે https://sje.gujarat.gov.in

# બિનઅનામત વર્ગો માટે અલાયદી યોજનાઓ

# ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

બ્લોક નં. ૨/૭, કર્મયોગી ભવન, સેક્ટર–૧૦, ગાંધીનગર
ફોન નં. ૦૭૯ – ૨૩૨૫૮૬૮૮ / ૮૪

**યોજનાઓના લાભ માટેOnline Application**www.gueedc.gujarat.gov.in

**યોજનાઓના અમલિકરણ (લાભ આપવા માટે) ની કામગીરી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા કરવામાં આવે છે**

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૮/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક : ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ.૧ )

## (૧) ભોજન બીલ સહાય – રૂ.૧૨,000/–ની મર્યાદામાં

- સ્નાતક કક્ષાના મેડીકલ, ડેન્ટલ, ટેકનિકલ, પેરામેડીકલમાં અભ્યાસ કરતા હોય અને પોતાના પરિવારથી દૂર પોતાના તાલુકામાં શૈક્ષણિક વ્યવસ્થા ન હોય અને તાલુકા બહાર રહીને અભ્યાસ કરતા હોય તેવા સરકારી/અનુદાનિત સિવાયના છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા **વિદ્યાર્થીઓને સીધી સહાય (DBT)૧૦ માસ માટે માસિક રૂ.૧૨૦૦ લેખે** ભોજન સહાય
- કોઇપણ સમાજ/ટ્રસ્ટ/સંસ્થા દ્વારા સંચાલિત કન્યા છાત્રાલયમાં રહીને **ધો.–૯ થી ૧૨માં અભ્યાસ કરતી માત્ર કન્યાઓને ફુડ બીલ** મળવાપાત્ર થશે

**આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક રૂા.૪.૫૦ લાખ**

- **ડોક્યુમેન્ટ ચેક લીસ્ટ**
  - ✓ નિયત નમૂનાની અરજીપત્રક
  - ✓ આધારકાર્ડની નકલ
  - ✓ બિન અનામત વર્ગનુ પ્રમાણપત્ર
  - ✓ આવકનું પ્રમાણપત્ર
  - ✓ રહેઠાણનો પુરાવો
  - ✓ ઉંમરનો પુરાવો(જન્મનું પ્રમાણપત્ર/લિવિંગ સર્ટિફીકેટ)
  - ✓ ધોરણ–૧૨ અથવા છેલ્લા વર્ષની માર્કશીટની નકલ
  - ✓ અરજદારના બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ
  - ✓ હોસ્ટેલમાં માસિક ભોજન બીલ ભરેલ / ભરવાપાત્ર હોય તેના પુરાવા
  - ✓ એડમીશન લેટર (શાળા / કોલેજ )
  - ✓ એડમીશન લેટર (હોસ્ટેલનો)
  - ✓ હોસ્ટેલ સમાજ/ટ્રસ્ટ/સંસ્થા સંચાલિત છેતો તેનો પુરાવો

## (૨) કોચીંગ સહાય – રૂ. ૧૫,000/–ની મર્યાદામાં

- ધોરણ-૧૦માં ૭૦%મેળવેલ હોય અને કોચીંગ કલાસમાં ભણતાધો.૧૧ અને ધો.૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સીધી સહાય (DBT) **પ્રતિ વર્ષ વાર્ષિક રૂ.૧૫,૦૦૦/– સહાય**
  - લાયકાતના ધોરણો:**ધો–૧૦ માં ૭૦%** કે તેથી વધુ

**આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક રૂા.૪.૫૦ લાખ**

- **ડોક્યુમેન્ટ ચેક લીસ્ટ**
  - ✓ નિયત નમૂનાની અરજીપત્રક
  - ✓ આધારકાર્ડની નકલ
  - ✓ બિન અનામત વર્ગનુ પ્રમાણપત્ર
  - ✓ આવકનું પ્રમાણપત્ર
  - ✓ રહેઠાણનો પુરાવો
  - ✓ ઉંમરનો પુરાવો(જન્મનું પ્રમાણપત્ર/લિવિંગ સર્ટિફીકેટ)
  - ✓ પ્રિન્સીપાલનું વિદ્યાર્થીનું ચાલુ અભ્યાસ અંગેનું સર્ટીફીકેટ
  - ✓ અરજદારના બેંક પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ
  - ✓ ધોરણ–૧૦ ની માર્કશીટની નકલ
  - ✓ ટ્યુશન કલાસની વિગત (ભરેલ અને ભરવાપાત્ર ફી સાથે)

## (૩) JEE,GUJCET,NEETપરીક્ષા માટેકોચીંગ સહાય – રૂ. ૨૦,૦૦૦/–ની મર્યાદા

➢ ધોરણ–૧૨ના વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને ધોરણ–૧૨પછી મેડીકલ, એન્જીનીયરીંગમાં પ્રવેશ માટે જરૂરી પરીક્ષાઓ જેવી કે JEE,GUJCET,NEETની તૈયારી ના કોચીંગ માટે, ધોરણ–૧૦માં ૭૦% હોય તેવા વિદ્યાર્થીઓને ત્રણ વર્ષ કે તેથી વધુઅનુભવ ધરાવતી સંસ્થાઓમાં કોચીંગ માટે **વિદ્યાર્થી દીઠ વાર્ષિક રૂા.૨૦,૦૦૦** અથવા ખરેખર ફી એ બે પૈકી જે ઓછુ હોય તે **વિદ્યાર્થીઓને સીધી સહાય (DBT)**

- લાયકાતના ધોરણો:**ધો–૧૦ માં ૭૦% કે તેથી વધુ**

**આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક રૂા.૪.૫૦ લાખ**

- ✓ નિયત નમૂનાની અરજીપત્રક
- ✓ આધારકાર્ડની નકલ
- ✓ બિન અનામત વર્ગનુ પ્રમાણપત્ર
- ✓ આવકનું પ્રમાણપત્ર
- ✓ ઉંમરનો પુરાવો(જન્મનું પ્રમાણપત્ર/લિવિંગ સર્ટિફીકેટ)
- ✓ રહેઠાણનો પુરાવો
- ✓ ધોરણ–૧૧ ની માર્કશીટની નકલ
- ✓ અરજદારના બેંક પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ
- ✓ સ્કુલ/કોલેજમાં પ્રવેશ મેળવેલ પત્ર(બોનાફાઇડ સર્ટીફીકેટ)
- ✓ ધોરણ–૧૦ ની માર્કશીટની નકલ
- ✓ કોચિંગ કલાસ સમાજ / ટ્રસ્ટ / સંસ્થા સંચાલિત છે. તો તેનો રજીસ્ટ્રેશન નંબર તેમજ સંસ્થાનાં ૩ વર્ષના અનુભવનો પુરાવો
- ✓ ભરેલ / ભરવાપાત્ર કોચિંગ ફી નો પુરાવો

## (૪) સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમસહાય–રૂ. ૨૦,૦૦૦/–ની મર્યાદા

➢ U.P.S.C, G.P.S.C., વર્ગ–૧, ૨ ૩, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ તથા ભારત સરકારના રેલ્વે, બેંકો વગેરેમાં થતી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પસંદ કરેલ સંસ્થાઓમાં અભ્યાસ કરતાં તાલીમાર્થીઓને **તાલીમાર્થી દીઠ રૂા. ૨૦,૦૦૦ અથવા** ખરેખર ચૂકવવાની થતી ફી એ બે માંથી જે ઓછુ હોય તે **વિદ્યાર્થીઓને સીધી સહાય (DBT)**

**આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક રૂા.૪.૫૦ લાખ**

- લાયકાતના ધોરણો: **ધો–૧૨ માં ૬૦% કે તેથી વધુ**

- **ડોકયુમેન્ટ ચેક લીસ્ટ**

- ✓ નિયત નમૂનાની અરજીપત્રક
- ✓ આધારકાર્ડની નકલ
- ✓ આવકનું પ્રમાણપત્ર
- ✓ રહેઠાણનો પુરાવો
- ✓ અરજદારના બેંક પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ
- ✓ સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કલાસ સમાજ/ટ્રસ્ટ/સંસ્થા સંચાલિત છે. તો તેના રજિસ્ટ્રેશન / GST નંબર નો પુરાવો
- ✓ બિન અનામત વર્ગનુ પ્રમાણપત્ર
- ✓ ધોરણ–૧૦ ની માર્કશીટ ની નકલ
- ✓ ધોરણ–૧૨ ની માર્કશીટની નકલ
- ✓ તાલીમ માટે ભરવાની થતી/ભરેલ ફી નો પુરાવો
- ✓ સંસ્થાનો એડમીશન લેટર (સ્પર્ધાત્મક પરીક્ષાનાં નામ તેમજ ફી ની વિગતો સહિત)

**સહાયની યોજનાઓ માટે સંબંધિત જિલ્લાના નાયબ નિયામક (વિ.જા.ક.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.ક.) ને અરજી મંજૂર કરવાની સત્તા સોંપવામાં આવી છે**

## (૫) સ્નાતક તબીબ,વકીલ,ટેકનિકલ સ્નાતક માટે લીધેલ લોન પર વ્યાજ સહાય – ૫%વ્યાજ સહાય

- તબીબ, વકીલ, ટેકનિકલ સ્નાતક થયેલ બિનઅનામત વર્ગનાલાભાર્થીઓ પોતાનું ક્લીનિક,લેબોરેટરી,રેડીયોલોજી ક્લીનિક કે ઓફિસ ખોલવા ઈચ્છે તો બેન્ક પાસેથી લીધેલ **રૂા.૧૦.૦૦ લાખ સુધીની લોન પર ૫%વ્યાજસહાય** મળવા પાત્ર થશે.

**આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક રૂા.૬.૦૦ લાખ**

## (૬)શૈક્ષણિક અભ્યાસ યોજના(લોન) – રૂ.૧૦ લાખની મર્યાદામાં

- મેડીકલ, ડેન્ટલના સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, વ્યવસાયિક અભ્યાસક્રમો, ઈજનેરી ટેકનોલોજી, ફાર્મસી,આર્કિટેકચર, આર્યુવેદિક,હોમીયોપેથી, ફીઝીયોથેરાપી,વેટરનરી વિગેરે સ્વ–નિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, નર્સિંગ(સ્નાતક કક્ષાના) વગેરે અભ્યાસક્રમો માટે (હાયર એજ્યુકેશન જેવા કે BBA,B.Com.,B.Sc., B.A.વિગેરે સિવાય)
- રાજયમાં અને ભારતના અન્ય રાજયો / કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પણ અભ્યાસ કરતા તબીબી સ્નાતક, તબીબી અનુસ્નાતક અને IIM, IIT, NID, NIFT IRMA, TISSજેવા અનુસ્નાતક કક્ષાના ઉચ્ચ અભ્યાસક્રમોમાં પણ લોન
  - **કુલ ટ્યુશન ફી** અથવા **રૂા.૧૦ લાખ તે પૈકી જે ઓછુ હોય તે**
  - લાયકાત **: ધોરણ–૧૨ માં ૬૦%કે તેથી વધુ**▪વ્યાજનો દર**:૪ % સાદુ વ્યાજ**

**આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક રૂા.૬.૦૦ લાખ**

- **ડોક્યુમેન્ટ ચેક લીસ્ટ**
  - ✓ નિયત નમૂનાનું અરજી પત્રક
  - ✓ શાળા છોડ્યાનો દાખલો તેમજ ધો.૧૦/ ૧૨ ની માર્કશીટની નકલ
  - ✓ બિન અનામત વર્ગનું પ્રમાણપત્ર
  - ✓ ધો.૧૨ અને તે પછીના અભ્યાસની માર્કશીટની નકલ
  - ✓ આવકનું પ્રમાણપત્ર
  - ✓ પ્રતિવર્ષ ભરવાની થતી / ભરેલ ફી નો પુરાવો
  - ✓ આધારકાર્ડની નકલ
  - ✓ અરજદારના બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ
  - ✓ એડમીશન લેટર
  - ✓ ગીરોખત / બોજાનોંધ અને ૫ (પાંચ) ચેક
  - ✓ પરિશિષ્ટ–૩ મુજબ પિતા / વાલી મિલકત મોર્ગેજ કરવાની સંમતિ પત્ર
  - ✓ પિતા / વાલીની મિલકત વેલ્યુએશન સર્ટી અને મિકલત વેલ્યુએશન સર્ટી અને મિલકતના આધારો
  - ✓ પરિશિષ્ટ–૧ / ૨ મુજબ જામીનદારની સંમતિ અને મિલકત વેલ્યુએશન સર્ટી અને મિલકતના આધારો

## (૭) વિદેશ અભ્યાસલોન– રૂ.૧૫લાખની મર્યાદામાં

- ધોરણ–૧૨ પછી ફકત M.B.B.S.માટે, સ્નાતક (ડિપ્લોમાં પછી ડીગ્રી મેળવેલ હોય તો પણ માન્ય) પછી અનુસ્નાતક તેમજ પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમાં અથવા અન્ય નામથી ઓળખાતા સમકક્ષ અભ્યાસક્રમ માટે અને રિસર્ચ જેવા ટેકનિકલ, પેરામેડીકલ, પ્રોફેશનલ વગેરે જેવા કોઈપણ પ્રકારના વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે**કુલ રૂ.૧૫લાખની મર્યાદામાં લોન**
  - લાયકાત : **ધો–૧૨ માં ૬૦% કે તેથી વધુ**▪વ્યાજનો દર : **૪ % લેખે સાદુ વ્યાજ**
  - નોંધ : ડિપ્લોમા પછી ડીગ્રી માટે ધોરણ–૧૨સમકક્ષ પ્રમાણપત્ર સાથે ડિપ્લોમા ના ટકાવારી ગણવાના રહેશે

**આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક રૂા.૬.૦૦ લાખ**

- **ડોક્યુમેન્ટ ચેક લીસ્ટ**
  - ✓ નિયત નમૂનાનું અરજી પત્રક
  - ✓ ધો.૧૨ અને તે પછીના અભ્યાસની માર્કશીટની નકલ
  - ✓ બિન અનામત વર્ગનું પ્રમાણપત્ર
  - ✓ એડમીશન લેટર
  - ✓ આવકનું પ્રમાણપત્ર
  - ✓ પ્રતિવર્ષ ભરવાની થતી / ભરેલ ફી નો પુરાવો
  - ✓ આધારકાર્ડની નકલ
  - ✓ પાસપોર્ટની નકલ, વિઝાની નકલ અને એર ટિકીટની નકલ
  - ✓ શાળા છોડ્યાનો દાખલો
  - ✓ ગીરોખત / બોજાનોંધ અને ૫ (પાંચ) ચેક
  - ✓ ધો.૧૦/ ૧૨ ની માર્કશીટની નકલ
  - ✓ અરજદારના બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ
  - ✓ પિતા / વાલી મિલકત મોર્ગેજ કરવાની સંમતિ પત્ર
  - ✓ પિતા / વાલીની મિલકત વેલ્યુએશન સર્ટી અને મિલકતના આધારો

## (૮) સ્વ–રોજગારલક્ષી યોજના -રૂ.૧૦ લાખ / જે તે વ્યવસાય માટે નિયત કરેલ રકમની મર્યાદામાં

1. રીક્ષા,લોડીંગ રીક્ષા,મારૂતીઇકો,જીપ–ટેક્ષી વગેરેસ્વરોજગારલક્ષી વાહનોમાટે ઓનરોડ યુનિટ કોસ્ટ.
2. વ્યવસાય કે કરીયાણાની દુકાન,મેડીકલસ્ટોર,રેડીમેડ ગારમેન્ટ સ્ટોર, બુકસ્ટોર વગેરે સ્વરોજગારલક્ષી વ્યવસાય માટે લોન
   - **વધુમાં વધુ રૂા.૧૦ લાખ** અથવા નિગમ દ્વારા જે તે વ્યવસાય માટે નિયત કરેલ રકમની મર્યાદામાં લોન
   - **વાર્ષિક ૫ %**અને**મહિલાઓ માટે ૪ % ના સાદા વ્યાજે** લોન
3. **૫ % વ્યાજ સહાય :** ટ્રાન્સપોર્ટ, લોજીસ્ટીક, ટ્રાવેલર્સ, ફુડ કોર્ટ વગેરે વ્યવસાય માટે વાહન જરૂરી સ્ટ્રક્ચર સહિત મેળવવા માટે **બેંકમાંથી રૂ. ૬.૦૦ લાખની** લીધેલ લોન ઉપરવ્યાજ સહાય

**આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક રૂા.૬.૦૦ લાખ**

- **ડોકયુમેન્ટ ચેક લીસ્ટ**
  - ✓ નિયત નમૂનાનું અરજી પત્રક
  - ✓ રેશન કાર્ડ
  - ✓ બિન અનામત વર્ગનું પ્રમાણપત્ર
  - ✓ આવકનું પ્રમાણપત્ર
  - ✓ રહેઠાણનો પુરાવો
  - ✓ ઉંમરનો પૂરાવો.
  - ✓ આધારકાર્ડની નકલ
  - ✓ અરજદારના બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ

ઓનલાઇન અરજી કરતી વખતે ઉકત દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. અરજી કરી તેમજ ઓનલાઇન અરજીની પ્રિન્ટ આઉટ કાઢીને જિલ્લા મેનેજરની કચેરીએ મોકલી આપવાનું રહેશે. અરજી સિવાયના કોઇ પણ ડોકયુમેન્ટ મોકલવાના રહેશે નહી. જિલ્લા કક્ષાએ અરજદારોને ઇન્ટરવ્યુ માટે બોલવવામાં આવશે અને સિલેકટ થયેલ અરજદરોને નિગમ દ્વારા જે ડોકયુમેન્ટ રજુ કરવાનું કહેવામાં આવે તે રજુ કરવાના રહેશે.

## (૯) કોમર્શિયલ પાયલોટની તાલીમ માટેનીલોન-રૂ.૨૫ લાખની મર્યાદામાં

- ➢ કોમર્શિયલ પાયલોટની તાલીમ માટે કુલ રૂ**.૨૫.૦૦ લાખનીલોન** અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે માંથી જે ઓછુ હોય તે મળવાપાત્ર
  - લાયકાતના ધોરણો : **ધો–૧૨ માં ૬૦%** કે તેથી વધુ ▪વ્યાજનો દર : **૪% સાદુ વ્યાજ**

**આવક મર્યાદા : કુટુંબની વાર્ષિક આવક રૂા.૬.૦૦ લાખ**

- **ડોકયુમેન્ટ ચેક લીસ્ટ**
  - ✓ નિયત નમૂનાનું અરજીપત્રક
  - ✓ સ્ટુડન્ટ પાયલોટ લાઇસન્સ
  - ✓ આધારકાર્ડની નકલ
  - ✓ બિન અનામત વર્ગનું પ્રમાણપત્ર
  - ✓ આવકનું પ્રમાણપત્ર
  - ✓ વિઝાની નકલ જો સંસ્થા વિદેશી હોય તો
  - ✓ શૈક્ષણિક લાયકાત
  - ✓ શાળા છોડ્યાનો દાખલો તેમજ ધો.૧૦/૧૨ ની માર્કશીટની નકલ
  - ✓ ધોરણ–૧૨ અને તે પછીના સ્નાતક અભ્યાસની માર્કશીટની નકલ
  - ✓ રહેઠાણનો પુરાવો
  - ✓ જે સંસ્થામાં પ્રવેશ મેળવેલ હોય તેનો એડમીશન લેટર
  - ✓ લાભાર્થીની મિલકત મોર્ગેજ કરવાની સંમિત પત્ર
  - ✓ અરજદારના બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ
    પ્રતિ વર્ષ ભરવાની થતી / ભરેલ ફી નો પુરાવો
  - ✓ લાભાર્થીની મિલકત મોર્ગેજ કરવાની સંમતિ પત્ર
  - ✓ પાસપોર્ટની નકલ (જો સંસ્થા વિદેશની હોય તો )
  - ✓ પિતા / વાલીની મિલકત વેલ્યુએશન સર્ટી અને મિલકતના આધારો (ભાલાથર્થી / પિતા / વાલી )
  - ✓ **જામીનદાર – (૧)** ની વિગત : (૧) નામ : .......... (૨) જામીન ખત,મિલકત માર્ગેજ કરવાની સંમતિ,મિલકત વેલ્યુએશન સર્ટી અને મિલકતના આધારો
  - ✓ **જામીનદાર – (૨)** ની વિગત : (૧) નામ : ................ (૨) જામીન ખત,મિલકત માર્ગેજ કરવાની સંમતિ,મિલકત વેલ્યુએશન સર્ટી અને મિલકતના આધારો

## ❖ બિનઅનામત વર્ગની યોજનાઓ માટે જરૂરી દસ્તાવેજો :

- બિનઅનામત વર્ગનું પ્રમાણપત્ર અને આવકનું પ્રમાણપત્ર જરૂરી
- અરજદાર ગુજરાતમાં ૧૫ વર્ષથી સ્થાયી થયેલ હોય અને બિનઅનામતવર્ગના હોવા જોઇએ
- જેતે યોજનાના લાભ માટેની પાત્રતા, ધિરાણના માપદંડ, લોન માટે જામીન/ દસ્તાવેજઅને લોનની પરત ચૂકવણીની વિગતો ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની વેબસાઇટ ઉપર જોવી.
- યોજનાઓના લાભ માટે આપવામાં આવેલ ડોક્યુમેન્ટ ચેક લીસ્ટમાંવખતોવખત થતા સુધારાને આધીન રહેશે.
- તમામ યોજનાઓનાઅર્થઘટન માટે રાજ્ય સરકારના ઠરાવ આખરી ગણાશે.

## જિલ્લા કક્ષાએ વધુ માહિતી માટે સંપર્ક

◆ જિલ્લા મેનેજર (અનુ.જાતિ)

◆જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.)

(જિલ્લા મેનેજરશ્રીઓની જિલ્લા કચેરીના સરનામા https://gueedc.gujarat.gov.in/પર ઉપલબ્ધ છે.)

**ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ**
**બ્લોકનં.૨,૭મો માળ, ડી–૨ વિંગ , કર્મયોગી ભવન સે–૧૦,ગાંધીનગર૩૮૨૦૧૦,**
**ફોન નં.૨૩૨૫૮૬૮૫/૮૮**

---

**ગુજરાત બિનઅનામત શૈક્ષણીક અને આર્થીક વિકાસ નિગમની (૧) ભોજન બીલ સહાય યોજના, (૨) કોચીંગ સહાય યોજના,(૩) જી(JEE),ગૂજકેટ(GUJCET),નીટ(NEET) પરીક્ષા માટેકોચીંગ સહાય,(૪) સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય યોજના અંતર્ગત જીલ્લા અમલીકરણ અધિકારીશ્રીઓની કચેરીઓના નામ,સરનામાં નીચે મુજબ છે.સહાય માટેની તમામ અરજીઓ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે હાર્ડકોપીમાં નીચે મુજબની જે તે જિલ્લા કચેરીઓમાં મોકલી આપવાની રહેશે. અન્યથા આપની અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.**

| ક્રમ | કચેરીનો જિલ્લો | કચેરીના મુખ્ય અધિકારીનો હોદો | કચેરીનું સરનામું | કચેરીનો ફોન તથા ફેક્સ નંબર |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) | E-બ્લોક, પહેલો માળ, બહુમાળી ભવન,મંજૂશ્રી મીલ કમ્પાઉન્ડ, ગિરધરનગર, અસારવા, અમદાવાદ | +૯૧ ૭૯ ૨૨૬૮૩૦૯૬<br>ફેક્સ +૯૧ ૭૯ ૨૨૬૮૨૮૨૦ |
| ૨ | ભાવનગર | જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) | જી-૬, બહુમાળી ભવન, બસ સ્ટેન્ડ નજીક ભાવનગર | +૯૧ ૨૭૮ ૨૪૨૨૬૯૬<br>ફેક્સ +૯૧ ૨૭૮ ૨૪૨૨૬૯૬ |
| ૩ | જામનગર | જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) | જીલ્લા સેવા સદન -૪, ગ્રાઉન્ડ ફ્લોર, ગણેશ કોલ્ડ સ્ટોરેજ પાસે, રાજકોટ રોડ, જામનગર | +૯૧ ૨૮૮ ૨૫૭૨૩૪૭<br>ફેક્સ:+૯૧ ૨૮૮ ૨૫૭૨૩૪૭ |
| ૪ | રાજકોટ | જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) | ૬/૧, બહુમાળી ભવન, રેસકોર્સ, રાજકોટ | +૯૧ ૨૮૮ ૨૪૪૭૩૬૨<br>ફેક્સ +૯૧ ૨૮૮ ૨૪૪૭૩૬૨ |
| ૫ | સુરત | જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) | જીલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડિંગ, બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત | +૯૧ ૨૬૧ ૨૪૬૦૬૯૮<br>ફેક્સ +૯૧ ૨૬૧ ૨૪૬૦૬૯૮ |
| ૬ | વડોદરા | જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) | ૨/સી, નર્મદાભવન, જેલરોડ, વડોદરા | +૯૧ ૨૬૮ ૨૪૨૬૬૨૨<br>ફેક્સ +૯૧ ૨૬૮ ૨૪૨૬૬૨૨ |
| ૭ | ગાંધીનગર | જિલ્લા નાયબ નિયામક (વિ.જા) | "સહયોગ સંકુલ" બ્લોક -બી, પહેલો માળ, પથિકાશ્રમની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર | +૯૧ ૭૯ ૨૩૨૫૯૦૬૦<br>ફેક્સ +૯૧ ૭૯ ૨૩૨૪૧૯૮૦ |
| ૮ | જુનાગઢ | જિલ્લા નાયબ નિયામક (વિ.જા) | ૧/૩, બહુમાળી મકાન, સરદારબાગ, જુનાગઢ | +૯૧ ૨૮૫ ૨૬૩૦૫૮૭<br>ફેક્સ +૯૧ ૨૮૫ ૨૬૩૦૫૮૭ |
| ૯ | હિંમતનગર | જિલ્લા નાયબ નિયામક (વિ.જા) | એ-બ્લોક, ત્રીજોમાળ, બુહમાળી ભવન, હાજીપુરા, હિંમતનગર | +૯૧ ૨૭૬૨ ૨૪૦૯૨૧<br>ફેક્સ +૯૧ ૨૭૬૨ ૨૪૦૯૨૧ |

| ક્રમ | કચેરીનો જિલ્લો | કચેરીના મુખ્ય અધિકારીનો હોદો | કચેરીનું સરનામું | કચેરીનો ફોન તથા ફેક્સ નંબર |
|---|---|---|---|---|
| ૧૦ | ખેડા | નાયબ નિયામક (વિ.જા.) | સી બ્લોક, પ્રથમ માળ, સરદાર ભવન, મીલરોડ, નડિયાદ જિ. ખેડા | +૯૧ ૨૬૮ ૨૫૫૦૦૧૬ ફેક્સ +૯૧ ૨૬૮ ૨૫૫૦૦૧૬ |
| ૧૧ | પાટણ | જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) | જિલ્લા મધ્યસ્થ કચેરી, બ્લોક નં. ૨, પહેલે માળ, રાજમહેલ રોડ, પાટણ | +૯૧ ૨૭૬૬ ૨૨૫૧૬૭ ફેક્સ +૯૧ ૨૭૬૬ ૨૨૫૧૬૭ |
| ૧૨ | ગોધરા | જિલ્લા નાયબ નિયામક(વિ.જા.) | પહેલો માળ, બહુમાળી ભવન, કલેક્ટર કચેરી, ગોધરા જિ. પંચમહાલ | +૯૧ ૨૭૬૬ ૨૫૩૭૬૫ ફેક્સ +૯૧ ૨૭૬૬ ૨૫૩૭૬૫ |
| ૧૩ | અમરેલી | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | બી-૧, બહુમાળી ભવન, અમરેલી | +૯૧ ૨૭૯૨ ૨૨૨૭૯૩ ફેક્સ +૯૧ ૨૭૯૨ ૨૨૨૭૯૩ |
| ૧૪ | બનાસકાંઠા | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | જિલ્લા સેવા સદન-૨, પહેલો માળ, પાલનપુર, જિ.બનાસકાંઠા | +૯૧ ૨૭૬૬ ૨૫૩૭૬૫ ફેક્સ +૯૧ ૨૭૬૬ ૨૫૩૭૬૫ |
| ૧૫ | ભરૂચ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | ત્રીજો માળ, બહુમાળી ભવન, ગાયત્રીનગર પાસે, ભરૂચ | +૯૧ ૨૬૪૨ ૨૪૪૭૩૪ ફેક્સ +૯૧ ૨૬૪૨ ૨૪૪૭૩૪ |
| ૧૬ | રાજપીપળા | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | રૂમ નં. ૨૧, ભોંયતળીયું સેન્ટ્રલ બીલ્ડીંગ, રાજપીપળા | +૯૧ ૨૬૪૨ ૨૨૪૩૦૮ ફેક્સ +૯૧ ૨૬૪૨ ૨૨૪૩૦૮ |
| ૧૭ | પોરબંદર | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | જીલ્લા સેવા સદર-૨, સાંદીપની આશ્રમરોડ, પોરબંદર | +૯૧ ૨૮૬ ૨૨૨૨૮૬૭ ફેક્સ +૯૧ ૨૮૬ ૨૨૨૨૮૬૭ |
| ૧૮ | કચ્છ-ભુજ | જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | બ્લોક નં. ૪, ગ્રાઉન્ડ ફ્લોર, બહુમાળી મકાન, ભુજ | +૯૧ ૨૮૩૨ ૨૨૧૭૫૧ ફેક્સ +૯૧ ૨૮૩૨ ૨૨૧૭૫૧ |
| ૧૯ | આણંદ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | બીજે માળ, જિલ્લા સેવા સદન, બોરસદ ચોકડી પાસે, આણંદ | +૯૧ ૨૬૯૨ ૨૬૪૪૧૩ ફેક્સ +૯૧ ૨૬૯૨ ૨૬૪૪૧૩ |
| ૨૦ | મહેસાણા | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી વિ.જા.) | બ્લોક નં. ૪, ભોયતળેયે, બહુમાળી મકાન, મહેસાણા | +૯૧ ૨૭૬૨ ૨૨૧૮૭૩ ફેક્સ +૯૧ ૨૭૬૨ ૨૨૧૮૭૩ |
| ૨૧ | દાહોદ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | રાધવ હોસ્ટેલ, ગ્રાઉન્ડ ફ્લોર, પટેલ રિસોર્ટ ની પાછળ, ગોદી રોડ, દાહોદ | +૯૧ ૨૬૭૩ ૨૬૫૯૩૪ ફેક્સ +૯૧ ૨૬૭૩ ૨૬૫૯૩૪ |
| ૨૨ | સુરેન્દ્રનગર | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | એ. બ્લોક, રૂમ નં.-૨૦૪ બહુમાળી મકાન, સુરેન્દ્રનગર | +૯૧ ૨૭૫૨ ૨૮૨૧૦૩ ફેક્સ +૯૧૨૭૫૨૨૮૨૧૦૩ |
| ૨૩ | વલસાડ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | બીજો માળ, સભા ખંડ સામે, જિલ્લા સેવા સદન -૨, જલરામ મંદિર સામે, તીથલ રોડ, વલસાડ | +૯૧ ૨૬૩૨ ૨૫૩૧૧૧ ફેક્સ +૯૧ ૨૬૩૨ ૨૫૩૧૧૧ |

| ક્રમ | કચેરીનો જિલ્લો | કચેરીના મુખ્ય અધિકારીનો હોદ્દો | કચેરીનું સરનામું | કચેરીનો ફોન તથા ફેક્સ નંબર |
|---|---|---|---|---|
| ૨૪ | નવસારી | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | એ.બ્લોક, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન જુના થાણા, જુની કલેકટર કચેરી, નવસારી જિ.નવસારી | +૯૧ ૨૬૩૭ ૨૫૦૨૪૧ ફેક્સ +૯૧ ૨૬૩૭ ૨૫૦૨૪૧ |
| ૨૫ | તાપી | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | બ્લોક, ૪ પહેલે માળ, જિલ્લા સેવાસદન, પાનવાડી, વ્યારા જિ. તાપી | +૯૧ ૦૨૬૨૬ ૨૨૦૩૨૪ ફેક્સ +૯૧ ૦૨૬૨૬ ૨૨૦૩૨૪ |
| ૨૬ | મહિસાગર | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | ચારકોશીયા નાકા પાસે, સરકારી ગોડાઉન સામે, મોડાસા હાઇવે, રોડ, મુ.પો.લુણાવાડા જિ.મહીસાગર | +૯૧ ૦૨૬૭૨ ૨૪૦૫૩૩ ફેક્સ +૯૧ ૦૨૬૭૨ ૨૪૦૫૩૩ |
| ૨૭ | ગીર સોમનાથ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | ભાવના-૨ સોસાયટી, ૮૦ ફુટ રોડ, વેરાવળ જિ.ગીર-સોમનાથ | +૯૧ ૦૨૮૫ ૨૬૩૦૫૮૭ ફેક્સ +૯૧ ૨૮૫ ૨૬૩૦૫૮૭ |
| ૨૮ | દેવભૂમી ધ્વારકા | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | સી-જી/૧૦, જીલ્લા સેવા સદન, ધરમપુર લાલપુર રોડ, મુ. પો. ખંભાળીયા, જી. દેવભુમિ દ્વારકા | મો. ૯૯૦૯૦૩૪૪૫૪ ફેક્સ:+૯૧ ૨૮૮ ૨૫૭૨૩૪૭ |
| ૨૯ | અરવલ્લી | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | બ્લોક-એ બીજો માળ, એ/એસ/૦૭, ૦૮, જિલ્લા સેવા સદન, મોડાસા, જિ. અરવલ્લી | ૦૨૭૭૪ ૨૫૦૧૯૧ +૯૧ ૦૨૭૬૨ ૨૪૦૯૨૧ ફેક્સ +૯૧ ૨૭૬૨ ૨૪૦૯૨૧ |
| ૩૦ | મોરબી | જિલ્લા નાયબ નિયામક (વિ.જા.) | ૪/૮, ગ્રાઉન્ડ ફ્લોર, જિલ્લા સેવા સદન, મોરબી. | મો. +૯૧ ૯૪૨૬૭ ૩૧૭૬૯ |
| ૩૧ | છોટાઉદેપુર | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | જુની આદિવાસી અતિથિગૃહ, સીવીલ હોસ્પીટલની બાજુમાં, જિ. છોટાઉદેપુર. | +૯૧ ૦૨૬૪૦ ૨૨૪૩૦૮ ફેક્સ +૯૧ ૨૬૪૨ ૨૨૪૩૦૮ |
| ૩૨ | બોટાદ | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) | એ/૫,૨૧-૨૨ બીજો માળ, જિલ્લા સેવા સદન, ખસ રોડ, મુ.બોટાદ જિ. બોટાદ | મો.૯૯૨૫૨ ૫૯૦૫૬ ફેક્સ +૯૧ ૨૭૮ ૨૪૨૨૬૯૬ |

**ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ**

**બ્લોક નં.૨,૭મો માળ, ડી–૨ વિંગ , કર્મયોગી ભવન સે–૧૦,ગાંધીનગર**

**૩૮૨૦૧૦,ફોન નં.૨૩૨૫૮૬૮૫/૮૮**

---

**ગુજરાત બિનઅનામત શૈક્ષણીક અને આર્થીક વિકાસ નિગમની (૧) વિદેશ અભ્યાસ લોન,(૨) શૈક્ષણીક અભ્યાસ લોન,(3) સ્વરોજગારી લોન યોજના (૪) તબીબી સ્નાતક વકીલ ટેકનીકલ સ્નાતક માટે બેંક ધિરાણ સામે વ્યાજ સહાય (૫) કોર્મશીયલ પાયલોટ તાલીમ યોજના અંતર્ગત જીલ્લા અમલીકરણ અધિકારીશ્રીઓની કચેરીઓના નામ,સરનામાં નીચે મુજબ છે.લોન માટેની તમામ અરજીઓ જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે હાર્ડકોપીમાં નીચે મુજબની જે તે જિલ્લા કચેરીઓમાં મોકલી આપવાની રહેશે. અન્યથા આપની અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.**

| ક્રમ | અધિકારીનો હોદ્દો | જિલ્લાનું નામ | સરનામું | ટેલિફોન/ મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| ૧. | જીલ્લામેનેજરશ્રી | અમદાવાદ | કોર્પોરેશન,બ્લોક-એ,બીજોમાળ,બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ | ૦૭૯-૨૫૫૦૮૮૩૭ ૯૮૯૮૫૧૩૮૫૯ |
| ૨. | જીલ્લા મેનેજરશ્રી | અમરેલી | બહુમાળીભવન,બ્લોક-સી/૩,રૂમ નં.૩૧૦,અમરેલી. | ૦૨૭૯૨-૨૨૩૨૯૨ ૯૪૨૬૪૩૭૭૬૪ |
| ૩. | જીલ્લા મેનેજરશ્રી | બનાસકાંઠા | ઢુંઢીયાવાડી,જજનાબંગલા પાછળ,કોઝી સિનેમા, પાસે,પાલનપુર,જિ,બનાસકાંઠા. | ૦૨૭૪૨-૨૫૩૧૦૮ ૯૪૨૬૦૨૯૯૯૨ |
| ૪. | જીલ્લા મેનેજરશ્રી | ભરૂચ,નર્મદા | યુનિટનં.૮,એ-૮ સુપર માર્કેટ,રૂમ નં.૪,સ્ટેશનરોડ, ભરૂચ. | ૦૨૬૪૨-૨૬૦૭૯૩ ૯૯૧૩૭૭૪૩૦૫ |
| ૫. | જીલ્લા મેનેજરશ્રી | ભાવનગર,બોટાદ | બહુમાળીભવન. એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે. ભાવનગર. | ૦૨૭૮-૨૫૧૦૪૭૪ ૯૩૭૪૬૦૬૫૦૯ |
| ૬. | જીલ્લા મેનેજરશ્રી | ગાંધીનગર | સહયોગસંકુલ,સી-બ્લોક,પહેલો માળ,સેક્ટર-૧૧, ૧૧,ગાધીંનગર. | ૦૭૯-૨૩૨૩૧૯૭૦ |
| ૭. | જીલ્લા મેનેજરશ્રી | જામનગર,દેવભુમીદ્વારકા | જિલ્લાસેવા સદન-૪ રૂમ નં.૩૨, જામનગર. | ૦૨૮૮-૨૫૭૨૦૬૦ ૯૮૨૪૩૩૫૯૭૫ |
| ૮. | જીલ્લા મેનેજરશ્રી | જૂનાગઢ,ગીર સોમનાથ,પોરબંદર | કોટેચાકોમર્શીયલ સેન્ટર,જયશ્રી રોડ,જુનાગઢ. | ૦૨૮૫-૨૬૨૫૪૦૧ ૯૮૭૯૭૯૮૩૯૮ |
| ૯. | જીલ્લા મેનેજરશ્રી | કચ્છ | ૧૨૨બહુમાળી ભવન ,ભોયતળિયે, ભુજ-કચ્છ. | ૦૨૮૩૨-૨૨૩૦૧૩ ૯૮૨૫૦૭૬૭૫૩ |
| ૧૦. | જીલ્લા મેનેજરશ્રી | ખેડા,આણંદ | બહુમાળીબિલ્ડિંગ,સી-બ્લોક,ત્રીજો માળ, સરદાર પટેલ ભવન,નડિયાદ,જિ.ખેડા. | ૦૨૬૮-૨૫૬૭૫૩૨ ૯૪૨૭૫૪૫૨૫૭ |

| ક્રમ | અધિકારીનો હોદ્દો | જિલ્લાનું નામ | સરનામું | ટેલિફોન/ મોબાઇલ નંબર |
|---|---|---|---|---|
| ૧૧. | જીલ્લા મેનેજરશ્રી | મહેસાણા,પાટણ | બહુમાળીભવન,બ્લોક નં-૨ પહેલો માળ, રાજમહેલ રોડ,મહેસાણા. | ૦૨૭૬૨-૨૨૧૯૩૬<br>૯૮૭૯૫૦૦૪૧૮ |
| ૧૨. | જીલ્લા મેનેજરશ્રી | પંચમહાલ,દાહોદ મહીસાગર | જિલ્લાસેવાસદન-૨,પ્રથમ માળ,પેનલ નં.૪૮થી૫૦, ક્લેક્ટર કચેરી કંમ્પાઉન્ડ માંગોધરા,જી,પંચમહાલ.પી-૩૮૯૦૦૧. | ૦૨૬૭૨-૨૪૦૯૮૪<br>૯૦૯૯૩૩૮૫૮૨ |
| ૧૩. | જીલ્લા મેનેજરશ્રી | રાજકોટ,મોરબી | જિલ્લા મેનેજર શ્રી,જિલ્લા સેવા સદન -૩,બ્લોકનં-૧, પ્રથમ માળ,રાજકોટ | ૦૨૮૧-૨૪૬૬૪૨૧<br>૯૪૨૭૨૧૪૩૧૨ |
| ૧૪. | જીલ્લા મેનેજરશ્રી | અરવલ્લી,સાબરકાંઠા | બહુમાળીભવન બ્લોક નં. એ/૩૦૭ ત્રીજોમાળ, હિંમતનગર. જિ,સાબરકાંઠા. | ૦૨૭૭૦-૨૪૯૧૪૮<br>૯૪૨૬૩૪૧૮૭૩ |
| ૧૫. | જીલ્લા મેનેજરશ્રી | સુરત,તાપી | કોર્પોરેશન,બહુમાળીભવન,સી-બ્લોક, આઠમો માળ, નાનપુરા,સુરત. | ૦૨૬૧૨૪૭૮૬૬૬<br>૯૯૨૪૭૧૧૬૬૪ |
| ૧૬. | જીલ્લા મેનેજરશ્રી | સુરેંદ્રનગર | બહુમાળીભવન,એ-૨૦૧,ખેરાળી રોડ, રાજકોટ હાઈવે, મુ.રતનપર, પો.જોરાવરનગર,જિ..સુરેન્દ્રનગર. | ૦૨૭૫૨-૨૮૪૧૫૨<br>૯૫૫૮૭૦૦૬૭૯ |
| ૧૭. | જીલ્લા મેનેજરશ્રી | વડોદરા,છોટા ઉદેપુર | નર્મદાભુવન,બીજો માળ,સી-બ્લોક,જેલ રોડ, વડોદરા. | ૦૨૬૫-૨૪૨૬૦૯૬<br>૯૫૮૬૭૯૪૮૦૮ |
| ૧૮. | જીલ્લા મેનેજરશ્રી | વલસાડ,નવસારી ડાંગ | જીલ્લાસેવા સદન -૨, ભોંયતળીયે, તિથળ રોડ, વલસાડ | ૯૯૨૪૭૧૧૬૬૪ |

# તમામ વર્ગોને (બિનઅનામત વર્ગ સહિત) ને લાગુ પડતી યોજનાઓ

**નોંધ :** માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ યોજનાઓની માહિતી આપની સમજ / જાણકારી માટે છે. તેમ છતાં કોઈ માહિતી દોષ અથવા અર્થઘટનને લગતો પ્રશ્ન હોય તો તે અંગે સરકારની જે તે યોજનાની જોગવાઈઓ અંગે ના સંબંધિત ઠરાવો આખરી ગણાશે. તેમજ વખતો વખત સરકાર દ્વારા જે ફેરફારો કરવામાં તેને આધીન રહેશે. યોજનાઓની વિગતવાર જાણકારી માટે જેતે વિભાગોનો સંપર્ક કરવો.

## ૧ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)

સરકારશ્રીની નોડલ એજન્સી તરીકે **નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત (KCG)અમદાવાદ** મારફત કામગીરી કરવામાં આવે છે.

- મુખ્યમંત્રી યુવા સવાવંબન યોજના અમલીકણ સેલ,નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત (KCG),PRL સામે, એલ.ડી. ઇજનેરી કોલેજ સામે, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૧૫. ફોન નં. ૦૭૯ ૨૬૩૦૨૦૬૭
- Help line No. ૦૭૯–૨૬૫૬૬૦૦૦, ૭૦૪૩૩૩૩૧૮૧Website: https://mysy.guj.nic.in/

**પ્રાથમિક શિક્ષણ :**

સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મફત ગણવેશ / ગણવેશ સહાય, મફત પાઠ્યપુસ્તકો અને શિષ્યવૃત્તિના આપવામાં આવતા લાભની માફક જ બિન અનામત વર્ગના તમામ વિદ્યાર્થીઓને પણ મફત ગણવેશ પાઠ્યપુસ્તકો અને શિષ્યવૃત્તિના લાભ આપવામાં આવશે. હવેથી આ લાભ સરકારી અને અનુદાનિત પ્રાથિમક શાળામાં અભ્યાસ કરતા તમામ વર્ગોના વિદ્યાર્થીઓને તેઓના વાલી/માતા–પિતાની આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય એકસમાન ધોરણે મળવાપાત્ર થશે.

**માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ**

સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯ થી ધોરણ–૧૨ માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને તેઓના વાલી/માતા–પિતાની વાર્ષિક આવકમર્યાદા ધ્યાને લીધા સિવાય મફત પાઠ્યપુસ્તકો મળવાપાત્ર થશે.

**ઉચ્ચ શિક્ષણ (૧) સહાય મેળવવાની પાત્રતાના ધોરણો. આવક મર્યાદા : રૂા૬ લાખ સુધી**

| ક્રમ | કક્ષા | સહાય મેળવાની પાત્રતા |
|---|---|---|
| ૧ | **ધો.૧૦ અને ૧૨ પછીના ડિપ્લોમાં કક્ષાનાઅભ્યાસક્રમો** (ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ અથવા અન્ય માન્ય બોર્ડ) | ધો.–૧૦ અને ધો.૧૨ ની (વિ.પ્ર. /સા.પ્ર) ની પરીક્ષામાં **૮૦ કે તેથી વધુ ઓવરઓલ પરસેન્ટાઇલ** મેળવનાર વિદ્યાર્થીને લાભ |
| ૨ | **D2D**ડિપ્લોમાં થી ડિગ્રી (સ્નાતક) કક્ષાના અભ્યાસક્રમો | ગુ.રા. માં આવેલ યુનિ.માંથી ડીપ્લોમાં અભ્યાસક્રમની પરીક્ષા **૬૫ ટકા** કે તેથી વધુ ટકા અથવા **D2Dના પ્રવેશ નિયમો મુજબ ૬૫ ટકા** કે તેથી વધુ મેરીટ માર્કસ |
| ૨ | **સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો** (ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ અથવા અન્ય માન્ય બોર્ડ) | ધો–૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની **પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ ઓવરઓલ પરસેન્ટાઇલ તેમજ સાયન્સના વિષયોમાં (PCM/PCB)થીયરીમાં ૮૦ કે તેથી વધુ પરસેન્ટાઇલ** મેળવાનાર વિદ્યાર્થીને લાભ |

**(૨) ઉચ્ચ શિક્ષણ માટે સહાયની રકમ : (અ) ટ્યુશન ફી સહાય**

| ક્રમ | કક્ષા | સહાય મેળવાની પાત્રતા (વાર્ષિક) |
|---|---|---|
| ૧ | **મેડીકલ અને ડેન્ટલ**<br>સરકાર માન્ય સંસ્થાના સ્વ–નિર્ભર અભ્યાસક્રમો | ટ્યુશન ફીની **૫૦%** રકમ **અથવા રૂા.૨,૦૦,૦૦૦/-** લાખ તે બે પૈકી જે ઓછુ હોય તેટલી સહાય દર વર્ષે |
| | શિક્ષણ વિભાગ ઠરાવ તા.૧૯–૦૭–૨૦૧૭ મુજબ **મેડીકલમાં વિદ્યાર્થીનીઓને** બાકીની **૫૦%**ટ્યુશન ફી સહાય **માન.મુખ્યમંત્રી કન્યા કેળવણી નીધી** હેઠળ મળશે. | |

| ક્રમ | કક્ષા | સહાય મેળવાની પાત્રતા (વાર્ષિક) |
|---|---|---|
| ૨ | **સ્નાતક કક્ષાના પ્રોફેશનલ કોર્સીસ** જેવા કે ઈજનેર/ ટેકનોલોજી, નર્સીંગ, ફીઝીયોથેરાપી, પેરા–મેડીકલ, વેટરનરી જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વ–નિર્ભર અભ્યાસક્રમો | ટ્યુશન ફીની **૫૦%** રકમ **અથવા** **રૂ.૫૦,૦૦૦/-** તે બે પૈકી જે ઓછુ હોય તેટલી સહાય દર વર્ષે |
| ૩ | **સ્નાતક કક્ષાના પ્રોફેશનલ કોર્સીસ** જેવા કે B.Sc., B.Com., B.A., BBA, BCA, જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વ–નિર્ભર અભ્યાસક્રમો | ટ્યુશન ફીની **૫૦%** રકમ **અથવા** **રૂ.૧૦,૦૦૦/-**તે બે પૈકી જે ઓછુ હોય તેટલી સહાય દર વર્ષે |
| ૪ | **ધો–૧૦ પછીના ડીપ્લોમાં કોર્સીસ** સરકાર માન્ય સંસ્થાના સ્વ–નિર્ભર અભ્યાસક્રમો | ટ્યુશન ફીની **૫૦%**રકમ **અથવા રૂ.૨૫,૦૦૦/-** તે બે પૈકી જે ઓછુ હોય તેટલી સહાય દર વર્ષે |
| ૫ | સરકારી મેડીકલ, ડેન્ટલ, ઈજનેરી કોલેજેમાં જનરલ બેઠકો પર અનામત કક્ષાના વિદ્યાર્થીઓ જે સંખ્યામાં પ્રવેશ મેળવે અને તેને કાણે જનરલ કેટેગરીના જે સંખ્યામાં વિદ્યાર્થી ઓને સ્થળાંતર કરવું પડે અને છેલ્લે જો કોઈ પણ સરકારી કોલોજમાં તેઓને પ્રવેશ ન મળે અને ફરજિયાતપણે તેઓને સ્વ–નિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો આવા આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સહાય | પ્રવેશ મેળવેલ **સ્વ–નિર્ભર કોલેજ અને સરકારી કોલેજ વચ્ચેની ટ્યુશન ફીના તફાવતની રકમ** સહાય પેટે મળવાપાત્ર થશે. |

(બ) **રહેવા જમવા પેટે સહાય**

- વર્ષના **૧૦ મહિના માટે દર મહિને** રહેવા–જમવાની સહાય પેટે **રૂ.૧૨૦૦** ની સહાય
- સહાયની રકમ ડાયરેક્ટ બેનીફિટ ટ્રાન્સફર (DBT)હેઠળ **વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં જમા થશે.**

(ક) **સાધન–પુસ્તક સહાય**માત્ર એક જ વખત મળવાપાત્ર રહેશે.

| ક્રમ | કક્ષા | સહાય મેળવાની પાત્રતા |
|---|---|---|
| ૧ | **મેડીકલ અને ડેન્ટલ** સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો પ્રથમ વર્ષે | રૂ.૧૦,૦૦૦/- સહાય |
| ૨ | **ઈજનેર/ ટેકનોલોજી/ફાર્મસી / આર્કીટેકચર** સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોપ્રથમ વર્ષે | રૂ.૫,૦૦૦/- સહાય |
| ૩ | **ડીપ્લોમાં કોર્સીસ** અભ્યાસક્રમો પ્રથમ વર્ષે | રૂ.૩,૦૦૦/- સહાય |

## ૨ મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર (RTE)

https://rte.orpgujarat.com

**Helpline No.079 39276000**

**પ્રસ્તાવના :–**

બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણનો નિયમ – 2009 અને તથા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ અધિકારના નિયમ – 2012 માં નબળા અને વંચિત જૂથના બાળકોને બિન અનુદાનિત ખાનગી **પ્રાથમિક શાળામાં 25 ટકા પ્રવેશ** આપવા આવે છે.

આ યોજના હેઠળ નબળા અને વંચિત જૂથોના **બાળકોને ધોરણ–૧ માં વિના મૂલ્યે પ્રવેશ માટે પ્રવેશનો અગ્રતા ક્રમ** નીચે મુજબ રહેશે :–

1. અનાથ બાળક
2. સંભાળ અને સંરક્ષણ ની જરુરિયાતવાળુ બાળક
3. બાલગૃહના બાળકો
4. બાલ મજૂરી / સ્થળાંતરીત મજૂરના બાળકો
5. મંદબુદ્ધિ / સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો , ખાસ જરુરિયાતવાળા બાળકો / શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા – 2016 ની કલમ 34 (1) ,માં દર્શાવ્યા મુજબના તમામ દિવ્યાંગ બાળકો.

6. HIV થી અસરગ્રસ્ત બાળકો.
7. ફરજ દરમિયાન શહિદ થયેલ લશ્કરી / અર્ધલશ્કરી / પોલીસદળના જવાનોના બાળકો.
8. 0 થી 20 આંક ધરાવતાં તમામ કેટેગરી (SC / ST / SEBC , જનરલ તથા અન્ય ) ના BPL કુટુંબના બાળકો
9. અનુસૂચિત જાતિ (SC) અને અનુશૂચિત જન જાતિ (ST) કેટેગરીના બાળકો .
10. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / અન્ય પછાતવર્ગ / વિચરતી અને વિમૂક્ત જાતિના બાળકો.સદર કેટેગરીમાં વિચરતી અને વિમૂકત જાતિના બાળકોને પ્રવેશમાં પ્રથમ અગ્રતા આપવાની રહેશે .
11. જનરલ કેટેગરી / બિન અનામત વર્ગના બાળકો.

## 3. શિષ્યવૃતિ- શિક્ષણ વિભાગ

www.gujarat-education.gov.in/education/

### 1 માધ્યમિક શિષ્યવૃતિ પરીક્ષા

- આ શિષ્યવૃતિનો લાભ કોને મળે ?

| એસ.સી. | એસ.ટી. | ઓ.બી.સી. | ઓપન | લઘુમતી | અન્ય |
|---|---|---|---|---|---|
| ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |

- આ શિષ્યવ્રૃતિમા આવક મર્યાદા : **આવક મર્યાદા નથી.**
- આ શિષ્યવૃતિની લાભ આપવાની જાહેરાત :અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ , સેક્ટર ૨૧, ગાંધીનગર
- **શૈક્ષણિક લાયકાત : ધોરણ 8 મા અભ્યાસ કરતા તમામ** વિદ્યાર્થીઓ
- શિષ્યવૃતિ સહાય રકમ :

  (૧) **વાર્ષિક રૂ.૧૮૦/–** (અંકે રૂપિયા એક સો એંસી પૂરા) શહેરી વિસ્તારમાં

  (૨) **છાત્રાલયોમાં રહી અભ્યાસ કરતા**વિદ્યાર્થીઓ માટે રૂ**.૧૦૦૦/–**(અંકે રૂપિયા એક હજાર પૂરા) વાર્ષિક અને **ઘરે બેઠા અભ્યાસકરતા** વિદ્યાર્થીઓ માટે **રૂ.૫૦૦/–**( અંકે રૂપિયા પાંચસો પૂરા) વાર્ષિક ( ગ્રામ્ય વિસ્તાર માટે)
- ફોર્મ મેળવવાની વિગત : જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફતે
- ફોર્મ સાથે જોડ્વાનુ જરુરી સહિત્ય:- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, માર્કશીટ્ની નકલ,ફોર્મ, ફી નો ડીડી
- શિષ્યવૃતિ વિતરણ વ્યવસ્થા :જિલ્લા શિક્ષણાધિકારી મારફતે
  - ❖ વિશેષ માહિતી માટે સંપર્ક :

    સચિવશ્રી ,રાજ્ય પરીક્ષા બોર્ડ,જિલ્લા વાંચનાલય સામે, સેક્ટર ૨૧,
    ગાંધીનગર(ઓ) ૦૭૯–૨૩૨૪૮૪૬૧/૨૩૨૪૮૪૬૨

### 2. નેશનલ મિન્સ કમ–મેરીટ સ્કોલરશીપ (NMMS)

- **સ્કોલેસ્ટિક એપ્ટિટ્યુડ ટેસ્ટ**

  વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તે હેતુથી નેશનલ મિન્સ કમ મેરીટ સ્કોલરશીપ નામની યોજના સન ૨૦૦૮ –૦૯થી અમલમાં મૂકવામાં આવેલી છે.ધોરણ ૮માં સરકારી માધ્યમિક શાળાઓ ગ્રાન્ટેડ શાળાઓ અને લોકલ બોડી સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓને લાભ મળવાપાત્ર છે.
- **આ શિષ્યવૃતિનો લાભ કોને મળે ?**

| એસ.સી. | એસ.ટી. | ઓ.બી.સી. | ઓપન | લઘુમતી | અન્ય |
|---|---|---|---|---|---|
| ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |

- આ શિષ્યવૃતિ મેળવવા માટે વાલીની **આવક મર્યાદા : રૂ.૧,૫૦,૦૦૦/–**
- શિષ્યવૃતિનો લાભ આપવાની જાહેરાત : રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ,[NCERT]ન્યુ દિલ્હી કરે છે

- જાહેરાતનુ માધ્યમ : અખબાર તથા "માધ્યમિક શિક્ષણ પરીક્ષણ " શૈક્ષણિક સામાચિક રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા મે–જૂન મહિનામાં જાહેરનામું બહાર પાડીને અરજીઓ ડેઈઓશ્રી મારફતે મંગાવે છે.
- **શૈક્ષણિક લાયકાત : ધોરણ ૮માં ભણતા તમામ વિદ્યાર્થીઓ**
  ધોરણ ૭માં **જનરલ** માટે –**લઘુતમ ૫૫% ગુણાંકન** મેળવેલ હોવુ જોઈએ.
- શિષ્યવૃતિની સહાય રકમ : **વાર્ષિક રૂ. ૬૦૦૦/– ફક્ત ધોરણ ૧૧ સુધીના અભ્યાસ માટે**
- શિષ્યવૃતિની રકમની ચૂકવણી : એન.સી.ઈ.આર.ટી.,ન્યૂ દિલ્હી તરફથી વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટ્માં સિધા જમા થશે
- ફોર્મ સાથે જોડવાનું જરૂરી સાહિત્ય :ફોટો, આવકનું –પ્રમાણપત્ર, ગેઝેટેડ અધિકારીનું જાતિનું –પ્રમાણપત્ર, માર્કશીટની નકલ, પરીક્ષા ફીનોડીડી
- વિશેષ માહિતી માટે સંપર્ક :
  સચિવશ્રી,
  રાજ્ય પરીક્ષા બોર્ડ,જિલ્લા વાંચનાલય સામે,સે. 21, ગાંધીનગર.
  (O) 079 – 23248461,23248462

## 3. પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા

- આ શિષ્યવૃત્તિનો લાભ કોને મળે ?

| એસ.સી. | એસ.ટી. | ઓ.બી.સી. | ઓપન | લઘુમતી | અન્ય |
|---|---|---|---|---|---|
| ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |

- આવકમર્યાદા : **આવકમર્યાદા નથી.**
- આ શિષ્યવૃત્તિનો લાભ આપવાની જાહેરાત –રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા.
- જાહેરાતનું માધ્યમ : જાહેરનામાથીઅખબાર: **જૂન–જુલાઈ દરમિયાન**
- શૈક્ષણિક લાયકાત :**ધોરણ 4 પાસ વિદ્યાર્થીઓ**
- શિષ્યવૃત્તિ સહાય રકમ :પ્રાથમિક વિભાગમાં એવોર્ડની સંખ્યાની મર્યાદા મુજબ દરેક વિદ્યાર્થીને **ત્રણ વર્ષ** માટે (ધોરણ 5 થી 7સુધી) **માસિક રૂ. 10 લેખે વાર્ષિક રૂ. 120/–** શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.
- શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી :**વિદ્યાર્થીઓના ખાતામાં જમા** કરાવવામાં આવે છે.
- ફોર્મ મેળવવાની વિગત : સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરની કચેરી
- ફોર્મ સાથે જોડવાનું જરૂરી સાહિત્ય :શાળા છોડ્યાનું –પ્રમાણપત્ર / માર્કશીટની નકલ
- વિશેષ માહિતી માટે સંપર્ક :સચિવશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ, જિલ્લા વાંચનાલય સામે,સેક્ટર21,ગાંધીનગર079-23248461, 23248402

## 4. નેશનલ ટેલેન્ટ સર્ચ પરીક્ષા [N.T.S.] (રાષ્ટ્રીય પ્રતિભા શોધ પરીક્ષા)

- આ શિષ્યવૃત્તિનો લાભ કોને મળે ? - બધા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે.

| એસ.સી. | એસ.ટી. | ઓ.બી.સી. | ઓપન | લઘુમતી | અન્ય |
|---|---|---|---|---|---|
| ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |

- વાલીની આવકમર્યાદા : **આવકમર્યાદા નથી.**
- જાહેરાતનું માધ્યમ : **અખબાર તથા "માધ્યમિકશિક્ષણપરીક્ષણઅંક'**
  : **મે–જૂન માસ દરમિયાન** જાહેરનામું બહાર પાડે છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા માહિતી ખાતા મારફત મુખ્ય છાપાંઓમાં **મે–જૂન મહિનામાં** જાહેરાતપણ આપવામાં આવે છે.

- **શૈક્ષણિક લાયકાત :ધોરણ 8માં ભણતા તમામ વિદ્યાર્થીઓ** પરીક્ષામાં બેસી શકે છે.
- શિષ્યવૃત્તિ સહાય રકમ **:વાર્ષિક રૂ. 6000/-** (અંકે રૂપિયા છ હજાર પૂરા) **પ્રતિમાસ** રૂ.**500/-**
- ફોર્મ ભરી પરત કરવાની સમયમર્યાદા **: 31મી ઓગસ્ટ** (જાહેરનામા મુજબ)
- ફોર્મ સાથે જોડવાનું જરૂરી સાહિત્ય :ફોટો, માર્કશીટની નકલ, ફોર્મ, ફીનો ડીડી
- વિશેષ માહિતી માટે સંપર્ક :સચિવશ્રીરાજ્ય પરીક્ષા બોડ, સેક્ટર 21, જિલ્લા વાંચનાલય સામે, ગાંધીનગર(O) 079 23248461, 23248462

## ૪ વિકલાંગ વિદ્યાર્થીઓને વિકલાંગ શિષ્યવૃત્તિ આપવાની યોજના

https://sje.gujarat.gov.in

**લાભ કોને મળે**

ધો. ૧ થી ૭ માં ભણતા વિકલાંગ વિદ્યાર્થીઓ અને

ધો. ૮ માં કે તેથી વધુ અભ્યાસ કરતાં વિકલાંગ વિદ્યાર્થીઓ

**કેટલો ભાલ મળે**

ધો. ૧ થી ૭માં ભણતાં વિકલાંગ વિદ્યાથીઓને રૂા. ૧૦૦૦/– વાર્ષિક

ધો.૮ માં કે તેથી વધુ અભ્યાસ કરતા વિકલાંગ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને રૂા. ૧૫૦૦/– કે તેથી વધુમાં વધું રૂા. ૫૦૦૦– સુધી

**લાભ કયાંથી મળે**

જે તે પ્રાથમિક શાળા અથવા કોલેજના આચાર્ય દ્વારા

**કયા કયા પૂરાવા જોઇએ**

શાળામાં ભણતાં હોય તેનો પૂરાવો

વિકલાંગતાનું પ્રમાણપત્ર અને ઓળખપત્ર

**નોંધ :** ધો. થી ૭ માં પ્રવેશ મેળવનારા અને ભણતા વિકલાંગ વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓને વિકલાંગતા અનુરૂપ શૈક્ષણિક કીટ અને વિશિષ્ટ શિક્ષકનો સહયોગ મળી શકે છે.

| પ | અટલ પેન્શન યોજના<br>નોકરી વગર પણ તમે બચત થકી પેન્શન મેળવી શકો તેવી અટલ પેન્શન યોજના |
|---|---|

**યોગ્યતા/પાત્રતા :** ભારતનો કોઈપણ નાગરિક અટલ પેન્શન યોજનામાં જોડઈ શકે છે જેની યોગ્યતા માટેના માપદંડ નીચે મુજબ છે.

(૧) **અરજદારની ઉંમર ૧૮ થી ૪૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ.**

(૨) તેમનું બેંકમાં બચત ખાતું હોવું જોઈએ / ખોલાવવું જોઈએ.

**નોંધ :** સંભવિત અરજદાર રજીસ્ટ્રેશન સમયે બેંકને આધાર અને મોબાઈલ નંબર આપી શકે છે. જેનાથી અરજદારને અટલ પેન્શન યોજના ખાતાની નિયતકાલિક માહિતી મેળવી શકે છે. જો કે,આધાર નોંધણી માટે ફરજિયાત નથી.

**ફાયદા :** પેન્શન મેળવતા લોકોને તેમના નિવૃત્તિકાળમાં માસિક આવક પૂરી પાડે છે. પેન્શનની જરુરિયાત :

(૧) ઉંમર વધવાની સાથે આવક કમાવવાની ક્ષમતામાં ઘટાડો.

(૨) નવા વિભકત પરિવાર બનતા – આવક ધરાવતા સભ્યોનું સ્થળાંતર.

(૩) **૬૦ વર્ષની વય બાદ રૂા. ૧૦૦૦ થી ૫૦૦૦ સુધી માસિક પેન્શન મેળવી શકાય છે.** આ માટે લાભાર્થીઓ રૂા.૪૨/– થી રૂા.૧૪૫૪– સુધી ઉંમર આધારીત છ માસિક, ત્રિમાસિક કે માસિક ફાળો ભરવાનો રહે છે.

**કાર્ય પદ્ધતિ :**

(૧) જે બેંકમાં બચત ખાતું ધરાવતા હોય તે બેંક શાખાનો સંપર્ક કરવો અથવા જો અરજદારનું ખાતું ન હોય તો બચત ખાતું ખોલાવવું.

(૨) બેંક ખાતા નંબર આપી બેંકના કર્મચારીની મદદથી અટલ પેન્શન યોજનાનું નોંધણી ફોર્મ ભરવું.

(૩) આધાર/મોબાઈલ નંબર આપવો ફરજિયાત નથી, પરંતુ ફાળા સંબંધિત સંદેશા વ્યવહાર સુગમ બનાવવા તે જરૂરી છે.

(૪) માસિક/ત્રિમાસિક/છ માસિક ફાળાના ટ્રાન્સફર માટે બેંક બચત ખાતામાં જરૂરી રકમ જમા હોય તેની ખાતરી રાખવી.

**અમલીકરણ સંસ્થાઓ :** અમલીકરણ સંસ્થાઓ : પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી કરશે.

https://npscra.nsdl.co.in , www.nhfdc.nic.in(National Handicap Finanace & Development Co.)

## ૬ વૃદ્ધ પેન્શન યોજના (રાજ્ય સરકાર)

નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના

**PFMS – 079 – 23258539** **હેલ્પ લાઇન નંબર –NSAP 011 24654839**

**યોજનાનો ઉદ્દેશ :**નિરાધાર વૃદ્ધો અને અપંગ નિરાધારોને નિભાવ માટે નાણાંકીય સહાય આપવી.

**પાત્રતાના ધોરણો :**

(૧) અરજદારની ઉંમર **૬૦ વર્ષથી વધુ** હોવી જોઈએ. **અપંગ અરજદારના કિસ્સામાં ઊંમર ૪૫ વર્ષથી વધુ અને અપંગતાનીટકાવારી ૭૫% થી વધુ હોવી જોઈએ.**

(૨) ૨૧ વર્ષેથી વધુ વયનો પૂત્ર ન હોવો જોઈએ. પુખ્ત વયનો પૂત્ર હોય પરંતુ શારીરિક, માનસિક, અપંગતા ધરાવતો કેકેન્સર, ટી. બી. જેવી ગંભીર માંદગીથી પીડાતો હોય.

(૩) **અરજદારની વાર્ષિક આવક :–**ગ્રામ્ય વિસ્તાર માટે **૪૭,૦૦૦/–** અનેશહેરી વિસ્તાર માટે રૂ.**૬૮,૦૦૦/–** થી વધુ ન હોય.

**યોજનાના ફાયદા / સહાય :–**૪૦૦/– માસિક (રાજ્ય સરકારનો ફાળો)

**પ્રક્રિયા :**તાલૂકા મામલતદારને નિયત નમૂનામાં અરજી કરવાની હોય છે.

**અમલીકરણ કરતી કચેરી / એજન્સિ / સંસ્થા :**મહેસૂલ વિભાગ હસ્તકના ૩૩ જિલ્લા કલેક્ટરશ્રી હેઠળના ૨૪૯ તાલુકા મામલતદારશ્રીઓ .

**અન્ય શરતો :**છેલ્લા ૧૦ વર્ષથી ગુજરાતમાં વસવાટ કરતો હોવો જોઈએ .

## ૭ શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ

કિશોરોને ગંભીર રોગો સામે મદદ કરતી બાળ સ્વાસ્થ્ય યોજના

www.nrhm.gujarat.gov.in Phone: 079-23253299

https://rbsk.gov.in/RBSKLive/ Email: -md-nrhm@gujarat.gov.in

**યોજનાના લાભાર્થની પાત્રતાનાં માપદંડ**

- નવજાત શિશુથી ૧૪ વર્ષના તમામ બાળકો
- પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ૧૮ વર્ષ સુધીના વિધાર્થીઓ , મદ્રેસા અને ચિલ્ડ્રન હોમના બાળકો

**યોજના અંતગત સહાય / લાભ**

- આરોગ્ય તપાસ અને સારવાર
- સંદર્ભસેવા
- વિના મૂલ્યે ચશ્મા વિતરણ
- કેન્સર , હૃદય તેમજ કિડની જેવા ગંભીર રોગની કિડની પ્રત્યારોપણ સહિતની સારવાર
- લીવર ટ્રાન્સપ્લાન્ટ, કોકલીપર ઈમ્પ્લાન્ટ અને ક્લબફૂટની સારવાર

**યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ**

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય તપાસ અને સારવાર આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવે છે. વધુ સારવારની જરૂર જણાય તો સી. એચ. સી. / હોસ્પિટલમાં સંદર્ભ સેવા આપવામાં આવે છે. જેનું સંદર્ભકાર્ડ તબીબિ અધિકારી દ્વારા ભરી આપવામાઆવે છે. હૃદય, કિડની જેવી ગંભીર બિમારીવાળા બાળકોને રાજ્યની એપેક્ષ હોસ્પિટલમાં વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે.

**યોજનાનો લાભ ક્યાંથી મળશે**

નજીકના સરકારી દવાખાના, પ્રા. આ. કેન્દ્ર, સા. આ . કેન્દ્ર , અર્બન હેલ્થ સેન્ટર અને જનરલ હોસ્પિટલ

## ૮ રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ

વાહકજન્ય રોગો સામે દવાયુકત મચ્છદાની માટેની અનોખી યોજના
www.nrhm.gujarat.gov.in

**યોજનાનું નામ / પ્રકાર**

રાષ્ટ્રીય વાહક્જન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓને જંતુનાશક દવા ચૂક્ત મચ્છરદાની પૂરી પાડવી.

**યોજનાના લાભાર્થની પાત્રતાનાં માપદંડ :** મેલેરીયા માટે સંવેદનશીલ વિસ્તારોમાં સમાવેશ પામતા ગામના લાભાર્થી કુટુંબો

**યોજના અંતગત સહાય / લાભ :** કુટુંબ દીઠ ૨.૫ વ્યકિત માટે એક મચ્છરદાની પૂરી પાડવી.

**યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ**

મેલેરીયા માટેના જોખમી વિસ્તારોમાં સમાવેશ પામતા લાભાર્થી કુટુંબોએ આરોગ્ય કર્મચારીનો સંપક કરવો.

**યોજનાનો લાભ ક્યાંથી મળશે :** પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી ગ્રામ્ય કક્ષાના આરોગ્ય કર્મચારી મારફતે

## ૯ મુખ્યમંત્રી અમૃતમ "માં" યોજના

**www.magujarat.com**

- ગરીબ રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યકિત ) ને ગંભીર બિમારીઓ માટે કેશલેશ સારવાર મળી રહે અને આર્થિક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં મધ્યમ વર્ગના પરિવારને મદદરૂપ થવાના હેતુથી
  - આવક મર્યાદા:કુટુંબની વાર્ષિકઆવક **રૂ. ૪.૦૦ લાખ**

## ૧૦ ચિરંજીવી યોજના

મહિલા અને બાળ વિકાસની યોજનાઓ
https://www.nhp.gov.in/

**લાભ કોને મળે**

આ યોજનામાં ગરીબી રેખા હેઠળના (બીપીએલ કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસૂતા બહેનોતથા ગરીબી રેખા હેઠળ ઉપરની (એપીએલ કાર્ડ ધરાવતી), પરંતુ આવક વેરો નભરતી હોય તેવી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કુટુંબોની પ્રસૂતા બહેનોનેલાભ આપવામાં આવે છે. જે લાભાર્થી પાસે બીપીએલ કાર્ડ ઉપલબ્ધ ન હોય તેમણેતેઓના વિસ્તારના તલાટી–કમ–મંત્રી, સરપંચ, મામલતદાર કે મુખ્ય અધિકારી પાસેથીઆવકનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

**કેટલો લાભ મળે**

આ યોજના હેઠળ પ્રસૂતા બહેનો, સરકાર દ્વારા નક્કી કરાયેલા સરકારી અને મંજૂર થયેલા ખાનગી દવાખાનામાં વિનામૂલ્યે પ્રસૂતિ કરાવી શકે છે. દવાખાનામાં દાખલ થનાર પ્રસૂતાએ દવાખાનામાં કોઇ પણ રકમ ચૂકવવાની હોતી નથી. એટલું જ નહી, પણ સારવાર માટેની જરૂરી દવાઓ પણ ડોક્ટર જ આપશે અને તે પણ વિનામૂલ્યે. ઉપરાંત પ્રસૂતાને દવાખાને આવવાના ભાડા પેટે રૂ.૨૦૦/– ર્ડાક્ટર દ્વારા રોકડ આપવામાં આવશે.

**લાભ કયાંથી મળે**

સબ સેન્ટર, પ્રાથમિક આરોગય કેન્દ્ર , સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને સરકારે માન્યતા આપેલી ખાનગી હોસ્પિટલ

**કયા કયા પૂરાવા જોઇએ**

આ યોજનાઓનો લાભ લેવા માટે સ્ત્રી આરોગ્ય કાર્યકર (એએનએમ) પાસે ફોર્મ ભરવાનું થાય છે તેની સાથે બીપીએલ કાર્ડની નકલ અથવા આવકનો દાખલો જેવોજરૂરી દસ્તાવેજ મૂકવાનો થાય છે.

## ૧૧ આંગણવાડી

**લાભ કોને મળશે**

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને
- ૩ થી ૬ વર્ષના બાળકોને
- સગર્ભા અને ધાત્રી માતાઓને તથા કિશોરીઓને

**કેટલો લાભ મળે**

- ૬ માસથી ૩ વર્ષના બાળકો માટે, સગર્ભા અને ધાત્રી માતાઓ અને કિશોરીઓ ૧૧ થી ૧૮ વર્ષ સુધીનીને ઘરે લઇ જવા માટે ટી.એચ.આર. (ઘરે લઇજવાના અનાજ અથવા પેકેટ) આપવામાં આવે છે.
- ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડિયામાં ૫ દિવસ (સોમથી શુક્ર ) ૧૦૦ મીલી તથા સગર્ભા મહિલા અને ધાત્રી માતાઓને અઠવાડિયામાં ૨ દિવસ (બુધ અને શુક્ર) ૨૦૦ મીલી ફ્લેવર્ડ પેશ્ચુરાઇઝ દૂધ અઠવાડિયાના રજા સિવાયના દિવસોએ આપવાનું રહેશે.
- આંગણવાડીમાં ૩ થી ૬ વર્ષના બાળકોને અપાતા સવારના ગરમ નાસ્તા માટે મેનું દિવસ પ્રમાણે નીચે મુજબ છે. (વાનગી માટે કાચી સામગ્રી ૫૦–૬૦ ગ્રામ)

| ક્રમ | દિવસ | સવારનો ગરમ નાસ્તો | પ્રતિ લાભાર્થી પ્રતિ દવસ ખાદ્ય સામગ્રીનું પ્રમાણ (ગ્રા) | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ઘઉં | ચોખા | તુવેર દાળ | તેલ | ગોળ | સીંગદાણા/તલ |
| ૧ | સોમવાર | સુખડી | ૩૦ | ૦ | ૦ | ૫ | ૧૦ | ૫ |
| ૨ | મંગળવાર | શાકભાઇ ઉમેરીને વઘારેલી ખીચડી (શાક ૧૦ ગ્રામ બાળકદીઠ) | ૦ | ૩૦ | ૨૦ | ૫ | ૦ | ૫ |
| ૩ | બુધવાર | શીરો | ૩૦ | ૦ | ૦ | ૫ | ૧૦ | ૫ |
| ૪ | ગુરૂવાર | લીલી ભાજીના વઘારેલા મૂઠીયા | ૩૦ | ૦ | ૦ | ૫ | ૧૦ | ૫ |
| ૫ | શૂક્રવાર | શીરો / સુખડી | ૩૦ | ૦ | ૦ | ૫ | ૧૦ | ૫ |
| ૬ | શનિવાર | ગળ્યા પૂડલાં / ગળી ભાખરી | ૩૦ | ૦ | ૦ | ૫ | ૧૦ | ૫ |

- આંગણવાડીમાં ૩ થી ૬ વર્ષના બાળકોને અપાતા બપોરના ગરમ ભોજન માટે મેનું દિવસ પ્રમાણે નીચે મુજબ છે. (વાનગી માટે કાચી ખાદ્યસામગ્રી ૮૦–૯૦ ગ્રામ)

| ક્રમ | દિવસ | બપોરનો ગરમ નાસ્તો | પ્રતિ લાભાર્થી પ્રતિ દવસ ખાદ્ય સામગ્રીનું પ્રમાણ (ગ્રા) |
|---|---|---|---|
| ૧ | સોમવાર | લીલીભાજી/ દૂધી ઉમેરીને મસાલાવાળી ભાખરી / થેપલા (૧૦ ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન .મેરી) અને તુવેરદાળ લચકો | ઘઉંનો લોટ ૫૦ ગ્રામ, લીલીભાજી / દૂધી ૧૦ ગ્રામ, તેલ ૮ ગ્રામ, તુવેર દાળ ૨૦ ગ્રામની માત્રા મુજબ |
| ૨ | મંગળવાર | લીલીભાજીના વઘારેલા મુઠીયા (૧૦ ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી) | ઘઉંનો લોટ ૫૦ ગ્રામ, લીલીભાજી ૧૦ ગ્રામ તેલ ૮ ગ્રામ, ગોળ ૧૦ ગ્રામની માત્રા મુજબ |
| ૩ | બુધવાર | ભાત, તુવેર વાળ લચકો (૧૦ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરીને ) અને શાક | ચોખા ૫૦ ગ્રામ, તુવેર દાળ ૨૦ ગ્રામ, શાક ૧૦ ગ્રામ, તેલ ૮ ગ્રામની માત્રા મુજબ |
| ૪ | ગુરૂવાર | શાકભાજી ઉમેરેલો પુલાવ (૧૦ ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી) અને વઘારેલા ચણા | ચોખા ૫૦ ગ્રામ, ચણા ૨૦ ગ્રામ, શાક ૧૦ ગ્રામ, તેલ ૮ ગ્રામની માત્રા મુજબ |
| ૫ | શૂક્રવાર | દૂધીના ઢેબરા (૧૦ ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરીને) અને વઘારેલા ચણા | ઘઉંનો લોટ ૫૦ ગ્રામ, ચણા ૨૦ ગ્રામ, તેલ ૮ ગ્રામ, દૂધી ૧૦ ગ્રામની માત્રા મુજબ |
| ૬ | શનિવાર | વઘારેલા ઢોકળા અથવા ઇડલી (૧૦ ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરીને) | ચોખા ૫૦ ગ્રામ, ચણાની દાળ ૨૦ ગ્રામ, શાક ૧૦ ગ્રામ, તેલ ૮ ગ્રામની માત્રા મુજબ |

**લાભ કયાંથી મળે :**જેતે આંગણવાડીમાંથી

**કયા કયા પૂરાવા જોઇએ :** બાળક, સગર્ભામાતા, ધાત્રી માતા અને કિશોરીઓ આંગણવાડીમાં નોંધાયેલા હોવા જોઇએ.

## ૧૨ મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાંથી સહાય

https://revenuedepartment.gujarat.gov.in/cm-relief-fund

કિડની/હૃદય/કેન્સર/લીવરના રોગની સારવાર/ઓપરેશનના ખર્ચને પહોંચી વળવા માટે માન. મુખ્યમંત્રીશ્રીનારાહતફંડમાંથી સહાય માટે નીચેના કાગળો રજૂ કરવાના હોય છે.

(૧) **અરજીઃ** માન. મુખ્યમંત્રીશ્રીને સંબોધન કરતી સહાય માટેની અરજી. (આપે કરેલ અરજીમાં સહી નથી.)

(૨) **કેસપેપર્સઃ** હોસ્પિટલના ઓ.પી.ડી. કેસ પેપર્સ તથા તબીબી કેસનું રેકર્ડ/વૈદકીય નોંધ પત્રિકાની સંપૂર્ણ ઝેરોક્ષ નકલ.

(૩) **ખર્ચનો અંદાજઃ** હોસ્પિટલએ આપેલ સારવાર/ઓપરેશન ખર્ચનો અંદાજ અસલમાં રજૂ કરવો.

**હૃદયના ઓપરેશન માટે માન્ય હોસ્પિટલઃ**

(૧) યુ. એન. મહેતા ઇન્સ્ટિટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર, સિવિલ હોસિપટલ કેમ્પસ, અમદાવાદ–૩૮૦ ૦૧૬

(૨) શેઠ વાડીલાલ સારાભાઇ જનરલ હોસ્પિટલ, એલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦૦૦૦ ૦૦૦૬

(૩) ધરમસિંહ દેસાઇ મેમોરીયલ મેથોડીસ્ટ ઇન્સ્ટિટયુટ ઓફ કાર્ડિયોલોજી, મીશન રોડ, નડિયાદ–૩૮૭ ૦૦૨

(૪) શ્રી બી. ડી. મહેતા મહાવીર હાર્ટ ઇન્સ્ટિટયુટ, શ્રી મહાવીર હેલ્થ કેમ્પસ, અઠવાગેટ, રીંગ રોડ, સુરત–૩૯૫ ૦૦૧

(૫) ઇ.એમ.ચેરીટેબલ સંચાલિત પી.પી.સવાણી હાર્ટ ઇન્સ્ટીટ્યુટ, પ્લોટ નં. ૧ થી ૮, સિધ્ધકુટીર ઇન્ડ એસ્ટેટ, ચોથો માળ, સિધ્ધકુટીર મંદિરની, બાજુમાં, વરાછા ફાયર બ્રિગેડની સામે, વરાછા રોડ, સૂરત–૬

**કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે માન્ય હોસિપિટલઃ**

(૧) ઇન્સ્ટિટયુટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, સીવીલ હોસિપટલ કેમ્પસ, અમદાવાદ–૩૮૦ ૦૧૬

(૨) મૂળજીભાઇ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલ, ડૉ. વીરેન્દ્ર દેસાઇ રોડ, નડિયાદ–૩૮૭ ૦૦૧

**કેન્સર રોગની સારવાર માટે માન્ય હોસિપટલઃ**

(૧) ધી ગુજરાત કેન્સર રીસર્ચ ઇન્સ્ટટ્યુટ(એમ.પી.શાહ કેન્સર હોસિપટલ),સીવીલ હોસ્પિટલ કેમ્પસ,અસારવા, અમદાવાદ–૧૬

(૨) રાજકોટ કેન્સર સોસાયટી શ્રી નાથાલાલ પારેખ કેન્સર ઇન્સ્ટિટ્યુટ, ૧, તિરૂપતી નગર, નિર્મલા કોન્વન્ટની સામે, રાજકોટ–૦૭

(૪) **ડૉકટરનું પ્રમાણપત્રઃ** હોસ્પિટલમાં ઓપરેશન કરવાનું બાકી છે તે મુજબનું સંબંધિત ડૉકટરનું પ્રમાણપત્ર અસલમાં રજૂકરવું.

**નોંધઃ** (૧) ઓપરેશન થઇ ગયેલ હોય કે (૨ ) સહાય મંજૂર થયા પહેલાં ઓપરેશન કરાવવમાં આવેલ હોય તેવા કેસોમાં વિચારણાકરવામાં આવશે નહીં.

(૫) **રેશનકાર્ડઃ** રેશનકાર્ડની સહી/સિકકા સાથેની પ્રમાણિત નકલ.

(૬) **આવકનો દાખલોઃ** આપના કુટુંબની વાર્ષિક આવક અંગે સંબંધિત મામલતદારશ્રીનો આવકનો દાખલો અસલમાં રજૂ કરવો.

(૭) **સોગંદનામુઃ** આપના કુટુંબની વાર્ષિક આવક તથા જરૂરી માહિતી અંગે નકકી કરેલ નિયત નમૂના મુજબ રૂ. ૨૦/–ના સ્ટેમ્પ પેપરપર નોટરી અથવા મામલતદાર કોર્ટમાં સોગંદનામુ કરાવીને અસલમાં રજૂ કરવું. (નમૂનો સામેલ છે.)

(૮) **ભલામણપત્રઃ** માન. મુખ્મંત્રીશ્રીના રાહતફંડમાંથી દર્દીને સહાય આપવા અંગે માન. સંસદસભ્યશ્રી અથવા માન.ધારાસભ્યશ્રીનોભલામણપત્ર અસલમાં રજૂ કરવો. (આ ભલામણપત્ર માન. મુખ્યમંત્રીશ્રીને સંબોધન કરીને લખવા વિનંતી.)

## ૧૩ નિરાધાર વૃધ્ધોને રાજ્ય સરકારની આર્થિક સહાય યોજના

**લાભ કોને મળી શકે ?**

- નિરાધાર વૃદ્ધો અને નિરાધાર અપંગોને આર્થિક સહાય યોજના રાજ્યમાં તા.૦૧/૦૪/૧૯૭૮ થી અમલમાં છે.
- ૬૦ વર્ષ કે તે કરતા વધુ વયના નિરાધાર વૃદ્ધ વ્યક્તિઓ
- ૨૧ વર્ષ કે તેથી વધુ વયનો પુત્ર ન હોવો જોઈએ.
- જો પુખ્ત વયનો પુત્ર માનસિક અસ્થિર હોય કે કેન્સર, ટી.બી, જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય તો લાભ મળી શકે.
- અરજદારની વાર્ષિક આવક શહેરી વિસ્તાર માટે રૂ.૬૮,૦૦૦/- અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭,૦૦૦/- થી વધુ ન હોવી જોઈએ.
- ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ કરતા હોવા જોઈએ.

**લાભ શુ મળે ?**

- અરજદારની ઉમર ૬૦ વર્ષ કે તેથી વધુ ઉમર હોય તો માસિક રૂ. ૪૦૦/-
- લાભાર્થીને સહાયની રકમ મનીઓર્ડરથી મોકલી આપવામાં આવે છે.

**અરજીપત્રક ક્યાંથી મળશે ?**

- અરજીપત્રક વિના મૂલ્યે નીચેની કચેરીમાં પ્રાપ્ત છે.
- જિલ્લા કલેક્ટર કચેરી.
- પ્રાન્ત કચેરી.
- તાલુકા મામલતદાર કચેરી અને જન સેવા કેન્દ્ર.

**અરજી મંજૂર કરવાની સત્તા કોને છે ?**

- અરજદારની અરજી મળ્યેથી તેની ચકાસણી થયા બાદ તાલુકા મામલતદારને અરજી મંજૂર / નામંજૂર કરવાની સત્તા સોંપવામાં આવેલ છે.

**સહાય ક્યારે બંધ થાય.**

- ૨૧ વર્ષનો પુત્ર થતાં.
- વાર્ષિક આવક વધુ થતાં.

**અપીલની જોગવાઈ**

- અરજી નામંજૂર થતા પ્રાંત અધિકારીશ્રીને અપીલ કરવાની જોગવાઈ છે.

## ૧૪ સંકટમોચન (રાષ્ટ્રિયકુટુંબસહાય) યોજના

**લાભ કોને મળી શકે ?**

- ગરીબી રેખા નીચે જીવતા કુટુંબના મુખ્ય કમાઉ વ્યક્તિ (સ્ત્રી કે પૂરૂષ) નું મૃત્યુ કુદરતી રીતે અથવા અકસ્માત મૃત્યુ થાય તે કુટુંબને લાભ મળવાપાત્ર છે.
- મૃત્યુ પામનાર પૂરૂષ કે સ્ત્રી ઉંમર ૧૮ વર્ષથી વધુ અને ૬૫ વર્ષથી ઓછી હોવી જોઈએ.
- અવસાન થયાના ૨ વર્ષમાં અરજી કરવી જરૂરી.

**લાભ શુ મળે ?**

- મુખ્ય કમાનારનું મૃત્યુ થતા કુટુંબને રૂ. ૨૦,૦૦૦/- ની સહાય ચેકથી મળે છે.

**અરજી ક્યાં કરવી ?**

- આ યોજના હેઠળ શહેરી કે ગ્રામ્ય તમામ વિસ્તાર માટે સંબંધિત તાલુકા મામલતદારને અરજી કરવાની રહે છે.

**નોંધ :** - આ યોજના હેઠળની રકમ મંજૂર કરવાની સત્તા તાલુકા મામલતદારશ્રીઓને છે.

http://sje.gujarat.gov.in/dsd/showpage.aspx?contentid

**ઠરાવ ક્રમાંક : વનચ-૧૦૨૦૧૧-૧૩૭-(૫૫૪૬૯૫) - છ**

## ૧૫ ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજના (વયવંદના યોજના) IGNOAPS

ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલય નવી દિલ્હી દ્વારા તા.૧૯–૧૧–૨૦૦૭થી ઉપરોકત યોજના સમગ્ર ભારતમાં અમલમાં મૂકવામાં આવેલી છે. જેનો ગુજરાત રાજયમાં તા.૧–૪–૨૦૦૮થી અમલ શરૂ કરવામાં આવેલ છે. જેની અરજી સંબંધિત તાલુકાના મામલતદારશ્રીને અલગથી કરવાની રહે છે.

**આ યોજના અંતર્ગત અરજી કરવાની પાત્રતા નીચે મુજબ છે.**

1. અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોવી જોઈએ.
2. અરજદારનું કુટુંબ ગરીબી રેખા હેઠળ નોંધાયેલ હોવું જોઈએ. લાભાર્થીના કુટુંબની આવક ગ્રામ્ય વિસ્તાર માટે બી.પી.એલ. યાદીમાં ૧૬ સુધીનો સ્કોર તથા શહેરી વિસ્તાર માટે શહેરી વિકાસની ગાઈડલાઈન મુજબ લાભાર્થી ગુણાંક ધરાવતા બી.પી.એલ. લાભાર્થી.
3. પાત્રતા ધરાવતા પતિ–પત્ની બન્ને અરજી કરી શકે છે.

**સહાયની રકમ**

- અરજી મંજુર થતાં માસિક રૂ.૫૦૦/– મળવાપાત્ર છે. ઉપરાંત રાજય સરકારની યોજનાના રૂ.૫૦૦/– પણ મળવાપાત્ર છે.

**અપીલ અરજી અંગે**

- નામંજુર કરવામાં આવેલ અરજી અંગે ૬૦ દિવસની અંદર પ્રાંત અધિકારીશ્રીને અપીલ અરજી કરવાની જોગવાઈ છે

**ઠરાવ ક્રમાંક : વનય/૧૦૨૦૧૯૧૨૯૬૧૬/છ, તારીખ : ૦૮/૦૩/૨૦૧૯**

**નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,** બ્લોક–નં–૧૬, ભોય તળિયે, ડૉ.જીવરાજ મહેતા ભવન, સેક્ટર–૧૦, ગાંધીનગર.–૩૮૨૦૧૦ગુજરાત (ઇન્ડિયા)ફોન નં:– +૯૧ ૭૯ ૨૩૨૫૬૩૦૯ફેક્સ નં. ૦૭૯–૨૩૨૫૬૩૦૮

**ઈ–મેલ :** dir-sd@gujarat.gov.in, ad-dsd-gnr@gujarat.gov.in

## ૧૬ અનાથ બાળકોને માસિક રૂ.૩૦૦૦ ની સહાયની યોજના

અઢાર વર્ષ સુધીના અનાથ બાળકોને દર મહિને રૂ.૩૦૦૦ ની સહાય કરતી યોજના

**નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,** www.sje.gujarat.gov.in**ફોન નંબર : +૯૧ ૭૯ ૨૩૨૫૩૨૪૫**

ગુજરાતમાં વસતા ૦ થી ૧૮ વર્ષની ઉંમરના તમામ જ્ઞાતિના અનાથ બાળકો કે જેના માતા–પિતા હયાત નથી. (અવસાન પામ્યા છે ) તેવા બાળકોને સંસ્થાકિય વાતાવરણમાં રાખી ઉછેરવાને બદલે કુટુંબમાં રાખી પ્રાકૃતિક વાતાવરણમાં ઉછેર કરવાથી તેઓને સ્વસ્થ અને સંતુલિત વ્યકિતના રૂપે વિકાસ થઈ શકે તે દ્રષ્ટિએ પાલક માતા–પિતાની યોજના સરકારે અમલમાં મૂકી છે અનેઅનાથ બાળકની સારસંભાળ રાખતા નજીકના સગાને માસિક રૂ.૩૦૦૦ની સહાય તા.૨૯–૪–૨૦૧૬થી આપવાનું નકકી કર્યું છે. (અગાઉ આ સહાય દર મહિને રૂ.૧૦૦૦ આપવામાં આવતી હતી તેમાં રૂ.૨૦૦૦નો વધારો તા.૨૯–૪–૨૦૧૬ થી કરવામાં આવેલ છે.)

- પાલક માતા–પિતાની વાર્ષિક આવક
  - ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ.૨૭,૦૦૦ થી વધુ
  - શાહેરી વિસ્તારમાં વાર્ષિક આવક રૂ.૩૬ ,૦૦૦ થી વધુ હશે,
    તેવા પાલક માતા–પિતા અરજી કરવાને પાત્ર છે. (આ અંગે પોતાના તાલુકાના મામલતદારશ્રી પાસેથી મેળવેલો આવકનો દાખલો રજૂ કરવાનો રહેશે.)
- આ અંગેના નિયત અરજીપત્રક પોતાના જિલ્લાના ચિલ્ડ્રન હોમ (ઓબ્ઝર્વેશન હોમ )ની કચેરીએથી મળશે અને તેમાં વિગતો ભરી બાળકની ઉંમરનો દાખલો, બાળકના માતા–પિતાના મરણના દાખલાની નકલ , વાલી થનારનો બાળક સાથેનો પાસપોર્ટ સાઈઝનો ફોટો બિડવાનો રહેશે અને સહાયની રકમ મંજૂર થતાં એકાઉન્ટ–પે ચેકથી નાણાં ચૂકવવામાં આવશે. આ માટે બાળકના નામ સાથેનું સંયુકત નામનું બેન્કમાં એકાઉન્ટ ખોલવવાનું રહેશે. સહાય મંજૂર થતાં આંગણવાડીથી લઈ ફરજિયાત શાળાનું શિક્ષણ આપવાનું રહેશે . અનાથ બાળક અભ્યાસ બંધ કરે (છોડી દે) અથવા રાજયની કે કેન્દ્રની આવી જ કોઈ યોજનાનો લાભ મેળવતા હશે તો આ સહાય બંધ કરવામાં આવશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક– જજઅ/૧૦૨૦૧૫/૮૪૧૫૦૫/નબ .૦૭/છ તા ૨૯–૪–૨૦૧૬

## ૧૭ કુદરતી આપત્તિઓને કારણે થતા નુકશાન માટે નાણાંકીય સહાયની યોજના

મૃત્યુ / પશુ મૃત્યુ / ઈજા તેમજ સ્થાવર / જંગમ મિલકતને થતા નુકશાન માટે નાણાંકોય સહાય

કુદરતી આપત્તિઓ (Natural Calamitics) ને કારણે તથા માનવ મૃત્યુ / પશુ મૃત્યુ / ઈજા તેમજ સ્થાવર / જંગમ મિલકતને થતા નુકશાન માટે નાણાંકીય સહાય ચૂકવવામાં સંકલિત ધોરણો બાબત.

ગુજરાત સરકાર, મહેસુલ વિભાગ, સુધારા ઠરાવ ક્રમાંક : સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩, તા.૧૫.૧૨.૨૦૧૬ (ઉપરથી સંકલિત)

| | સુધારેલા ધોરણો |
|---|---|
| ૧ | માનવ મૃત્યુ સહાય – રૂા.૪,૦૦,૦૦૦/– |
| ૨ | નાશ / નુકશાન પામેલ કાચા / પાકા મકાનો / ઝુંપડા મરામત સહાય |
| ૨.૧ | સંપૂર્ણ નાશ પામેલ મકાનો અને મોટુ નુકશાન પામેલ મકાનો<br>રૂા.૯૫,૧૦૦/– પાકુ મકાન (સમતલ / સપાટ વિસ્તારમાં આવેલ)<br>રૂા.૧,૦૧,૯૦૦/– પાકુ મકાન (પર્વતિય વિસ્તારોમાં આવેલ – ઈન્ટીગ્રેટેડ એકશન પ્લાન લાગુ હોય તેવા જિલ્લાઓ સહિત)<br>રૂા. ૯૫,૧૦૦/– કાચા મકાન<br>રૂા. ૧,૦૧,૯૦૦/–પાકુ મકાન (પર્વતિય વિસ્તારોમાં આવેલ – ઈન્ટીગ્રેટેડ એકશન પ્લાન લાગુ હોય તેવા જિલ્લાઓ સહિત) |
| ૨.૨ | આંશિક રીતે નુકશાન પામેલ કાચા/પાકા મકાનો (ઓછામાં ઓછું ૧૫ ટકા નુકશાન હોય તો જ મળવાપાત્ર)<br>રૂા.૫,૨૦૦/– પાકુ મકાન, રૂા.૩,૨૦૦/– કાચુ મકાન<br>(ઉપરોકત રકમ ઉપરાંત બંન્ને કિસ્સામાં રૂા.૬,૦૦૦/– રાજય સરકારના બજેટમાંથી મળવાપાત્ર રહેશે. |
| ૨.૩ | નાશ / નુકશાન પામેલ ઝુંપડા રૂા.૪,૧૦૦/–<br>(ઉપરોકત રકમ ઉપરાંત રૂા.૩,૦૦૦/– રાજય સરકારના બજેટમાંથી મળવાપાત્ર રહેશે. |
| ૨.૪ | ઘર સાથે સંકળાયેલ કેટલા શેડ – રૂા.૨,૧૦૦/– |
| ૩ | અપંગતાના કેસમાં સહાય (વ્યકિતદીઠ)<br>રૂા. ૫૯,૧૦૦/– ૪૦% થી ૬૦% અપંગતામાં<br>રૂા. ૨,૦૦,૦૦૦/– ૬૦% થી વધુ અપંગતામાં |
| ૪ | ગંભીર ઈજાથી હોસ્પિટલમાં દાખલ થવાના કેસમાં<br>રૂા.૧૨,૭૦૦/– એક સપ્તાહથી વધુ સમય હોસ્પિટલમાં દાખલ રહે તો<br>રૂા. ૪,૩૦૦/– એક સપ્તાહથી ઓછા સમય હોસ્પિટલમાં દાખલ રહે તો |
| ૫ | દૈનિક રોકડ સહાય (કેશ ડોલ્સ)<br>રૂા. ૬૦/– દૈનિક પુખ્ત વયના વ્યકિત માટે (વધુમાં વધુ ૩૦ દિવસ માટે જરૂરિયાત જણાય તો પ્રથમ તબક્કામાં ૬૦ દિવસ સુધી લંબાવી શકાય તથા દૂષ્કાળ કે જીવાત આક્રમણના કિસ્સામાં સળંગ ૯૦ દિવસ સુધી લંબાવી શકાય) |
| ૬ | કપડાં અને ઘરવખરી સહાય (કુટુંબદીઠ):–રૂા.૧૮૦૦/– કપડાં સહાય,રૂા.૨,૦૦૦/– ઘરવખરી સહાય |
| ૭ | પશુ મૃત્યુ સહાય (પશુદીઠ) |
| ૭.૧ | દૂધાળા પશુ :– રૂા.૩૦,૦૦૦/– ગાય / ભેંસ / ઉંટ / યાક વગેરે માટે<br>રૂા. ૩,૦૦૦/– ઘેટા / બકરા વગેરે માટે |
| ૭.૨ | બીન દુધાળા પશુ :– રૂા.૨૫,૦૦૦/– ઉંટ / ઘોડા / બળદ વગેરે માટે<br>રૂા.૧૬,૦૦૦/– રેલ્રો (પાડો–પાડી) ગાયની વાછરડી / ગધેડો / પોની વગેરે |
| ૮ | મરઘાં મૃત્યુ સહાય : રૂા. ૫૦/– પ્રતિપક્ષી વધુમાં વધુ રુ।.૫૦૦૦/– પ્રતિ કુટુંબની મર્યાદામાં (પક્ષીનું મૃત્યુ કુદરતી આપત્તિના કારણે થયેલ હોવું જોઇએ) |
| ૯ | કૃષિ સહાય |
| ૯.૧ | બે હેકટર સુધી જમીન ધરાવતા ખેડુતોને સહાય<br>રૂા.૧૨,૨૦૦/– જમીન ધોવાણ માટે (પ્રતિ હેકટર)<br>રૂા.૧૨,૨૦૦/– પર્વતિય વિસ્તાર (પ્રતિ હેકટર) |

| | |
|---|---|
| | રૂા.૧૨,૨૦૦/– ફીશ ફાર્મના ધોવાણા અને પુન: સ્થાપન રીપેરીંગ (પ્રતિ હેકટર)<br>રૂા.૩૭,૫૦૦/– પ્રતિ હેકટર લેન્ડસ્લાઇડીંગ કે નદીનું વહેણ બદલાવાના કારણે જમીન અંશત: નકામી બની ગયેલ હોય કે વહેણમાં દબાઇ ગયેલ હોય |
| ૯.૨ | બે હેકટર સુધી જમીન ધરાવતા ખેડૂતોને ઇનપુટ સબસીડી (૩૩ ટકા અને તેથી વધુ નુકશાનના કિસ્સામાં<br>રૂા.૬૮૦૦/– પ્રતિ હેકટર બિન પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં)<br>રૂા.૧૩,૫૦૦/– પ્રતિ હેકટર પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂા.૧૦૦૦/– થી ઓછી નહી તેટલી સહાય )<br>રૂા.૧૮,૦૦૦/– પ્રતિ હેકટર બારમાસી પાક (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂા.૨૦૦૦/– થી ઓછી નહી તેટલી સહાય) |
| ૯.૩ | બે હેટકરથી વધારે જમીન ધરાવતા ખેડુતો (પાકને ૩૩ ટકા અને તેથી વધારે નુકશાનના કિસ્સામાં વધુ માં વધુ ૨ હેટકરની મર્યાદામાં જ સહાય ચૂકવી શકાશે)<br>રૂા.૬૮૦૦/– પ્રતિ હેકટર બિન પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં)<br>રૂા.૧૩,૫૦૦/–પ્રતિ હેકટર પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં )<br>રૂા.૧૮,૦૦૦/– પ્રતિ હેકટર બારમાસી પાક (વાવેતર વિસ્તારની મર્યાદામાં) |
| ૧૦ | માછીમારોને થયેલ નુકશાન સહાય<br>રૂા.૪,૧૦૦/– અંશત: નુકશાન પામેલ હોડી રીપેરીંગ માટે<br>રૂા.૨,૧૦૦/– અંશત: નુકશાન પામેલ જાળી રીપેરીંગ માટે<br>રૂા.૯,૬૦૦/– સંપૂર્ણ નાશ પામેલ હોડી બદલવા માટે<br>રૂા.૨,૬૦૦/– સંપૂર્ણ નાક પામેલ જાળી બદલવા માટે<br>રૂા.૮,૨૦૦/– (હેંકટર દીઠ) ઇનપુટ સબસીડી મત્સ્યબીજ માટે |
| ૧૧ | હસ્તકલા અને હાથશાળ કારીગરો માટે સહાય<br>રૂા.૪,૧૦૦/– નુકશાન પામેલ સાધનોની ખરીદી માટે<br>રૂા.૪,૧૦૦/– નુકશાન પામેલ કાચા / પાકા માલ સામાન માટે |

- આકાશી વિજળી તથા ચોમાસી ઋતુ સિવાયનો કમોસમી વરસાદનો સમાવેશ થાય છે.
- કોઇ કર્મચારી રાહત કામગીરીમાં રોકાયેલ હોય તેમનું તે દરમ્યાન મૃત્યું થાય તો તેને પણ સહાય મળવાપાત્ર છે.
  - શહેરી વિસ્તારમાટે કલેકટરશ્રી અને તેના હસ્તકના મામલતદારશ્રી આ કામગીરી સંભાળે છે.
  - ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને તેના હસ્તકના તાલુકા વિકાસ અધિકારીશ્રી આ કામગીરી સંભાળે છે.
  - સક્ષમ અધિકારી દ્વારા મૃત્યુ કુદરતી આપતિના કારણે થયુ છે તેવું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.
  - પોસ્ટમોર્ટમ રીપોર્ટ રેકર્ડ પર લેવાનો રહેશે.
  - કોઇ વિશિષ્ટ સંજોગામાં પોલીસ ફરિયાદ થયેલ ન હોય અથવા પોસ્ટ મોર્ટમ થયેલ ન હોય તો તેવા સંજોગોમાં માનવ મૃત્યુ સહાય ચૂકવવા અંગેનો નિર્ણય જિલ્લા કક્ષાની સમિતિએ લેવાનો હોય છે.
  - નીચેના કિસ્સાઓમાં થયેલ મૃત્યુ કુદરતી આપત્તિથી થયેલ ગણાશે નહી તેથી આવા કિસ્સામાં આ ઠરાવ હેઠળ મૃત્યુ સહાય મળવાપાત્ર થશે નહી.
    - નદી, તળાવ, નર્મદા કેનાલ, પ્રતિબંધિત વિસ્તાર, જળાશય, વાંકળામાં ન્હાવા પડેલ વ્યક્તિ ડૂબી / તળાઇ જાય તો
    - તળાવ, નદી, કોતર કે જળાશયના કિનારે કપડાં વાસણ ધોવા કે અન્ય કામે ગયેલ હોય અને પગ લપસતા કે તાણાઇ જવાના કિસ્સામાં થયેલ મૃત્યુ કુદરતી આપત્તિથી થયેલ ગણાશે નહી તેથી આવા કિસ્સાઓમાં મૃત્યુ સહાય મળવાપાત્ર થશે નહી.
    - નશો કરેલ વ્યક્તિનું મૃત્યુ થવાથી

## ૧૮ વ્હાલી દીકરી યોજના

**હેતુ:-** ૧) દિકરીઓનું જન્મ પ્રમાણ વધારવું.
૨) દિકરીઓનો શિક્ષણમાં ડ્રોપઆઉટ રેશીયો ઘટાડવો,
૩) દિકરીઓ/સ્ત્રીઓનું સમાજમાં સર્વાંગી સશક્તિકરણ કરવું.
૪) બાળલગ્ન અટકાવવા.

**પાત્રતાનુ ધોરણ:-**

૧) તા.૨/૮/૨૦૧૯ કે ત્યારબાદ જન્મેલ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
૨)દંપતિની વધુમાં વધુ બે દિકરીઓને યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
૩)દંપતિની પ્રથમ અને દ્વિતિય દિકરી બન્નેને લાભ મળવા પાત્ર થશે. પરંતુ દ્વિતિય દિકરી પછીદંપતિએ સંતતિ નિયમનનુંઓપરેશન કરાવેલુ હોવુ જોઇએ.
૪) પ્રયમ દિકરો ખને બીજી દિકરી હોય તો બીજી દિકરીને સહાય મળવાપાત્ર થશે. પરતુ દ્વિતિયદિકરી પછી દંપતિખે સંતતિ નિયમનનુ ઓપરેશન કરાવેલુ હોવુ જોઇએ.
૫) પ્રથમ દિકરો અને બીજી બન્ને દિકરી (જોડીયા) કે તેથી વધુ ખેક સાથે જન્મવવાના અપવાદ રૂપ કિસ્સામાં તમામ દિકરીઓને "વ્હાલી દિકરી"યોજનાનોલાભ મળવાપાત્રથશે પરતુદ્વિતિયદિકરી પછી દંપતિખે સંતતિ નિયમનનું ઓપરેશન કરાવેલુ હોવુ જોઇએ.
૬) દિકરીના જન્મ સમયે માતાની ઉમર ૧૮ કે તેથી વધુ વર્ષ હોવી જોઇખે.
૭)"વ્હાલીદિકરી" યોજનાઅંતર્ગતલાભમેળવવામાગતાદંપતીની (પતિ-પત્નિનીસંયુક્ત)વાર્ષિક આવક મર્યાદા ગ્રામીણ અને શહેરી વિસ્તાર માટે એક સમાન રૂ.૨,૦૦.૦૦૦/-કે તેથીઓછી રહેશે. આવક મર્યાદાની પાત્રતા લાભાર્થીના જન્મના તરત આગળના ૩૧મી માર્ચના રોજપૂર્ણ થતા વર્ષના સંદર્ભમાં લક્ષમાં લેવાની રહેશે.

**મંજુરીની પ્રક્રિયા:-**

૧. "વ્હાલી દિકરી" યોજનાનું ખરજીપત્રક આંગણવાડી કેન્દ્ર/ સીડીપીઓ કચેરી/ ગ્રામ પંચાયત/મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી દ્વારા વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવાના રહેશે.
૨. આ યોજના અંતર્ગત સહાય મંજુર કરવા માટેના સક્ષમ અધિકારી જે તે જિલ્લાના મહિલા અનેબાળ અધિકારી ગણાશે.
૩. તા.૨/૮/૨૦૧૯ બાદ જન્મેલ દિકરીઓના કુટુંબીજનો દ્વારા દિકરી જન્મના એક વર્ષની સમયમર્યાદામાં નિયત નમુનામાં આધાર પુરાવા સહિત અરજી કરવાની રહેશે.
૪ લાભાર્થી દપતીખે જરૂરી આધાર પુરાવા સહિત નિયત નમુનામાં અરજી ઓનલાઇન કરવાનીરહેશે. સદર અરજી જનસેવા કેન્દ્ર / સેવાસેતુમાં પણ આપી શકાશે. અરજી મળ્યેથી દિન ૧૫માંજે તે સેજાની મુખ્ય સેવિકાએ ગૃહ મુલાકાત લઇ જરૂરી ચકાસણી કરી સી.ડી.પી.ખઓ.શ્રીનેમોકલવાની રહેશે. જે તે સી.ડી.પી.ઓ.શ્રીએ જરૂરી ચકાસણી કરી પોતાના અભિપ્રાય સાથે મહિલાઅને બાળ અધિકારીશ્રીને દિન-૧૫માં મોકલી આપવાની રહેશે. મહિલા અને બાળ અધિકારીશ્રીએનિયમોનુસાર જરૂરી ચકાસણી કરી દિન-૧૫માં અરજી મજુર/નામંજુર કરીને અરજદારને ઓનલાઇન જાણ કરવાની રહેશે.
૫. આ યોજનાના મંજુરી ફોર્મ સાથે અરજદારએ નીચે મુજબના આધાર પુરાવા રજુ કરવાના રહેશે.
(૧) દિકરીનું જન્મનું પ્રમાણપત્ર(૨) માતા-પિતાના આધારકાર્ડ(૩) માતાના જન્મનું પ્રમાણપત્ર
(૪) માતાપિતાની વાર્ષિક આવકનું પ્રમાણપત્ર(મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી/ચીફઓફિસર દ્વારા આપવામાં આવેલ)(૫) કુટુંબમાં જન્મેલા અને હયાત બાળકોના જન્મના દાખલા(૬) સંતતિ નિયમનનું પ્રમાણપત્ર (બીજુ સંતાન હોય ત્યારે)(૭) નિયત નમુનાનું સક્ષમ અધિકારી સમક્ષ કરેલ દંપતિનું સોગંદનામું
૬. આ યોજનાના અમલીકરણની નોડલ એજન્સી તરીકે રાજય સરકારના નાણા વિભાગ દ્વારાનાણાકિય એજન્સીની નિમણુંક કરવામાં આવશે અને સદર સંસ્થાના સહયોગમાં વ્હાલી દિકરીયોજનાનું અમલીકરણ કરવામાં આવશે.
૭. ૧૮ વર્ષની વય અગાઉ દિકરીના મૃત્યુના કિસ્સામાં "વ્હાલી દિકરી" યોજના અતર્ગત બાકીનીસહાય મળવાપાત્ર રહેશે નહી.

૮. મહિલા બાળ અધિકારીશ્રીને અરજી મળ્યેથી જરૂરી ચકાસણી કરી આ સાથેના નિયત નમુનામાંગ્ન સહાય મજુરી આદેશ કરવાનો રહેશે.

**મળવાપાત્ર લાભ:-**

૧)પ્રથમ હપ્તો -દીકરીઓને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ. ૪૦૦૦/- મળવાપાત્ર થશે,

૨) બીજો હપ્તો - નવમાં ધોરાણમાં પ્રવેશ વખતે રૂ.૬000/-ની સહાય મળવાપાત્ર થશે.

૩)છેલ્લો હપ્તો - ૧૮ વર્ષની ઉમંરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે કુલ ૧,00,000/- ની સહાય મળવાપાત્ર થશે. પરંતુ દિકરીના બાળલગ્ન થયેલ ન હોવા જોઇએ.

## ૧૯ પાલક માતા–પિતા યોજના

**હેતુઃ–** બાળકોના સ્વસ્થ અને સંતુલિત વિકાસ માટે કુટુંબ જેવો અન્ય કોઈ વિકલ્પ નથી. તેમ છતાં કેટલાક વિપરિત સંજોગોને કારણે અનાથ નિરાધાર બનેલાં બાળકો માટે તેમના નૈસર્ગિક કુટુંબમાં તેમનો ઉછેર શક્ય બનતો નથી, આથી વિકલ્પે ઉછેર તેમનો બાળકો માટેની સંસ્થાઓમાં થતો હોય છે. સમાજ શાસ્ત્રીય દ્રષ્ટિકોણ મુજબ સંસ્થા એ તો બાળક માટે માત્ર છેવટનો ઉપાય ગણી શકાય. આથી આવાં નિરાધાર અનાથ બાળકોને સંસ્થાકીય વાતાવરણમાં રાખી ઉછેરવાની જગ્યાએ તેઓને વૈકલ્પિક કુટુંબમાં રાખી પ્રાકુતિક વાતાવરણમાં ઉછેર કરવાથી તેઓનો સ્વસ્થ અને સંતુલિત વિકાસ થઇ શકે તે દ્રષ્ટીએ પાલક માતા–પિતાની યોજનાનો સરકારશ્રીએ ૧૯૭૮થી અમલ શરૂ કરેલ છે.

**પાત્રતાનુ ધોરણઃ–**આ યોજના અંતર્ગત ગુજરાતમાં વસતા ૦ થી ૧૮ વર્ષની ઉંમરના તમામ અનાથ બાળકો કે જેના માતા–પિતા હયાત નથી તેવાં બાળકોને લાભ મળવા પાત્ર થશે. જે બાળકના પિતા મૃત્યુ પામેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા બાળકોને માતાએ પુનઃ લગ્ન કર્યા બાબતના લગ્ન પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**સહાયનો દરઃ–** અનાથ બાળકોની સંભાળ રાખતા પાલક માતા–પિતા કે નજીકના સગાને માસિક રૂા.૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) સહાય પેટે ચુકવવામાં આવશે.

**આવક મર્યાદાઃ–**પાલક માતા–પિતાની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૨૭,૦૦૦ થી વધારે તથા શહેરી વિસ્તારમાં રૂ.૩૬,૦૦૦ થી વધારે હોવાનો મામલતદારનો દાખલો રજુ કરવાનો રહેશે.

**યોજનાની શરતોઃ–** પાલક માતા–પિતાએ ઉછેર માટે લીધેલ લાભાર્થી ૩ થી ૬ વર્ષની ઉંમરના બાળકોને આંગણવાડીમાં મુકવાના રહેશે અને ૬ વર્ષથી મોટી ઉંમરના બાળકોને ફરજિયાત શાળાનું શિક્ષણ આપવાનું રહેશે. જો બાળકનો અભ્યાસ બંધ કરાવવામાં આવશે તો સહાય આપવાનું બંધ કરવામાં આવશે.આંગણવાડીમાં જતાં બાળકો માટે આઇસીડીએસના (સંકલિત બાળ વિકાસ યોજના) સંબંધિત પોગ્રામ ઓફિસરનું પ્રમાણપત્ર તથા શાળાએ જતાં બાળકો માટે સંબધિત શાળાના આચાર્યનું પ્રમાણપત્ર દર વર્ષે ૧૫મી જુલાઈ સુધીમાં રજૂ કરવાનું રહેશે.

બાળકના માતા–પિતાના મરણની પ્રમાણિત દાખલા રજુ કરવાના રહેશે.જો બાળકની માતાએ પુનઃલગ્ન કરેલ હોય અને બાળક માતા સાથે રહેવા જાય તેવા સંજોગોમાં સહાય આપવાનું બંધ કરવામાં આવશે.

અરજીનો નમુનો ખાતાની વેબસાઇટ https://sje.gujarat.gov.in/dsd પરથી ડાઉનલોડ કરી અથવા નજીકના ચિલ્ડ્રનહોમ/ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી/જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની કચેરી ખાતેથી વિના મૂલ્યે મળી રહેશે. અરજી મંજુર થયે સહાય અરજી કર્યાના માસથી મળવાપાત્ર રહેશે.

આ યોજનાનું અમલીકરણ જિલ્લા કક્ષાએ જિલ્લાના ચિલ્ડ્રન હોમના અધિક્ષકે કરવાનું રહે છે. જે જીલ્લામાં ચિલ્ડ્રન હોમ કાર્યરત નથી તેવા જીલ્લામાં યોજનાના ફોર્મ સ્વીકારવાની અને આગળની કાર્યવાહી જિલ્લા બાળ સુરક્ષા એકમની રહેશે. અને ચુકવણાની જવાબદારી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની રહેશે.

દરેક જિલ્લા સ્તરે સ્પોન્સરશીપ એન્ડ એપ્રુવલ સમિતિ (SFCAC) દ્વારા ભલામણોની સમીક્ષા કરી પાત્રતા ધરાવતાં પાલક માતા–પિતાને સહાય ચુકવવા માટે આદેશ કરવાના રહેશે.જે બાળકો આવા જ પ્રકારની રાજયની કે કેન્દ્રની અન્ય કોઈ યોજનાઓનો લાભ મેળવતા હશે તેમને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી.

આ રકમ લાભાર્થીના ખાતામાં સીધી ચુકવણા (DBT) પધ્ધતિથી એકાઉન્ટ પેઇ ચેકથી ચુકવવાની રહેશે. આવા પાલક માતા–પિતા કે મંજૂરી પ્રાપ્ત નજીકનાં સગાં એટલે કે લાભકર્તાએ બેન્ક/પોસ્ટ ઓફિસમાં બાળકના નામ સાથેનું પોતના સંયુક્ત નામનું ખાતું ખોલાવવાનું રહેશે. અધુરી વિગતો વાળુ અરજીપત્ર ધ્યાનમાં લેવામાં આવશે નહી.

## ૨૦ મિશન મંગલમ

સ્ત્રી સશક્તિકરણ માટેની યોજના

- માઈક્રોફાઈનાન્સ ક્ષેત્ર સાથે ગ્રામિણ મહિલાઓનું જોડાણ કરી આજીવિકા વૃદ્ધિનો ઉમદા અભિગમ
- ગ્રામિણક્ષેત્રેવસવાટ કરતી અને સખી મંડળ / સ્વસહાય જૂથ સાથે સંકળાયેલી મહિલાઓને આર્થિક – સામાજિક સદ્ધરતાપ્રદાન કરવા અર્થે "મિશનમંગલમ્ – માઈક્રોફાઈનાન્સ"

**કેશ ક્રેડીટ (રોકડ ધીરાણ)**

- સખી મંડળ / સ્વસહાય જૂથને પોતાની જરૂરિયાતના કોઈપણ હેતુ માટે સરળતાથી ધીરાણ મળી રહે તે હેતુથી કેશ ક્રેડીટસ્વરૂપે માઈક્રોફાઈનાન્સની બહુમૂલ્ય વ્યવસ્થાના ભાગ રૂપે સપ્ટેમ્બર–૨૦૧૨ થી ઓછામાં ઓછા રૂ.૧ લાખની કેશ ક્રેડીટનીઉત્તમ નાણાંકિય વ્યવસ્થા. જેમાં કેશ ક્રેડીટ સ્વરૂપે બેંક ધિરાણની મંજૂર થયેલ રકમના બદલે ઉપાડેલ રકમ પર જ વ્યાજલાગે તેવી ઉત્તમ વ્યવસ્થા.

**ઈન્ટરેસ્ટ સબસીડી (વ્યાજ સહાય)**

- ગુજરાત સરકાર દ્વારા નવીનતાભરી પહેલ કરીને મિશન મંગલમ્ યોજના હેઠળ મહિલા સ્વસહાય જૂથોએ લીધેલ લોન /ધિરાણ સવલતો ઉપર ૫% વ્યાજ સહાય યોજના અમલમાં મૂકીને નાણાંકીય બોજમાં ઘટાડો થઈ શકે તથા નાણાંકિય જોડાણોદ્વારા આર્થિક પ્રવૃત્તિઓ હાથ ધરી અને આર્થિક સશક્તિકરણની દિશામાં સફળતા મેળવી શકાય તે માટે આ યોજનાનોતા.૧ એપ્રિલ, ૨૦૧૨ થી અમલ કરાયેલ છે.

- **સ્ટેમ્પ ડ્યુટી રાહત**

- સ્વસહાય જૂથોને બેંક ધીરાણ પર લાગતી સ્ટેમ્પ ડ્યુટીમાં રૂ. ૫ લાખ સુધીના ધીરાણ પર રાહત આપીને આવા જૂથોને રૂ.૩૫૦સુધીનો લાભ મળે છે. જેનો ઉદ્દેશ તેમની લોન પ્રક્રિયામાં થતો ખર્ચ ઘટાડો જૂથના સભ્યોને ઓછા ખર્ચે ધીરાણ અપાવી આર્થિકપ્રવૃત્તિ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

**સ્વસહાય જૂથ માટેની કેટલીક મહત્વની બાબતો**

- સખી મંડળ / સ્વસહાય જૂથો માટે બેંકના કામકાજ માટે રાબેતા મુજબના સમય ઉપરાંત દર મંગળવારના બપોરે ૧–૦૦ થી ૩–૦૦ કલાકે ખાસ અલગથી સમયની ફાળવણી.
- જૂથના સભ્યો માટે નાણાંકીય સાક્ષરતા (ફાઈનાન્સિયલ લિટરેસી) તથા રજીસ્ટર નિભાવણી (બુક કિપીંગ) ને લગતીઅગત્યની તાલીમ માટેની ઉત્તમ વ્યવસ્થા .
- આરસેટ્ટી–રૂરલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ (ગ્રામ સ્વરોજગાર તાલીમ સંસ્થા) દ્વારા બી.પી.એલ. લાભાર્થીનેવિવિધ આજીવિકાલક્ષી તાલીમ આપવાની ઉત્કૃષ્ટ સગવડ.

**યોજનાકીય સહાય તથા માર્ગદર્શન માટે સંપર્ક સ્થાન :**

તાલુકા કક્ષા : તાલુકા વિકાસ અધિકારીશ્રી / તાલૂકા લાઈવલીહુડ મેનેજરશ્રી , તાલુકા પંચાયત કચેરી.

જિલ્લા કક્ષા : નિયામકશ્રી / જિલ્લા લાઈવલીહુડ મેનેજરશ્રી , જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી .

**સ્વસહાય જૂથ કક્ષાએ નીચેનાં રેકર્ડ જાળવવાના રહેશે.**

| | |
|---|---|
| (ક) કાર્યનોંધ રજીસ્ટર | (ખ) રોક્ડવહી |
| (ગ) હાજરી અને બચતની ખાતાવહી | (ઘ) લોન ખાતાવહી |
| (ચ) સામાન્ય ખાતાવહી | (છ) વ્યક્તિગત પાસબુક |

- રેકર્ડના ચોપડા લખવા માટે સભ્યોમાંથી અક્ષરજ્ઞાન ધરાવનારને (જેને મળભૂત પ્રાથમિક ગણતરીના હિસાબો તથા લેખિતકૌશલ્ય હોય તેમને ) પસંદગી આપવામાં આવશે.
- બચત બેંક ખાતું
- સ્વસહાય જૂથનું બચત બેંક ખાતુ તદન નજીકની બેંકની શાખામાં ખોલાવવાનું રહેશે. બેંકનું બચત ખાતું જૂથના નામેખોલવામાં આવશે .
- ત્રણ મહિના / ૧૨ અઠવાડિયાની અંદર હાલની સ્વસહાય જૂથની અંદર, જૂથ બેંકમાં બચત બેંક ખાતુ ખોલાવવાનો ઠરાવકરશે. તેમ છતાં પ્રક્રિયા ચાર અઠવાડિયા બેઠક પછી શરૂ થશે. બેંકમાં બચત ખાતું ખોલાવવાનો ઠરાવ પસાર કરશે.

## ૨૧ પ્રધાનમંત્રી મુદ્રા યોજના - MUDRA

બિન કૃષિ પ્રવૃત્તિઓ માટે રૂા.૧૦ લાખ સુધીની લોન

www.mudra.org.in

**Helpline No.1800 – 233 - 8944**

આ યોજના અંતર્ગત લોન નીચે મુજબ ત્રણ વર્ગમાં ઉપલબ્ધ છે.

(૧) શિશુ લોન – રૂા.૫૦,૦૦૦/– સુધીની લોન

(૨) કિશોર લોન – રૂા.૫૦,૦૦૦/– થી રૂા. ૫ લાખ સુધીની લોન

(૩) તરૂણ લાને – રુા.૫ લાખ થી રૂા. ૧૦ લાખ સુધીની લોન

**યોગ્યતા :** કોઇ પણ ભારતિય નાગરિક

**ફાયદા :**

(૧) જામીન સિવાય લોનની સુવિધા ઉપલબ્ધ છે.

(૨) મહિલાઓ દ્વરા આયોજિત યોજનાઓને ૦.૨૫ ટકા ઓછું વ્યાજ ચૂકવવું પડશે.

(૩) ઉત્પાદન, વ્યવસાય અને સેવાકિય પ્રવૃત્તિઓ માટે લોનની સુવિધાઓ

**વાહન વ્યવહાર પ્રવૃત્તિ માટે લોન :**

ઓટો રીક્ષા, નાના માલવાહક વાહનો, થ્રી વ્હીલર્સ, પેસેન્જર કાર, ટેક્ષી વગેરે ખરીદવા માટે લોન.

**સામુહિક, સામાજિક અને વ્યક્તિગત સેવા પ્રવૃત્તિ માટે લોન :**

જેવી કે સલૂન, બ્યુટી પાર્લર્સ, જીમ, બ્યુટીકસ, દરજીની દુકાન, ડ્રાય કિલનિંગ, સાઇકલ અને મોટરસાયકલ રિપેરિંગ દૂકાન, ઝેરોક્ષ માટેની દૂકાન, દવાની દૂકાન, કુરિયર એજન્ટસ સેવાઓ વગેરે માટે લોન.

**ફુડ પ્રોડકટસ પ્રવૃત્તિ માટે લોન**

ગૃહ ઉદ્યોગો જેવા કે પાપડ, અથાણાં, જામ કે જેલી બનાવવા, ગ્રામ્ય કક્ષાએ કૃષિ ઉત્પાદનોનું સંરક્ષણ, મીઠાઇની દુકાનો, નાના ફૂડ સ્ટોલ્સ અને કેન્ટિન સેવાઓ, આઇસ અને આઇસ્ક્રીમ બનાવવાના એકમો, બિસ્કિટ, બ્રેડ બનાવવાના એકમો વગેરે.

**અમલિકરણ સંસ્થાઓ :** કોઇપણ બેંકની શાખા.

## ૨૨ ઔદ્યોગિક નીતિ ૨૦૧૫માં મહિલા ઉદ્યોગકારો માટેવિશેષ પ્રોત્સાહનો ગુજરાત સરકારની અનોખી પહેલ

સ્ત્રી સશક્તિકરણમાં એમએસએમઈ ઉત્પાદન એકમો માટે વ્યાજ સહાય

**સ્ત્રી સશક્તિકરણમાં ગુજરાત અગ્રેસર**

**એમએસએમઈ ઉત્પાદન એકમો માટે વ્યાજ સહાય**

- મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં સ્થિત ઉદ્યોગો માટે ટર્મલોન પર ૫%ની વ્યાજ સહાય,વાર્ષિક મહત્તમ રૂ.૨૫ લાખઅને અન્ય વિસ્તારોમાં વ્યાજ સહાય,વાર્ષિક મહત્તમ રૂ. ૩૦ લાખ, ૫ વર્ષ માટેઉપરોક્ત સહાયમાં મહિલા ઉદ્યમીઓને વધુ ૧% વ્યાજ સહાય.

**નવા સર્વિસ એકમોમાં એમએસએમઈ માટે વ્યાજ સહાય**

- પૂર્વ નિર્ધારિત સેવા પ્રવૃત્તિઓ માટે મશિનરી તથા સાધનોની ખરીદી માટેની ટર્મ લોન પર ૫%ની વ્યાજ સહાય, વાર્ષિકમહત્તમ રૂ.૨૫ લાખ ૫ વર્ષ માટે
- ઉપરોક્ત સહાયમાં મહિલા ઉદ્યમીઓને વધુ ૧% વ્યાજ સહાય.

**શ્રમ પ્રધાન ઉદ્યોગોમાં પે-રોલ સહાય**

- શ્રમપ્રધાન ઉદ્યોગોને પ્રતિ શ્રમિક રૂ.૧૨૦૦ની પે-રોલ સહાય. જ્યારે,
- મહિલા શ્રમિકના કિસ્સામાં વધારાના રૂ. ૩૦૦ની પે-રોલ સહાયની યોજના

**બેસ્ટ એમએસએમઈ એકમોને રાજ્ય એવોર્ડ**

પ્રતિ વર્ષ બેસ્ટ એમએસઈ મહિલા ઉદ્યોગકારોને ટ્રોફી અને પ્રશસ્તિપત્ર સાથે રૂ. ૨ લાખનો એવોર્ડ

**મહિલા ઉત્પાદકતા-નિકાસકર્તા એક્સ્પોર્ટ એવોર્ડ**

એમએસઈઈ સેક્ટરના ઉત્પાદક-નિકાસકર્તા મહિલા ઉદ્યોગકારોને ટ્રોફી અને પ્રશસ્તિપત્ર સાથે રૂ. ૧ લાખનો એવોર્ડ

**જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ ખાતે માત્ર મહિલા ઉદ્યોગકારો માટે ઔદ્યોગિક પાર્કની પરિયોજના**

મહિલા ઔદ્યોગિક પાર્કમાં મહિલા ઉદ્યોગકાર માટે પ્રતિ સ્ક્વેર મીટરના રાહત ભાવે ઓદ્યોગિક શેડની ફાળવણી માટેની યોજના.વધુ માહિતી માટે સંપર્ક : www.gidc.gov.in

**કેન્દ્ર સરકારની (ક્રિડિટ ગેરંટી)**

**સ્કીમની ફીમાં સહાય**

- મહિલા ઉદ્યોગ સાહસિકોને એમએસએમઈ એકમોને ઉદ્યોગ સ્થાપવા માટે રૂ. ૧ કરોડ સુધીની લોન, સમાંતરજામીનગીરી વગર મેળવી શકે તે માટે બેંકને ચૂકવવાની થતી સર્વિસ ફીની પૂરેપૂરી રકમની સહાય.

**એમએસએમઈ ફેસિલિટેશન ડેસ્ક**

- રાજયમાં ઉદ્યોગ સ્થાપવા જરૂરી એવી તમામ બાબતો તથા માર્કેટ વિકાસ અંગેના વિવિધ ક્ષેત્રો વિશે વ્યક્તિગતજાણકારી તેમજ હયાત ઉદ્યોગોને વિકાસ માટેપથદર્શન એમએસએમઈ ફેસિલિટેશન ડેસ્ક દ્વારા આપવામાં આવે છે.

**વધુ જાણકારી માટે સંપર્ક :** ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ચોથો માળ , બ્લોક નં. ૧-૨, ઉદ્યોગભવન , ગાંધીનગર ૩૮૨૦૧૦ ઈ-મેઈલ : ફોન નં.-૦૭૯-૨૩૨૨-૫૨૬૩૦ ઈ-મેઈલ : msmedesk-ic@gujarat.gov.in

**એક જ સ્થળેથી તમામ સવલતો**

પ્રોજેક્ટના મૂડી રોકાણ માટે વધુ માહિતી માટે એક જ સ્થળેથી તમામ સવલતો આપતી (સિંગલ વિન્ડો) વેબ સાઈટપર www.ifpgujarat.gov.inઉપર સંપર્ક સાધવા વિનંતી.

**ઉદ્યોગ આધાર મેમોરેન્ડમ મેળવવા માટે શું કરશો ?**

- સૂક્ષ્મ, લઘુ કે મધ્યમ ઉદ્યોગ તરીકે નોંધણી કરાવવા માટે ઉદ્યોગ આધાર મેમોરેન્ડમવેબસાઈટ www.udyogadhar.gov.inઉપર નોંધણી કરાવી શકાશે .

## ૨૩ કમિશ્નર, કુટીર અને ગ્રામોધોગ (ગુજરાત સરકાર)

કૌશલ્ય વધારીને કુશળ બનાવતી અને નાણાંકીય સહાય સાથે સહકાર આપતી અનોખી યોજના

**શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના**

કુટિર ઉદ્યોગના કારીગરોને રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારીબેંકો, પબ્લિક સેક્ટરબેંકો, ખાનગી બેંકો મારફતે નાણાંકિય લોન / સહાય આપવાની યોજના

**હેતુઃ**

આ યોજના હેઠળ ગુજરાતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના બેરોજગાર વ્યકિતઓને સ્વરોજગારી પૂરી પાડવાનો આશય રહેલો છે. અપંગ કે અંધ વ્યકિત પણ આ યોજનાનો લાભ લઈ શકશે.

**યોજનાની પાત્રતા :**

- ઉંમર:૧૮થી૬૫ વર્ષ
- શૈક્ષણિક લાયકાત : ઓછામાં ઓછું ધોરણ–૪ (ચાર) પાસ અથવા તાલીમ / અનુભવ : વ્યવસાયને અનુરૂપ ખાનગી સંસ્થામાંથી ઓછામાં ઓછા ૩ માસની તાલીમ અથવા સરકાર માન્ય સંસ્થામાંથી ઓછામાં ઓછા એક માસની તાલીમ લીધેલી હોવી જરૂરી છે અથવા એક વર્ષના ધંધાને લગતો અનુભવ હોવો જોઈએ અથવા વારસાગત કારીગર હોવા જોઈએ.
- આવક મર્યાદા નથી.

**બેંક મારફત લોન ધિરાણની મહત્તમ મર્યાદા :**

- ઉદ્યોગક્ષેત્ર માટે મહત્તમ રૂ. ૮ લાખ
- સેવાક્ષેત્ર માટે મહત્તમ રૂ. ૮ લાખ
- વેપારક્ષેત્ર માટે મહત્તમ ર. ૮ લાખ

**ધિરાણની રકમ ઉપર સહાયના દર :**આયોજના હેઠળ ઉદ્યોગ, સેવા અને વેપારક્ષેત્ર માટે સહાયના દર નીચે મુજબ રહેશે .

| | ગ્રામ્ય | શહેરી |
|---|---|---|
| જનરલ કેટેગરી | ૨૫ | ૨૦ |
| અનુસૂચિતજાતિ/અનુસૂચિતજનજાતિ/માજીસૈનિક/મહિલા/૪૦% કે તેથી વધુ અંધ કે અપંગ | ૪૦ | ૩૦ |

**સહાયની મહત્તમ મર્યાદા :**

| ક્રમ | ક્ષેત્ર | સહાયની રકમની મર્યાદા (રકમ રૂપિયામાં) | | |
|---|---|---|---|---|
| ૧ | ઉદ્યોગ | રૂા.૧,૨૫,૦૦૦ | | |
| ૨ | સેવા | રૂા.૧,૦,૦૦,૦૦૦ | | |
| ૩ | વેપાર | જનરલ કેટેગરી | શહેરી | રૂા.૬૦,૦૦૦ |
| | | | ગ્રામ્ય | રૂા.૭૫,૦૦૦ |
| | | રીઝર્વ કેટેગરી | શહેરી / ગ્રામ્ય | રૂા.૮૦,૦૦૦ |
| **નોંધ :** અંધ કે અંપગ લાભાર્થીના કિસ્સામાં કોઈપણ ક્ષેત્ર માટે મહત્તમ સહાય રૂા.૧,૨૫,૦૦૦/– રહેશે. | | | | |

જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના સરકારશ્રીની જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના અંતગત રાજયના ગામોને ૩–ફેઝ વીજપુરવઠો ૨૪ કલાક માટે પૂરો પાડવામાં આવે છે. જેને પરીણામે ગ્રામીણ લોકોને પોતાના જ ગામમાં રહીને લઘુ ઉદ્યોગો, કુટિર ઉદ્યોગો, અનેગ્રામિણ ઉદ્યોગો સ્થાયી આજીવિકા મેળવવાની નવી તકો પૂરી પાડી છે.

**જયોતિ ગ્રામોધોગ વિકાસ યોજના :**

માર્જીન મની યોજનામાં ગ્રામિણ વસ્તિમાં આવક અને ઉદ્યોગસાહસિકતાનું સ્તર ઊંચુ આવે અને ગ્રામિણ બેરોજગાર યુવાનોમાટે રોજગારના વધુને વધુ નવા માર્ગો નિર્માણ પામે તે માટે કારીગરો / ઉદ્યોગસાહસિકો / સ્વ સહાય જૂથોનેગ્રામ્યકક્ષાએ કે

૨૦,૦૦૦ કે તેથી ઓછી વસ્તિવાળાનગરમાં રૂા.૧ લાખથી વધુ અને રૂા.૨૫ લાખ સુધીના નવા પ્રોજેક્ટ માટેજિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા લોન અરજી બેંક ભલામણ કરી બેંક મારફત ધિરાણ આપવામાં આવે છે.

**પાત્રતા :** ઉંમર :લાભાર્થીની ઉંમર ૨૫ થી ૫૦ વર્ષની હોવી જોઇએ

શૈક્ષણિક લાયકાત :ધોરણ ૧૦ પાસ અને નિયત ધંધાનો એક વર્ષનો અનુભવ

આવક : કોઈ આવક મર્યાદા નથી.

**લોનની મર્યાદા :**

- રૂા.૧ લાખથી વધુ અને રૂા.૨૫ લાખ સુધીના ઉત્પાદનલક્ષી નવા પ્રોજેક્ટને બેંક તરફથી ધિરાણ મંજૂર કરવામાં આવશે.
- આયોજનાના હેતુ માટે પરિયોજના ખર્ચમાં પ્લાન્ટખર્ચ, યંત્ર સામગ્રીખર્ચ અને આ બન્ને ખર્ચના વધુમાં વધુ ૧૦ ટકા જેટલીકાર્યકારી મૂડીનો સમાવેશ થાય છે. પરિયોજના ખર્ચમાં જમીનની તથા મકાન બાંધકામની કિંમતનો સમાવેશ થશે નહી.
- પ્રોજેક્ટ પ્રવૃત્તિ માટે પ્લાન્ટ અને મશીનરીનું રોકાણ ઓછામાં ઓછું રૂા.૫ લાખ હોવું જોઇએ .

**નાણાંકીય સહાય :**

| ક્રમ | લોનની રકમ | અનુ. જાતિ / અનુ. જનજાતિ / મહિલા / શા. વિકલાંગ / મા. સૈનિક | અન્ય |
|---|---|---|---|
| ૧ | રૂા. ૧૦ લાખ સુધી | ૩૦% | ૨૫% |
| ૨ | રૂા. ૧૦ લાખથી રૂા. ૨૫ લાખ | રૂા.૧૦ લાખના ૩૦%+બાકીની રકમના ૧૦% | રૂા.૧૦ લાખના ૨૫%+બાકીની રકમના ૧૦% |

- બેંકની શાખા તરફથી મંજૂર કરેલ ધિરાણની પૂરેપૂરી રકમની ચૂકવણી કરવામાં આવ્યા બાદ બેંક તરફથી માર્જિન મનીક્લેઇમ મળ્યેથી ચૂકવવા પાત્ર માર્જિન મનીની રકમ બે વર્ષ સુધી કરજદારના નામે કરજદારના ખાતામાં સરકારશ્રીનાઅનામત થાપણ તરીકે રાખવાની રહેશે. બે વર્ષ બાદ જે તે યુનીટ સફળતાપૂર્વક ચાલુ હોવા અંગે જનરલ મેનેજર, જીલ્લાઉદ્યોગકેન્દ્ર દ્વારા ખરાઈ કરી બેંકને પ્રમાણપત્ર આપવાનુ રહેશે. ત્યારબાદ બેંક માર્જીન મનીની રકમ કરજદારનાખાતામાં જમા લઈ શકશે .
- સંપર્ક : સબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર

**વડાપ્રધાન રોજગાર નિર્માણ કાર્યક્રમ (PMEGP) :**

ભારત સરકારે તા.૩૧–૦૩–૨૦૦૮ સુધી અમલમાં હતી તેવી બે યોજનાઓ, એટલે કે વડાપ્રધાનની રોજગાર યોજના (PMRY) નેગ્રામિણ રોજગાર નિર્માણ કાર્યક્રમ (REGP) ને ભેગી કરીને વડાપ્રધાનના રોજગાર નિર્માણ કાર્યક્રમ (PMEGP) નામનો એક નવોધિરાણ સંલગ્ન સહાયકી કાર્યક્રમ મંજૂર કરી તેનો અમલ શરૂ કર્યો છે. જેથી ગ્રામિણ તેમજ શહેરી વિસ્તારોમાં સૂક્ષ્મ ઉદ્યોગોસ્થાપીને રોજગારની તકો ઊભી કરી શકાય. PMEGP એ કેન્દ્રિય ક્ષેત્રની યોજના છે અને તેનું સંચાલન લઘુ, નાના અનેમધ્યમ કદના ઉદ્યોગોનું મંત્રાલય (મિનિસ્ટ્રી ઓફ માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈસીઝ – MOMSME)આવે છે. આયોજનાનો અમલ લઘુ, નાના અને મધ્યમ કદના ઉદ્યોગોના મંત્રાલયના વહિવટી નિયંત્રણ હેઠળ કામ કરતા વૈધાનિકસંગઠન ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન (KVIC) દ્વારા કરવામાં આવશે અને આ સંગઠન રાષ્ટ્રીય સ્તરે એક જ નોડલ એજન્સીતરીકે કામ કરશે. રાજય સ્તરે આયોજના રાજયખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ (KVIBs) ખાદી અને ગ્રામોદ્યોગ વિકાસ કમિશન હેઠળ કામ કરતી નિયામક કચેરીઓ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો અને બેંકો દ્વારા અમલમાં મૂકવામાં આવશે.

**ઉદેશો :**

- દેશના ગ્રામિણ વિસ્તારો અને શહેરી વિસ્તારોમાં સ્વરોજગાર માટેનાં ઉદ્યોગસાહસો / પરિયોજનાઓ / નાનાઉદ્યોગો શરૂકરી રોજગારીની તકો ઊભી કરવી.
- દેશમાં છૂટાછવાયા ફેલાયેલા પરંપરાગત કારીગરો / ગ્રામિણ અને શહેરી બેરોજગાર યુવાનોને સંગઠિત કરવા અને તેમનેતેમના પોતાના સ્થળે શક્ય હોય એટલા પ્રમાણમાં સ્વરોજગાર પૂરો પાડવા.

- દેશમાં પરંપરાગત અને ક્ષમતા ધરાવતા કારીગરો તથા ગ્રામિણ અને શહેરી બેરોજગાર યુવાનોના વિશાળ વર્ગને નિરંતરઅને ચાલુ રહે તેવો રોજગારપુરોપાડવો, જેથી બેરોજગાર ગ્રામિણ યુવાનોને શહેર તરફ સ્થળાંતર કરતા રોકીશકાય.
- કારીગરોની વેતન કમાવવાની ક્ષમતા વધારવી અને ગ્રામિણ તથા શહેરી રોજગારના વૃધ્ધિદરમાં વધારો કરવામાં ફાળોઆપવો.

**લાભાર્થીઓની પાત્રતાઃ–**

- ૧૮ વર્ષની ઉપરની કોઈપણ વ્યક્તિ લાભ લઈ શકે છે.
- PMEGP હેઠળ પરિયોજનાઓ સ્થાપવા માટે સહાય મેળવવા આવકની કોઈ ટોચ મર્યાદા રાખવામાં આવી નથી.
- ઉત્પાદનક્ષેત્રમાં રૂા.ર.૧૦ લાખથી વધુ અને વ્યાપાર / સેવાક્ષેત્રમાં રૂા.ર.૫ લાખથી વધુ ખર્ચવાળી પરિયોજના સ્થાપવા માટેલાભાર્થીએ ઓછામાં ઓછું આઠમું ધોરણ પાસ કરેલુ હોવું જોઈએ .
- આયોજના હેઠળ, ખાસ કરીને PMEGPહેઠળ મંજૂર કરવામાં આવેલી નવી પરિયોજનાઓ માટે જ સહાય ઉપલબ્ધ બનશે.
- PMEGP હેઠળ સ્વસહાયજૂથો (બીપીએલ હેઠળના પરંતુ જેમણે અન્ય કોઈ યોજના હેઠળ લાભ મેળવ્યો ન હોય તેવાસ્વસહાયજૂથો સહિત) પણ સહાય મેળવવાને પાત્ર છે.
- મંડળી નોંધણી અધિનિયમ (સોસાયટી રજિસ્ટ્રેણન એકટ) ૧૮૬૦ હેઠળ નોંધાયેલી સંસ્થાઓ
- ઉત્પાદન સહકારી મંડળીઓ, અને
- સખાવતી સંસ્થાઓ (ચેરીટેબલ ટ્રસ્ટ)
- હાલના એકમો (PMRY, REGPહેઠળના અથવા ભારત સરકાર કે રાજ્ય સરકારની અન્ય કોઈ યોજના હેઠળના) તથાભારત સરકાર કે રાજ્ય સરકારની અન્ય કોઈપણ યોજના હેઠળ સરકારી સહાયકો મેળવી ચૂક્યા હોય એવા એકમોઆયોજનાનો લાભ મેળવવાને પાત્ર બનતા નથી.

**લોનની મર્યાદા :**

ઉત્પાદનક્ષેત્ર હેઠળ પરિયોજના / એકમ માટે મળવાપાત્ર મહત્તમ ખર્ચ રૂા.૨૫ લાખ સેવા ક્ષેત્ર હેઠળ પરિયોજના / એકમ માટેમળવાપાત્ર મહત્તમ ખર્ચ રૂા.૧૦ લાખ નાણાંકિય સહાયનું પ્રમાણ અને પ્રકાર :

| MEGP હેઠળ નાણા સહાયના સ્તરો | માલિકનો ફાળો | સહાયકીનો દર |
|---|---|---|
| પરિયોજનાના ખર્ચનો વિસ્તાર | | |
| PMEGP હેઠળ લાભાર્થીઓની કક્ષાઓ | | શહેરી – ગ્રામિણ |
| સામાન્ય | ૧૦% | ૧૫% ૨૫% |
| ખાસ ( અનુ. જાતિઓ / અનુ. જન જાતિઓ / અન્ય પછાત વર્ગો / લઘુમતિઓ / સ્ત્રીઓ / માજી સૈનિકો / શારીરિક ખોડખાંપણ ધરાવતા લોકો / ઉ. પ્રદેશના લોકો, પર્વતિય અને સરહદી વિસ્તારના લોકો સહિત | ૫% | ૨૫% ૩૫% |

**નોંધ :**

- ઉત્પાદનક્ષેત્ર હેઠળ પરિયોજના / એકમ માટે મળવાપાત્ર મહત્તમ ખર્ચ રૂા.૨૫ લાખ છે.
- સેવાક્ષેત્ર હેઠળ પરિયોજના / એકમ માટે મળવાપાત્ર મહત્તમ ખર્ચ રૂા.૧૦ લાખ છે.
- કુલ પરિયોજના ખર્ચની બાકીની રકમ બેંક દ્વારા મુદતી લોન (ટર્મલોન) તરીકે પૂરી પાડવામાં આવશે.

## ૨૪ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાંહેધરી યોજના

કુટુંબ દિઠ વર્ષ દરમિયાન વધુમાં વધુ ૧૦૦ દિવસ રોજગારી

www.nrega.nic.in

**યોજનાનો ઉદેશ :** ગ્રામ્ય વિસ્તારમાં રહેતા કુટુંબોને, કુટુંબ દિઠ વર્ષ દરમિયાન વધુમાં વધુ ૧૦૦ દિવસ રોજગારીની બાંહેધરી આપવાનો આ યોજનાનો ઉદ્વેશ છે.

**પાત્રતાના ધોરણો :** યોજના હેઠળ તમામ ગ્રામિણ કુટુંબોના પૂખ્ત વયના સદસ્યો કે જેઓ સવેતન રોજગારી મેળવવા શારીરિક શ્રમ તથા બિનકુશળ કામ કરવા ઈચ્છુક હોય , તેવા કુટુંબો આ યોજનાનો લાભ લઈ શકે છે .

**યોજનાના ફાયદા/સહાય :** જોબ કાર્ડ ધારક ગ્રામિણ કુટુંબને વધુમાં વધુ ૧૦૦ દિવસ રોજગારી આપવાની સાથે ગ્રામ્ય વિસ્તારમાં લોકપયોગી વ્યક્તિગત અને સામૂહિક માળખાકિય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**અમલિકરણ કરતી કચેરી / એજન્સી / સંસ્થા :**યોજનાના કામોનું અમલિકરણ **ગ્રામ પંચાયત / તાલુકા પંચાયત / જિલ્લા પંચાયત, સરકારશ્રીના સંબંધિત વિભાગો ,** કેન્દ્ર / રાજ્ય સરકારના જાહેર સાહસો , પ્રખ્યાત બિન સરકારી સંસ્થા તથા સ્વ-સહાય જૂથો કરશે . જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર તરીકે જિલ્લા વિકાસ અધિકારી છે.

## ૨૫ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના - (PMFBY)

તમારા પાકને આપો આર્થિક સુરક્ષા કવચ

https://pmfby.gov.in

**યોજનાનો ઉદેશ :**

(ક) અણધાર્યા સંજોગો / ઘટનાના કારણે ખેડૂતોને પાક નુકસાનીથી જે આર્થિક નુકસાન થયું હોય તેમને આર્થિક ટેકો આપવો.

(ખ) ખેડૂતોની આવક સ્થિર રાખવી જેવી તેઓ ખેતી વ્યવસાય ક્ષેત્રે ટકી રહે.

(ગ) ખેડૂતોને ખેતી માટે આધુનિક અને નવિન ટેકનિક અપનાવવા પ્રોત્સાહન આપવું.

(ઘ) કૃષિ ક્ષેત્રમાં ધિરાણ / નાણાંનો પ્રવાહ જાળવવી રાખવો.

**પાત્રતાના ધોરણો :**

૨.૧. બધા ખેડૂતો જેમાં ભાગિયા / ભાગીદાર અને ગણોત ખેડૂતો જેઓ નોટીફાઇડ વિસ્તારમાં નોટીફાઇટ પાક પકવતા હોય, તેઓ આ યોજના હેઠળ આવરી લેવાને પાત્ર છે.

૨.૨. બધા ખેડૂતો જેઓ મોસમી ખેતીની કામગીરી માટે નાણાંકીય સંસ્થાઓ પાસેથી નોટીફાઇડ પાક માટે ધિરાણ મેળવતા (એટલે કે ધિરાણી ખેડૂતો) ખેડૂતોને ફરજિયાતપણે આવરી લેવાના રહેશે.

**યોજનાના ફાયદા / સહાય :**

આ યોજના હેઠળ ખેડૂતો દ્વારા **ખરીફ પાક માટે 2 ટકા**, રવી **પાક માટે ૧.૫ ટકા તેમજ વાર્ષિક** વાણિજિયક અને **વાર્ષિક બાગાયતી પાકો માટે 5 ટકા સુધીનું પ્રિમિયમ ભરવાનું થાય છે.**

આયોજના હેઠળ પાકના નીચે જણાવેલ તબક્કાઓ અને પાકને નુકસાન થાય તેવા જોખમ આવરી લેવામાં આવેલ છે.

એ) વાવેતર ન થવું / રોપણી ન થવી (Prevented Sowing) : ઓછા વરસાદના કારણે અથવા વિપરીત મોસની સ્થિતિના કારણે, વીમા હેઠળના વિસ્તારનમાં વાવણી અને વાવેતરને રોકવું પડે તેવા સંજોગોમાં.

બી) ઉભો પાક (વાવણીથી લણણી સુધી) : અટકાવી ન શકાય તેવા જોખમો એટલ કે દુષ્કાળ, વરસાદ ન પડવો, પૂર, વધારે વરસાદ / જળબંબાકાર, જીવાત અને રોગો, જમીન ખસવી, કુદરતી આગ, વીજળી પડવી, વાવાઝોડું બરફના તોફાન, ચક્રવાત અને ચક્રવાતના કારણે થતો વરસાદ તેમજ કમોસમી વરસાદ / માવઠાંના જોખમોના કારણે થતું નુકસાન વ્યાપક રીતે આવરી લેવામાં આવે.

સી) કાપણી પછીના નુકસાન : કાપણી બાદના બે સપ્તાહ સુધીના સમયને આ વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

ડી)	સ્થાનિક આપત્તિઓ : નોટીફાઇડ વિસ્તારમા: કરા પડવા, જમીન ખસવી અને જળબંબાકારના કારણે સ્થાનિક વિસ્તારમાં પાકને નુકસાન.

ઈ)	ઓન એકાઉન્ટ પેમેન્ટની જોગવાઇ : મુખ્ય પાકો માટે મધ્યવર્તી પ્રતિકૂળ પરિસ્થિતને કારણે થયેલ નુકસાન માટે ખેડૂતોને ઓન એકાઉન્ટ પેમેન્ટની જોગવાઇ.

**અમલિકરણ કરતી કચેરી / એજન્સી / સંસ્થા :** ભારતીય કૃષિ વિમા કંપની (AIC) અને ભારત સરકારશ્રી દ્વારા એમ્પેનલ્ડ થયેલ અન્ય વિમા કંપનીઓ પાસેથી ટેન્ડર / બીડ મંગાવી પ્રિમિયમના દર તથા વીમા કંપનીઓ નક્કી કરવાની રહેશે અને તે સંસ્થા યોજનાની અમલીકરણ સંસ્થા તરીકે કાર્યવાહી કરશે.

## ૨૬ પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના

- આકસ્મિત મૃત્યુ અને સંપૂર્ણ વિકલાંગતા કિસ્સામાં રૂ ૨ લાખનું વીમા રક્ષણ.
  - લાયકાત **:** બધાજ ખાતેદાર,ઉમર ૧૮ – ૭૦ વર્ષ
  - વાર્ષિક પ્રીમિયમ વ્યકિત દીઠ રૂ ૧૨
  - આકસ્મિત મૃત્યુ : રૂ ૨ લાખ સુધી
  - એક આંખની નજર ગુમાવયેથી અથવા એક હાથ કે પગ બિન ઉપયોગી થયે : ૧ લાખ આંશીક વિકલાંગતા માટે
  - નોધ: વીમા ધારકના કિસ્સામાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને મૃત્યુનું પ્રમાણપત્ર

## ૨૭ ખેત ઓજારની સહાય

ખેડૂતોને ખેતી માટેના ઓજારો માટે નાણાંકોય સહાય આપતી યોજના

રાજય સરકાર દ્વારા ખેડતો માટે ૧ લી એપ્રિલથી ખેતી માટેના ઓજારોની સહાય યોજના શરૂ કરવામાં આવી છે. વિવિધપ્રકારના ખેતઓજારોની ખરીદી કરવા માગતા ખેડૂતોએ આઈ ખેડૂત પોર્ટલ પર ૩૦મી એપ્રિલ સુધીમાં અરજી કરવાની રહેશે .

- ખેડતો માટે રાજય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે અને આઇખેડૂત પોર્ટલ બનાવ્યુ છે.જેમાં ૧ લી એપ્રિલથી ખેડૂતો માટે વિવિધ ખેતઓજારોની સહાયની યોજના શરૂ કરવામાં આવી છે.
- જેમાં ખેડૂતે ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર ઓપરેટરનો સંપર્ક કરી ઓનલાઈન અરજી કરવાની રહેશે અને અરજી સાથે ૮–અ નવો અસલ, બેંક પાસબુકની ઝેરોક્ષ, આધારકાર્ડની ઝેરોક્ષ, અનુ.જાતિના ખેડૂતે જાતિનો દાખલો જોડવાનો રહેશે .
- અરજીમાં અંગઠો કરી અરજીમાં જમણી બાજુ ચાલુ મોબાઈલ નંબર લખી તમામ પુરાવા સાથે અરજી ૬ દિવસમાં ગ્રામસેવકને આપવાની રહેશે. અગાઉ જે ખેડૂતોએ જે તે સાધનમાં સબસીડોનો લાભ લીધો હોય તેમણે અરજી કરવી નહી અન્યથા અરજી આપોઆપ રદ થઈ જશે તથા અરજી મંજૂર થયા બાદ જે તે સાધન માન્ય કપની – ડીલર પાસેથીખરીદવાનુ રહેશે.

**યોજનામાં ક્યા સાધન ઉપર સહાય મળશે**

અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન–પીવીસી , મીકેનીક્લ એમ.બી. પ્લાઉ, હાઈડ્રોલીક રીવર્સીબલ એમબીપ્લાઉ , ઓટોમેટીક સીડ કમફ્ટીલાઈઝર ડ્રીલ, ઓટોમેટીક સીડ કમ ફર્ટીલાઈઝર પ્લાટર, ગ્રાઉન્ડ નટ ડીગર, ઝીરોટીલ સીડ કમ ફર્ટીલાઈઝર પ્લાન્ટ, ખુલ્લીપાઈપલાઈન, ઓટોમેટીક સીડ ડ્રીલ કલ્ટીવેટર ક્લીનર કમ ગ્રેડર, ચીફ કટર (એન્જી. ઈલે મોટર ઓપરેટેડ), ચાફ કટર(ટ્રેક્ટર/પાવર ટીલર ઓપરેટેડ ) ઝીરો ટીલ સીડ ડ્રીલ ટ્રેક્ટર ડીસ્ક પ્લાઉ ડીસ્ક હેરો તાડપત્રી પેડી ટ્રાન્સ પ્લાન્ટર સેટસ પ્રોસેસીંગયુનીટ પ્લાઉં, પાવર ટીલર પાવર થ્રેસર, પાવર વીડર, પોટેટો ડીગર, પોટેટો પ્લાન્ટર વગેરે સહિત ૩૫ જેટલા ખેત ઓજારો પરસહાય આપવામાં આવનાર છે.

| ક્રમ | યોજનાનું નામ | ડીપાર્ટમેન્ટ | જરૂરી ડોક્યુમેન્ટ | અરજી કરવાનો મહિનો | કોને મળવું | મળવાપાત્ર લાભ |
|---|---|---|---|---|---|---|
| ૧ | દવા છાંટવાનો પંપ | ખેતીવાડી | ૭–૧૨ ૮–અ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક | ૧ થી ૩૦ એપ્રિલ | ગ્રામ સેવક | રૂા.૧૪૮૦ / ૫૦%સબસીડી રૂા.૩૦૦૦ |
| ૨ | અન્ડર ગ્રાઉન્ડ પી.વી.સી. પાઇપ | ખેતીવાડી | ૭–૧૨ ૮–અ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક | ૧ થી ૩૦ એપ્રિલ | ગ્રામ સેવક | ૧૨૦૦ ફૂટની મર્યાદામાં ૩ ઇંચ અને ૪ ઇંચમાં |
| ૩ | પાણીના પકા ટાંકા બનાવવા | ખેતીવાડી | ૭–૧૨ ૮–અ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક | ૧ થી ૩૦ એપ્રિલ | જમીન વિકાસ અધિકારી | ૪૦% સબસીડી |
| ૪ | ટ્રેકટર | ખેતીવાડી | ૭–૧૨ ૮–અ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક | ૧ થી ૩૦ એપ્રિલ | ગ્રામ સેવક, જમીન વિકાસ અધિકારી | ૪૦ હોર્સ પાવર સુધી રૂા.૪૫,૦૦૦ અને ૪૦ થી ૬૦ હોર્સ પાવર માટે રૂા.૬૦,૦૦૦ |
| ૫ | રોટાવેટર | ખેતીવાડી | ૭–૧૨ ૮–અ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક | ૧ થી ૩૦ એપ્રિલ | ગ્રામ સેવક, જમીન વિકાસ અધિકારી | ૭૫%/રૂા.૫૨૫૦૦ જે ઓછુ૦ હશે તે |
| ૬ | રાપ | ખેતીવાડી | ૭–૧૨ ૮–અ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક | ૧ થી ૩૦ એપ્રિલ | ગ્રામ સેવક, જમીન વિકાસ અધિકારી | ખરીદના ૪૦% |
| ૭ | વાવણીયો | ખેતીવાડી | ૭–૧૨ ૮–અ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક | ૧ થી ૩૦ એપ્રિલ | ગ્રામ સેવક, જમીન વિકાસ અધિકારી | ખરીદીના ૪૦% અથવા રૂા.૫૦૦૦૦ જે ઓછું હશે તે |
| ૮ | ખુલ્લી પાઇપ લાઇન | ખેતીવાડી | ૭–૧૨ ૮–અ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક | ૧ થી ૩૦ એપ્રિલ | ગ્રામ સેવક, જમીન વિકાસ અધિકારી | HDPEરૂા.૫૦ / પ્રતિ મીટર, PVરૂા.૩૫ / પ્રતિ મીટર |
| ૯ | ઓઇલ એન્જીન હોર્સ પાવર | ખેતીવાડી | ૭–૧૨ ૮–અ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક | ૧ થી ૩૦ એપ્રિલ | ગ્રામ સેવક, જમીન વિકાસ અધિકારી | રૂા.૧૩૮૭૫ અથવા ૫૦%જે ઓછું હશે તે |
| ૧૦ | તાડપત્રી | ખેતીવાડી | ૭–૧૨ ૮–અ, રેશન કાર્ડ, આધાર કાર્ડ, બેંક પાસબુક | ૧ થી ૩૦ એપ્રિલ | ગ્રામ સેવક, જમીન વિકાસ અધિકારી | રૂા.૧૨૫૦ અથવા ૫૦%જે ઓછું હશે તે |

## ૨૮ ખેડૂત અકસ્માત વીમા યોજના

**ખેડૂત અકસ્માત વીમા યોજના : અકસ્માતમાં મૃત્યુ/વિકલાંગ થવા પર વારસદારને સહાય**

**યોજનાના લાભાર્થની પાત્રતાનાં માપદંડ :**

ખેડૂતના હિતના રક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલીય યોજનાઓ છે. આ યોજનાઓમાંથી એક છે ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના. આ યોજના અંતર્ગત જો ખાતેદાર ખેડૂતનું મૃત્ય થાય છે તો તેના લાભ મૃતક ખાતેદાર ખેડૂતના વારસદારને અથવા તો જો ખાતેદાર ખેડૂત વિકલાંગ થાય છે, તો લાભ ખાતેદાર ખેડૂતને મળશે.

**યોજનાની શરતો :**

- મૃત્ય કે હમેશા માટે વિકલાંગ થનાર વ્યક્તિના નામ પર સંયુક્ત કે વ્યક્તિગત જમીન હોવી જોઈએ.
- અકસ્માતના લીધે મૃત્યુ કે વિકલાંગ હોવા જોઈએ .
- કુદરતી મૃત્યુ કે આત્મહત્યાના કિસ્સામાં યોજનાનો લાભ મળશે નહી.
- વારસદારના કિસ્સામાં મૃતક ખાતેદાર ખેડૂતના પહેલાં જીવિત વારસદાર (દીકરો–દીકરી) હોવા જોઈએ.

**યોજના માટે સહાય ધોરણો :**

- અકસ્માતના લીધી મૃત્યુ/સ્થાયી વિકલાગતના મામલામાં રૂપિયા ૧ લાખની સહાય
- અકસ્માતના લીધો બે અંગ કે હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં રૂપિયા ૧ લાખની સહાય
- ખાતેદાર ખેડૂતના અકસ્માતથી મૃત્ય કે વિકલાંગ થયાના કિસ્સામાં નક્કી કરેલા સમયગાળામાં અરજી કરવાની રહેશે

**યોજનાનો લાભ ક્યાંથી મળશે :**

અરજી મૃત્યુની તારીખથી ૯૦ દિવસની અંદર સંબંધિત જિલ્લા કૃષિ અધિકારી કે વ્યક્તિગત રીતે જિલ્લા પંચાયતમાં કરવાની રહેશે. ૯૦ દિવસ બાદ અરજી માન્ય રહેશે નહી.

## ૨૯ પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધી યોજના

**હેતુ** :દેશભરના કિસાનોને આર્થિક સહાય સો સમન આપવા હેતુ આ યોજના અમલી બનાવઈ છે.

**યોગ્યતા** : બે હેકટર કરતા ઓછી જમીન હોય અને સંયુકત ખાતામાં ઉપર જણાવ્યા પ્રમાણે એક કરતાં વધારે કુટુંબનો સમાવેશ થયેલ હોય તો પણ અલગત અલગત બધા કુટુંબને ૬૦૦૦– પ્રમાણે સહાય મળવા પાત્ર છે.

એક કે વધુ ખાતાથી, એક કે વધુ ગામોમાંથી ૨ હેકટર કરતા વધુ જમીન થતી હોય તો આ યોજનાનો લાભ મળવા પાત્ર નથી. વર્ગ– ૩ કે ઉપલી કક્ષાના અધિકારી– કર્મચારી, ૧૦૦૦૦ /– વધુ પેન્સન મેળવતા હોય, આવકવેરો ભરતા હોય તેમને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

એક જ ખાતામાં ૫ પરિવાર હોય જમીન ૭.૫ હેકટર હોઈ દરેક પરિવારના ભાગે ૧૫ હેકટર જમીન આવતી હોઈ આ પાંચે ય પરિવારને રૂા.૬૦૦૦ x ૫ =રૂા.૩૦,૦૦૦/– ની સહાય એક જ સંયુકત ખાતુ હોય તો પણ આ યોજના અન્વયે મળવાપાત્ર છે.

**ફાયદાઓ :**(૧) ૨ હેકટર (૫ એકર) થી નાના ખેડૂતને દર વર્ષે રૂા.૬૦૦૦/– પ્રમાણે વર્ષના ૪ મહિને ૨ હજાર એક હપ્તો એમ ત્રણ હપ્તાથી કુલ વાર્ષિક રૂા.૬૦૦૦– મળશે.

(૨) સંયુકત ખાતામાં ૨ હેકટર કરતા વધુ જમીન હોય પરંતુ ૧૮ વર્ષથી ઉપરના નામો વચ્ચે સરખા ભાગે વહેંચતા દરેક ખાતેદારને ૨ હેકટર કરતા ઓછી જમીન આવતી હોય તો તે દરેક ખાતેદારને અલગ અલગ રૂા.૬૦૦૦/– ની વાર્ષિક સહાય મળશે. ( પતિ – પત્ની અને સગર બાળકો ને એક જ કુટુંબ માં વ્યાખ્યાચિત કરેલ હોઈ રૂા.૬૦૦૦– જ મળશે તેમને અલગ અલગ નહી મળે)

(૩)ધારો કે એક ૭.૫ હેકટર જમીન વાળા ખાતામાં દાદા–દાદી, માતા–પિતા, તથા ત્રણ પુખ્ત ભાઈ–બહેન અને એક સગીર પુત્ર એમ ૮ નામ હોય તેવા કિસ્સામાં.

(૧)દાદા–દાદીનું એક કુટુંબ ગણી રૂા.૬૦૦૦–

(૨) માતા–પિતા, સગરી પુત્રનું એક કુટુંબ ગણી તેને રૂા.૬૦૦૦/–

(૩)ત્રણે ય પુખ્ત ભાઈ–બહેન ના અલગ અલગ ત્રણ કુટુંબ ગણી રૂા.૬૦૦૦x૩=રૂા.૧૮૦૦૦/–

# કાર્ડ નો પ્રકાર અને કાર્યપદ્ધતિ

## (૧) બીપીએલ કાર્ડ આપવા માટેના ધોરણો

- ✓ ગ્રામ્ય વિસ્તાર માટે અરજદારના કુટુંબની સરેરાશ માથાદીઠ માસીક આવક રૂ. ૩૨૪/– થી ઓછી હોવી જોઇએ. અને શહેરી વિસ્તાર માટે રૂ. ૫૦૧/– થી ઓછી હોવી જોઇએ. (પાંચ સભ્યોનું કુટુંબ ગણતરીમાં લેવાનું)
- ✓ અરજદાર ખેતમજૂર હોવો જોઇએ.
- ✓ અરજદાર એક એકરથી ઓછી જમીન ધરાવતો હોવો જોઇએ.
- ✓ બી.પી.એલ. સર્વે મુજબ ગ્રામ વિકાસ વિભાગની યાદીમાં ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા લાભાર્થીઓ કે જેઓએ ઇન્દીરા આવાસ યોજના કે બીજી આવાસ યોજના હેઠળ લાભ લીધેલ હોય તેવા બીપીએલ યાદીના લાભાર્થીઓ હોવા જોઇએ.
- ✓ અરજદાર કુટુંબના ભરણપોષણ માટે મજૂરકામ અર્થે સ્થળાંતર કરતો હોવો જોઇએ.
- ✓ અંત્યોદય અન્ન યોજના હેઠળ આવરી લેવાના કુટુંબો નકકી કરવાના ધોરણો
- ✓ જમીન વિહોણા ખેતમજૂરો, સીમાંત ખેડૂતો, ગ્રામ્ય કારીગરો જેવા કે કુંભાર, ચામડું પકવનારા, વણકરો, લુહાર, સુથાર, ઝુપડપટ્ટીમાં રહેતા લોકો અને અવિધિસર સેકટરમાં દૈનિક ધોરણે તેમનું ગુજરાન કમાતા જેવા કે માલ સમાન ઉચકનારા કુલી, રીક્ષાચાલક, હાથલારી ચલાવનારા, ફળફળાદિ અને ફુલ વેચનાર, મદારીઓ, કાગળ, વીણનારા અને વંચિત તથા આવી જ કેટેગરીમાં આવતા અન્ય ગ્રામ્ય અને શહેર વિસ્તારમાં રહેતા લોકો.
- ✓ વિધવા સંચાલિત કુટુંબો અથવા બિમાર વ્યકિતઓ/અશકત વ્યકિતઓ/૬૦ વર્ષની ઉંમરની વ્યકિતઓ અથવા તેથી વધારે ઉંમરની વ્યકિતઓ કે જેમને જીવન નિર્વાહ માટેનું સાધન અથવા સામાજિક આધાર ન હોય.
- ✓ વિધવાઓ અથવા બિમાર વ્યકિતો અથવા અશકત વ્યકિતઓ અથવા ૬૦ વર્ષની ઉંમર કે તેથી વધારે ઉંમરની વ્યકિતઓ અથવા એકલ સ્ત્રીઓ અથવા એકલ પુરુષો કે જેમને કુટુંબ ન હોય અથવા સામાજિક આધાર ન હોય અથવા જીવન નિર્વાહ માટેનું કોઇ સાધન ન હોય.
- ✓ તમામ આદીમ આદિવાસી કુટુંબો.
- ✓ બી.પી.એલ. કાર્ડધારક એચઆઇવીગ્રસ્ત વ્યકિત
- ✓ બી.પી.એલ. કાર્ડધારક રકતપિત્તથી અસરગ્રસ્ત
- ✓ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ નોંધાયેલા તમામ વિધવા, અપંગ, અશકત વ્યકિતઓ કે જેઓ બી.પી.એલ. કાર્ડ ધારકો હોય તે તમામ વ્યકિતઓ.

**બારકોડેડ રેશનકાર્ડના કોડ**

| ક્રમ | કેટેગરી | કોડ |
|---|---|---|
| ૧ | **એપીએલ–૧** | **કોડ–૧** |
| ૨ | **એપીએલ–૨** | **કોડ–૨** |
| ૩ | **બીપીએલ** | **કોડ–૩** |
| ૪ | **એએવાય** | **કોડ–૪** |

### નવા બાર કોડેડ રેશન કાર્ડની કિંમત

હયાત જૂના રેશનકાર્ડના બદલે નવા બારકોડેડ રેશનકાર્ડ તથા વિભાજન કરી આપવામાં આવતા બારકોડેડ રેશનકાર્ડ વિના મૂલ્યે આપવામાં આવે છે. તદન નવા તથા ડુપ્લીકેટ બારકોડેડ રેશનકાર્ડની કિંમત નીચે મુજબ છે.

| ક્રમ | કેટેગરી | કાર્ડની કિંમત રૂ. | ડુપ્લીકેટ કાર્ડની કિંમત રૂ. |
|---|---|---|---|
| ૧ | એપીએલ-૧ | ૨૦/- | ૩૦/- |
| ૨ | એપીએલ-૨ | ૪૦/- | ૪૦/- |
| ૩ | બીપીએલ | નિ:શુલ્ક | ૫/- |
| ૪ | એએવાય | નિ:શુલ્ક | ૫/- |

## (૨) આધારકાર્ડ

**આધાર એ શું છે?**

આધારનો મતલબ ઘણી ભારતીય ભાષાઓમાં "પાયો" થાય છે, જે શબ્દ યુઆઈડીએઆઈ દ્વારા જારી કરાતા અનોખા ઓળખ ક્રમાંક માટે ઉપયોગમાં લેવાય છે. તેને વ્યક્તિગત બાયોમેટ્રિક્સ સાથે લિંક કરાયો હોવાથી કોઈ નિવાસીનો ડુપ્લિકેટ નંબર ન હોઈ શકે, માટે લાભાર્થી યોજનામાં થતા લીકેજ અને બોગસ ઓળખને તેનાથી ઓળખી શકાશે.આધાર-આધારિત ઓળખ થકી ડુપ્લિકેટ અને બનાવટીને નાબૂદ કરવાથી સરકારને તે લાભોને અન્ય લાયક નિવાસીઓ સુધી પહોંચાડવામાં મદદ મળશે.

**આધારના ફીચર્સ અને લાભો કયા છે?**

એક આધાર: આધાર અનોખો નંબર છે, અને કોઈ નિવાસી પાસે ડુપ્લિકેટ નંબર ન હોઈ શકે કારણ કે તેને તેમના વ્યક્તિગત બાયોમેટ્રિક્સ સાથે જોડાયો છે, માટે કોઈ નિવાસીનો ડુપ્લિકેટ નંબર ન હોઈ શકે, માટે લાભાર્થી યોજનામાં થતા લીકેજ અને બોગસ ઓળખને તેનાથી ઓળખી શકાશે. આધાર-આધારિત ઓળખ થકી ડુપ્લિકેટ અને બનાવટીને નાબૂદ કરવાથી સરકારને તે લાભોને અન્ય લાયક નિવાસીઓ સુધી પહોંચાડવામાં મદદ મળશે.

**પૉર્ટેબિલિટી:** આધાર એક યુનિવર્સલ નંબર છે, અને એજન્સીઓ તથા સેવાઓ લાભાર્થીની ઓળખની પુષ્ટિ માટે દેશમાં કોઈ પણ સ્થળેથી સેન્ટ્રલ યુનિક આઈડેન્ટિફિકેશન ડેટાબેઝનો સંપર્ક કરી શકે છે.

**કોઈ પ્રવર્તમાન ઓળખ દસ્તાવેજો વિનાના લોકોને ઓળખવા:** ગરીબો અને સીમાંત લોકોને લાભો પહોંચાડવામાં એક સમસ્યા તેમની પાસે ઓળખના દસ્તાવેજોની અનુપલબ્ધિ હોય છે જેથી તેઓ સરકારી લાભો મેળવી શકે, યુઆઈડીએઆઈ માટે ડેટાની ખરાઈ માટે "ઓળખ આપનાર"ની પ્રણાલિ લાગુ કરાતા આવા નિવાસીઓ ઓળખ સ્થાપિત કરી શકશે.

**લાભની ઈલેક્ટ્રોનિક ટ્રાન્સફર:** યુઆઈડી-ચલિત બેંક-ખાતાનું નેટવર્ક એક સુરક્ષિત અને ઓછા ખર્ચનો મંચ પૂરો પાડે છે જેથી લાભોને સીધા નિવાસીઓ સુધી કોઈ વધુ ખર્ચ કર્યા વિના પહોંચાડી શકાય અને તેના પગલે હાલની પ્રણાલિમાં રહેલા લીકેજને પણ દૂર કરી શકાશે.

આધાર-આધારિત પ્રમાણભૂતતા દ્વારા લાભાર્થીઓને તેના લાભોની આપૂર્તિ: યુઆઈડીએઆઈ દ્વારા નિવાસીની ઓળખને પ્રસ્થાપિત કરવા ઈચ્છતી એજન્સીઓ માટે ઓનલાઈન ઓથેન્ટિકેશન સર્વિસ ઓફર કરાય છે. વધેલી પારદર્શિતા દ્વારા સુધરેલી સેવાઃ સ્પષ્ટ જવાબદેહિતા અને પારદર્શી નિરીક્ષણ થકી લાભાર્થીઓ અને એજન્સીઓ બંનેમાં હકપાત્રતાની પહોંચ અને ગુણવત્તામાં સુધારો થશે.

સેલ્ફ– સર્વિસથી નિવાસી નિયંત્રણમાં રહે છે: : આધારનો ઓળખની પ્રણાલિ તરીકે ઉપયોગ કરવાથી નિવાસી તેમની હકપાત્રતા, માગની સેવાઓને લગતી અપ–ટુ–ડેટ માહિતી સુધી સીધી પહોંચ મેળવી શકે છે અને તેમના મોબાઈલ ફોન, કિઓસ્ક તથા અન્ય માધ્યમોનો ઉપયોગ કરીને તેમની તકરારોનું નિવારણ કરાવી શકે છે. નિવાસીના મોબાઈલ પર સેલ્ફ સર્વિસને કારણે ટુ–ફેક્ટર ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરીને સુરક્ષાને નિશ્ચિત કરી શકાય છે (એટલે કે નિવાસીના નોંધાયેલા મોબાઈલ નંબરનું પઝેશન પૂરવાર કરવાની સાથે નિવાસીના આધાર પિનનું જ્ઞાન). આ માપદંડો મોબાઈલ બેન્કિંગ અને પેમેન્ટ માટે ભારતીય રિઝર્વ બેંકના મંજૂર કરાયેલા માપદંડોને અનુરૂપ છે.

**આધાર મેળવવા કોઈ પણ વ્યક્તિએ કઈ માહિતી આપવી જરૂરી છે? જરૂરી જનસાંખ્યિક માહિતી:**

નામ ,જન્મનીતારીખ, જાતિ, સરનામું, માતાપિતા/ વાલીની વિગતો (બાળકો માટે જરૂરી, પુખ્તો પણ આપી શકે), ફોન અને ઈમેઈલની સંપર્ક વિગતો (વૈકલ્પિક) , જરૂરી બાયોમેટ્રિક વિગતો:ફોટો, 10 આંગળાની છાપ, આઈરિસ

**આધારનો શો ઉપયોગ થઈ શકે? આધાર સક્ષમ કામગીરીઓ કઈ છે? કેવી રીતે કોઈ નિવાસીને આધાર સક્ષમ કામગીરીઓ દ્વારા લાભ પ્રાપ્ત થઈ શકે?**

આધારનો મતલબ થાય પાયો, અને આ કારણે તેનો આધાર સર્જન કરી શકાય તેવી ડિલિવરી પ્રણાલિ પર છે. આધારનો ઉપયોગ એવી કોઈ પણ પ્રણાલિમાં થઈ શકે જેમાં પ્રણાલિ દ્વારા ઓફર કરાતી સેવાઓ/ લાભોને કોઈ નિવાસી સુધી સુરક્ષિત રીતે પહોંચાડવા અને/ અથવા તેની ઓળખ સ્થાપિત કરવામાં આવતી હોય. આધારનો નીચેના કાર્યક્રમોની ડિલિવરી માટે ઉપયોગ કરી શકાય છે:

આહાર અને પોષણ – જાહેર વિતરણ વ્યવસ્થા, અન્ન સુરક્ષા, મધ્યાહ્ન ભોજન, અદ્યતન બાળ વિકાસ યોજના.

સશક્તિકરણ – મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરન્ટી યોજના, સ્વર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજના, ઈન્દિરા આવાસ યોજના, વડાપ્રધાન રોજગાર ગેરન્ટી કાર્યક્રમ

શિક્ષણ – સર્વ શિક્ષા અભિયાન, શિક્ષણાધિકાર

સામેલગીરી અને સામાજિક સુરક્ષા – જનની સુરક્ષા યોજના, મુખ્ય આદિવાસી જૂથ વિકાસ, ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના

આરોગ્ય – રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, જનશ્રી વીમા યોજના, આમ આદમી વીમા યોજના

સંપત્તિના વ્યવહારો, મતદાર ઓળખપત્ર, પાન કાર્ડ વગેરે સહિતના અન્ય પરચૂરણ ઉદ્દેશો

**કેવી રીતે આધાર સરકાર દ્વારા જારી કરાતી અન્ય કોઈ ઓળખથી ભિન્ન છે?**

આધાર એ જીવનપર્યંતનો 12 આંકડાનો અનોખો અડસટ્ટે મળતો નંબર છે જે કોઈ પણ સ્થળેથી આધાર ઓથેન્ટિકેશન મંચનો ઉપયોગ કરીને કોઈ પણ સમયે ઓનલાઈન ઓળખ કરી શકાય તેવા નિવાસીને અપાય છે. આધાર ઓથેન્ટિકેશન ફક્ત હા કે ના જવાબ આપે છે. આધાર યોજનાનો પ્રાથમિક હેતુ સામાજિક સુરક્ષાના લાભોની ડિલિવરીને સુધારવા તેમજ લીકેજ અને ફંડના ધોવાણને અટકાવવા, બનાવટી અને ડુપ્લિકેટને નાબૂદ કરવા અને પારદર્શિતા તથા જવાબદેહિતા સુધારવાનો છે.

**શું સરકારે આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવા માટે આધાર નંબર રજૂ કરવાનું ફરજિયાત બનાવી દીધું છે?**

હા, આવકવેરા ધારા, 1961ની કલમ 139એએ તેમજ નાણાં ધારા, 2017માં કરાયેલા ઉલ્લેખ મુજબ આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવા માટે આધાર/ આધાર નોંધણી ફોર્મનું નોંધણી આઈડી પ્રસ્તુત કરવું ફરજિયાત છે.

**શું એનઆરઆઈ આધાર મેળવી શકે છે?**

આધાર (નાણાંકીય તથા અન્ય સબસિડી, લાભો અને સેવાઓની લક્ષ્યાંકિત ડિલિવરી) ધારા, 2016 અનુસાર, ફક્ત નિવાસી વ્યક્તિ જ આધાર મેળવવાને પાત્ર છે. આ ધારા મુજબ નિવાસીનો મતલબ થાય એવી વ્યક્તિ કે જે આધાર માટે નોંધણી કરાવ્યાની તારીખથી તુરત પહેલાના 12 મહિનામાં 182 દિવસ અથવા વધુ સમયગાળા સુધી સળંગ ભારતમાં નિવાસ કરી ચૂકી હોય.

**ડેટાબેઝમાં કેવી રીતે બાળકોને કેપ્ચર કરવાના?**

5 વર્ષથી ઓછી વયની વ્યક્તિઓ માટે કોઈ બાયોમેટ્રિક્સ નહીં લેવાય. તેમની યુઆઈડીને જનસાંખ્યિક માહિતી અને તેમના માતાપિતાના યુઆઈડી સાથે લિંક કરાયેલી ચહેરાની તસવીરના આધારે પ્રોસેસ કરાશે. આ બાળકોને દસ આંગળાના તેમના બાયોમેટ્રિક્સ, આઈરિસ અને ચહેરાની તસવીર માટે અપડેટ કરાવવાના રહેશે જ્યારે તેઓ 5 અને 15 વર્ષના થાય. આ સંબંધે સૂચનાનો અસલ આધારપત્રમાં ઉલ્લેખ કરાશે.

**કેવી રીતે વિકલાંગો અને આંગળીની છાપ ધરાવતા ન હોય અથવા બરછટ હાથ હોય તેવી વ્યક્તિઓ જેમકે બીડી કામદારો અથવા આંગળા ન હોય તેમના બાયોમેટ્રિક્સને કેવી રીતે કેપ્ચર કરવાના?**

આ અપવાદો માટે નીતિ હેઠળ વિચારણા થશે અને બાયોમેટ્રિક માપદંડો સૂચવીને આ જૂથના લોકો રહી ન જાય તેની કાળજી રખાશે. હાથ કે આંગળા વિનાના આ લોકો માટે ફક્ત ફોટોનો ઓળખ નિર્ધારણ માટે ઉપયોગ કરાશે પરંતુ અનોખાપણા માટે માર્કર્સ અવશ્ય રહેશે.

**શું આધારની વિગતોમાં સુધારો રવા માટે કોઈ ફી ચૂકવવાની રહેશે?**

હા, આધારમાં જનસાંખ્યિક અથવા બાયોમેટ્રિક સુધારા માટે તમારે તમારી વિગતને જ્યારે પણ સુધરાવો તે દરેક વાર સર્વિસ પ્રોવાઈડરને રૂ. 25 ચૂકવવાના રહેશે. તમે યુઆઈડીએઆઈ દ્વારા માન્ય ફી માળખા માટે https://uidai.gov.in/પર જઈને "Charges for Various UIDAI Services at Aadhaar Kendra (PEC)" પર પણ ક્લિક કરી શકો છો.

**હું કેવી રીતે આધારમાં મારી વિગતો સુધરાવી શકું?**

તમે 3 અલગ–અલગ રીતે તમારી વિગતોને સુધરાવી શકો:–

કાયમી નોંધણી સેન્ટરમાં જઈને. https://uidai.gov.in/પર જઈને "Locate Enrolment Center" પર ક્લિક કરીને.

Self Service Update Portal (SSUP). નો ઉપયોગ કરીને ઓનલાઈન. https://uidai.gov.in/પર જઈને "Update Aadhaar Details (Online)" પર ક્લિક કરો.

ટપાલ દ્વારા, યુઆઈડીએઆઈને સેલ્ફ–એટેસ્ટેડ સહાયક દસ્તાવેજોની સાથે અરજીપત્ર ભરીને મોકલવું. https://uidai.gov.in/પર જઈને "Update Request by Post" પર ક્લિક કરો.

**હું ઓનલાઈન સર્વિસ અપડેટ પોર્ટલનો અપડેશન માટે ઉપયોગ કરતો હોઉં તો હું કઈ વિગતોને સુધારાવી શકું?**

જો તમે ઓનલાઈન સેલ્ફ સર્વિસ અપડેટ પોર્ટલનો (એસએસયુપી) અપડેશન માટે ઉપયોગ કરતા હોવ, તો તમે તમારી જનસાંખ્યિક વિગતોને (નામ, સરનામું, જન્મની તારીખ, જાતિ, મોબાઈલ અને ઈમેઈલ) સુધારાવી શકો છો. આ સેવાનો ઉપયોગ કરતી વેળાએ કૃપા કરીને સુનિશ્ચિત કરશો કે તમારો મોબાઈલ નંબર આધારમાં નોંધાયેલો હોય.

**શું આધાર નોંધણી માટે મારે અસલ દસ્તાવેજો લાવવાના રહેશે?**

હા, તમારે આધાર નોંધણી માટે સહાયક દસ્તાવેજોના અસલ કાગળ લાવવાના રહેશે. આ અસલ કાગળોને સ્કેન કરીને નોંધણી બાદ તમને પરત કરાશે.Aadhar Card PDF file link: -

https://uidai.gov.in/images/aadhaar_enrolment_correction_form_version_2.1.pdf

**આધારની નોંધણી માટે કયા દસ્તાવેજ જરૂરી છે?**

ઓળખના પૂરાવા (પીઓઆઈ) અને રહેઠાણના પૂરાવા (પીઓએ) દસ્તાવેજો સ્વરૂપી સહાયક દસ્તાવેજો સાથે તમારે નોંધણી કેન્દ્ર ખાતે ઉપલબ્ધ અરજીપત્ર ભરવાનું રહેશે. યુઆઈડીએઆઈ દ્વારા 18 પીઓઆઈ અને 35 પીઓએ દસ્તાવેજો સ્વીકારાય છે.સહાયકદસ્તાવેજોની માન્ય યાદી માટેhttps://uidai.gov.in/images/commdoc/valid_documents_list.pdf

## (૩) રેશન કાર્ડ

**સામાન્યતઃ** રાજ્યની અંદર વસવાટ કરતાં દેશના દરેક નાગરીકોને રેશનકાર્ડ મેળવવાનો અધિકાર છે. આ માટે રાજ્ય સરકારે નક્કી કરેલ નિયત નમૂના મુજબના ફોર્મમાં કુટુંબના વડાએ સંપૂર્ણ વિગતો આપી તેમના વિસ્તારના તાલુકા મામલતદાર / ઝોનલ અધિકારીની કચેરીમાં આધાર-પુરાવા સાથે અરજી કરવાની રહે છે. સીટીઝન ચાર્ટરની જોગવાઇ મુજબ તાલુકા મામલતદાર શ્રી/ઝોનલ અધિકારીશ્રીએ અરજદારની અરજી અંગે ચકાસણી અને જરૂરીયાત મુજબ સ્થળ તપાસ કરી કાર્ડની કેટેગરી નક્કી કરી, કુટુંબના વડા/સભ્યોની ફોટા અને બાયો મેટ્રીક વિગતો મેળવી, બારકોડેડ રેશનકાર્ડ ઇસ્યુ કરવાનું થાય છે. બારકોડેડ રેશનકાર્ડ યોજના હેઠળ કાર્ડ ધારકે તેઓની બાયોમેટ્રીક વિગતોને આધારે ઇ-ગ્રામ / સાયબર કાફેની મુલાકાત લઇ તેઓની કાર્ડની કેટેગરીને અનુરૂપ મળવાપાત્ર આવશ્યક ચીજ વસ્તુના જથ્થાની બારકોડેડ કુપનો મેળવવાની થાય છે. એ-૪ સાઇઝની બારકોડેડ કુપનીશીટ ઉપર કાર્ડ ધારકોને મળવાપાત્ર તમામ ચીજ વસ્તુઓ દીઠ વ્યક્તિગત કુપનો પ્રિન્ટ કરી આપવામાં આવે છે. અને તે કુપનો ઉપર કાર્ડ ધારકનું નામ, કાર્ડની જન સંખ્યા, જે દુકાનમાંથી જથ્થો મેળવવાનો છે તે દુકાનદારનું નામ, જે તે માસ માટે મળવાપાત્ર ચીજ વસ્ ુની માત્રા, કીંમત વગેરે જેવી તમામ વિગતો પણ દર્શાવવામાં આવે છે. રાજ્ય સરકારે આ કુપનશીટની કિંમત રૂ. ૫/- નક્કી કરી છે. કુપનશીટના વચ્ચેના ભાગમાં કાર્ડધારકની પ્રત પણ છાપીને આપવામાં આવે છે. જ્યારે એ/૪ સાઇઝની પેપરશીટ ઉપરના બંને છેડા ઉપર આવેલી બારકોડેડ કુપનો આવશ્યકતા અનુસાર કાપીને વાજબી ભાવના દુકાનદાર / કેરોસીન એજન્ટ / ફેરીયાને દર્શાવેલ રકમ ચુકવી કુપન પર છાપેલ જથ્થો મેળવવાનો રહે છે. સાથો સાથ બારોકોડેડ રેશનકાર્ડમાં પણ જે તે વર્ષના માસ દરમ્યાન મેળવેલ આવશ્યક ચીજ વસ્તુઓના જથ્થાની નોંધ પણ કરાવવાની રહે છે. આવનાર દિવસોમાં બારકોડેડ રેશનકાર્ડ ધારક કોઇ પણ વાજબી ભાવની દુકાન ખાતેથી આવશ્યક ચીજ વસતુઓનો જથ્થો મેળવી શકે છે તે માટેની વ્યવસ્થાઆપવા પણ વિચારણા હેઠળ છે. બારકોડેડ રેશનકાર્ડ તેમજ બાયો મેટ્રીક આધારિત કુપનની પદ્ધતિના અમલ થકી વાજબી ભાવના દુકાનદાર કે કેરોસીનના રીટેલર કે ફેરીયા ઉપર જણાવ્યા પ્રમાણે મેળવેલ કુપનનો પોતાની અનુકૂળતાએ, પણ કોઇપણ સંજોગોમાં, માસના અંત પહેલા ઇગ્રામ/સાયબર કાફેની મુલાકાત લઇ વંચાણ કરાવવાની રહેશે. આવનાર દિવસોમાં વાજબી ભાવના દુકાનદારો કે કેરોસીનના ફેરીયાઓ / રીટેલરોએ કુપન પદ્ધતિએ માસ દરમ્યાન જે વસ્તુઓનું વેચાણ કરેલ હશે તે મુજબ આવશ્યક ચીજ વસ્તુના જથ્થા માટે તે પછીના મહિનાની પરમીટ મળવી શકશે. આ મુજબની વ્યવસ્થા ટુંકસમયમાં કરવામાં આવશે.

### ટુંકી પ્રશ્નોત્તરી

**(૧) મારું રેશનકાર્ડ ફાટી, ખોવાઈ, બળી ગયુ હોયતો ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા માટે શું કરવું?**

રેશનકાર્ડ ફાટી, ખોવાઈ, બળી ગયુ હોયતો ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા માટે અરજી ફોર્મ નમુનો નં. ૯ ભરી તાલુકાના એ.ટી.વી.ટી. (ATVT) સેન્ટરમાં અથવા શહેરી વિસ્તારમાં ઝોનલ કચેરીએ રજુ કરવાનું રહેશે.અરજી પત્રક નમુનો -૯ (નવ) ડાઉનલોડ કરવા https://dcs-dof.gujarat.gov.in/Images/form-No-9.pdf

**(૨) મને બારકોર્ડેડ રેશનકાર્ડ દ્વારા શું મળી શકે અને ક્યાંથી મળી શકે?**

રાજ્યના તમામ રેશનકાર્ડ ધારકોને તેમનું માન્ય રેશનકાર્ડ જે વાજબી ભાવની દુકાન સાથે જોડાયેલ હોય તે દુકાન પરથી રેશનકાર્ડની કેટેગરી પ્રમાણે મળશે. વધુમાં ચાલુ માસ દરમ્યાન મળવા પાત્ર આવશ્યચક ચીજવસ્તુ ઓની તથા ભાવની માહિતી.

**(૩) નવું બારકોર્ડેડ રેશનકાર્ડ કેવી રીતે મળી શકે?**

નવું બારકોડેડ રેશનકાર્ડ મેળવવા નમુના–૨ (બે) માં અરજી કરવી તથા રેશનકાર્ડ માટેના ફોર્મ ભરવામાં આપને દર્શાવ્યા મુજબની વિગતોની જરૂર પડશે, જેથી ફોર્મ ભરતા પહેલા તે હાથવગી રાખવી.

અરજી પત્રક નમુના –૨ (બે) ડાઉનલોડ કરવા https://dcs-dof.gujarat.gov.in/images/Form-2.pdf

ફોર્મ ભરતી વખતે જરુરી વિગતો સાથે રાખવાની માહિતી માટે યાત રેશનકાર્ડ (હોય તો) અથવા અન્ય જિલ્લાના રેશનકાર્ડમાં નામ કમી કરાવ્યાનો દાખલો,વિજળી બીલ,ઇન્કમટેક્ષ પાનકાર્ડ,ગ્રામ પંચાયત/ન.પા./મ.પા./ના મિલ્કતના વેરાના બીલ ડ્રાયવીંગ લાયસન્સ,ટેલીફોન મોબાઇલ બીલ,ચુંટણી ઓળખપત્ર (જે સભ્યોએ ઓળખપત્રો મેળવેલા છે તે તમામ),રાંધણગેસની પાસબુક,પી.એન.જી. ગેસ વપરાશનું છેલ્લું બીલ,ખેડૂત ખાતાવહી અથવા ગામ નમુના નં–૮–અ,નરેગાનું જોબકાર્ડ,બેંકની પાસબુક,કિસાન ક્રેડીટકાર્ડ

**(૪) નવું બારકોર્ડેડ રેશનકાર્ડ મેળવવા માટે કયા પુરાવાની જરુરીયાત રહેશે?**

જે લોકો પાસે હાલના રહેઠાણના સ્થળે કોઇપણ પ્રકારના રેશનકાર્ડ નથી અને જે લોકો ઘણા સમયથી ગુજરાત રાજ્યમાં વસવાટ કરે છે, પરંતુ રેશનકાર્ડ ધરાવતા નથી, હવે જો તેમને રેશનકાર્ડની જરૂર હોય તો તે નમુના–૨ (બે) માં અરજી કરી શકે છે.

**નવા રેશનકાર્ડ માટેના ફોર્મ ભરવામાં આપને નીચે મુજબની વિગતોની જરૂર પડશે, જેથી ફોર્મ ભરતા પહેલા તે હાથવગી રાખવી.**

- ✓ હયાત રેશનકાર્ડ (હોય તો) અથવા અન્ય જિલ્લાના રેશનકાર્ડમાં નામ કમી કરાવ્યાનો દાખલો
- ✓ વિજળી બીલ,ઇન્કમટેક્ષ પાનકાર્ડ,ગ્રામ પંચાયત/ન.પા./મ.પા./ના મિલ્કતના વેરાના બીલ,ડ્રાયવીંગ લાયસન્સ,ટેલીફોન મોબાઇલ બીલ,ચુંટણી ઓળખપત્ર (જે સભ્યોએ ઓળખપત્રો મેળવેલા છે તે તમામ),રાંધણગેસની પાસબુક,પી.એન.જી. ગેસ વપરાશનું છેલ્લું બીલ,ખેડૂત ખાતાવહી અથવા ગામ નમુના નં–૮–અ,નરેગાનું જોબકાર્ડ,બેંકની પાસબુક,કિસાન ક્રેડીટકાર્ડ
- ✓ ફોર્મમાં માંગેલ વિગતો જેવી કે નામ, સરનામું, જાતિ, કુટુંબની અન્ય વ્યકિતના નામ અને તેમની સાથેનો સંબંધ, અભ્યાસ, ધંધો, આવક અને અન્ય માહિતી આપેલી સુચના પ્રમાણે સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં લખવાની રહેશે. અને તેના સંબંધિત પુરાવાઓ જોડવા પડશે.
- ✓ અરજદાર જો ભાડે રહેતા હોય તો તેમને ભાડાચિઠ્ઠી / ભાડા પહોંચનો આધાર રજુ કરવાનો રહેશે. જ્યારે મકાન પોતાની માલિકીનું હોય તેમણે મિલકતનો નંબર અને વીજ કનેકશન નંબર અચુક લખવાનો રહેશે અને છેલ્લા બીલની ઝેરોક્ષ જોડવાની રહેશે.
- ✓ રાંધણ ગેસ કનેકશન અને પાઇપ લાઇનથી ગેસ મેળવતા ગ્રાહકોએ તેની વિગત આપવાની રહેશે.
- ✓ જે સભ્ય ૧૮ વર્ષથી ઉપરનો હોય અને ચુટણીનું ઓળખકાર્ડ ધરાવતો હોય તો તેનો નંબર લખવાનો રહેશે. (આ વિગત આપવી ફરજીયાત છે.)
- ✓ જો આપ કોઈપણ પ્રકારના રેશનકાર્ડ ધરાવતા ના હોય અને રેશનકાર્ડ મેળવવા માટે અરજી કરી હોય ત્યારે આપને ઓળખતા હોય તેવા હાલમાં રેશનકાર્ડ ધરાવતા હોય તેવા વ્યક્તિની ઓળખ તથા તેમની સહી, ચુંટણી ઓળખકાર્ડ અને ડ્રાયવીંગ લાયસન્સની ઝેરોક્ષ રજુ કરવાની રહેશે. તે વગર આપને નવું કાર્ડ આપવામાં આવશે નહિ.
- ✓ કુટુંબના જે સભ્યોની ઉંમર ૧૫ વર્ષ કે તેથી વધુ હોય તેઓ બંને હાથની આંગળીઓના નિશાન (બાયોમેટ્રીક) આપી શકશે, તથા તેમનો ફોટો પડાવી શકશે.
- ✓ નવા રેશનકાર્ડ માટેનું અરજી ફોર્મ આપ જમા કરાવો ત્યારે તેની પહોંચ મેળવી સાચવવી જરૂરી પછીથી આ પહોંચ રજુ કર્યેથી નવું રેશનકાર્ડ મેળવી શકશો.છે.
- ✓ આપને ફોર્મ ભરવાને લગતી કોઈ મુશ્કેલી હોય તો ટોલ ફ્રી નંબર :– ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ પર જણાવી શકશો.

**(૫) ચાલુ કૌટુંબિક રેશનકાર્ડમાંથી નામ કમી કરાવવા શું કરવું?**

ચાલુ રેશનકાર્ડમાંથી નામ કમી કરવા માટે અરજી ફોર્મ નમુનો નં. ૪ ભરવાનું રહેશે.

અરજી પત્રક નમુનો –૪ (ચાર) ડાઉનલોડ કરવા https://dcs-dof.gujarat.gov.in/Images/Form-4-Final.pdf

**(૬) મારું રેશનકાર્ડ ટ્રાન્સફર કરાવવું છે તો મારે શું કરવું?**

સરકારશ્રીની નવી યોજના પ્રમાણે બાર્કોડેડ રેશન કાર્ડ ધારકને કાર્ડ બદલવાની જરૂર નથી પરંતુ માત્ર સરનામું અને તે વિસ્તારના દુકાનદારનું નામ સુધરાવવાનું રહેશે.

**(૭) બારકોર્ડેડ રેશનકાર્ડમાં કેટલી શ્રેણીઓ ઉપલબ્ધ છે?**

| ક્રમ | કેટેગરી | કોડ |
|---|---|---|
| ૧ | એપીએલ–૧ | કોડ–૧ |
| ૨ | એપીએલ–૨ | કોડ–૨ |
| ૩ | બીપીએલ | કોડ–૩ |
| ૪ | એએવાય | કોડ–૪ |

**(૮) નવું બારકોડેડ રેશનકાર્ડ કઈ રીતે વિભાજનથી મેળવી શકાય?**

નવું બારકોડેડ રેશનકાર્ડ વિભાજનથી મેળવવા માટે અરજી ફોર્મ નમુનો નં. ૫ ભરવાનું રહેશે.

અરજી પત્રક નમુનો –૫ (પાંચ) ડાઉનલોડ કરવા https://dcs-dof.gujarat.gov.in/Images/Form-5.pdf

**(૯) જુના હયાત રેશનકાર્ડ કે જેમણે ફોર્મ નં. ૧ ભરેલ છે પરંતુ હજુ સુધી નવું બારકોડેડ રેશનકાર્ડ મળેલ નથી અને તે રેશનકાર્ડ ધારકોને તેમનું કાર્ડ વિભાજનથી મેળવવા શું કરવું ?**

જુના હયાત રેશનકાર્ડ ધારકો કે જેમણે ફોર્મ નં. ૧ ભરેલ છે. પરંતુ હજુ સુધી નવુ બારકોડેડ રેશનકાર્ડ મળેલ નથી તેવા રેશનકાર્ડ ધારકો તરફથી કુટુંબનું વિભાજન થવાને કારણે કાર્ડ વિભાજન કરી નવુ બારકોડેડ રેશનકાર્ડ મળે તે માટે તાલુકામાં મામલતદાર કચેરી હેઠળ ના જનસેવા કેન્દ્રોડ અને શહેર વિસ્તાનરમાં ઝોનલ કચેરી દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવાની રહે છે.

એક રેશનકાર્ડમાંથી વિભાજન કરી અલગ બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટે નિયત કરેલ નમૂના નં. ૫ ના ફોર્મ માં સંપૂર્ણ વિગતો અને જરૂરી પુરાવાઓના બીડાણ સહિતની અરજી જનસુવિધા કેન્દ્રન પર એટીવીટી ઓપરેટરને સુપ્રત કરવાની રહેશે.

અરજી પત્રક નમુનો –૫ (પાંચ) ડાઉનલોડ કરવા https://dcs-dof.gujarat.gov.in/Images/Form-5.pdf

## (૪) "માં" અને "માં વાત્સલ્ય" કાર્ડ

<u>"મા" અને "મા વાત્સલ્ય" કાર્ડ:-</u>

- **યોજના હેઠળ લાભાર્થીના કુંટુબના દરેક સભ્યના ફોટો, બાયોમેટ્રિક અંગુઠાના નિશાનનો સમાવેશ હોય તેવું QR (Quick response) "મા" અને "મા વાત્સલ્ય" કાર્ડ આપવામાં આવે છે. "મા" કાર્ડ દ્વારા લાભાર્થીઓની યોગ્ય ઓળખ કરી શકાય છે અને ખોટા લાભાર્થીઓને ઓળખી તેને કાબુમાં રાખી શકાય છે.**

### *લાભાર્થીઓ:–*

"મા" યોજના: – ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો.

"મા વાત્સલ્ય" યોજના: –

- વાર્ષિક રૂ. ૪.૦૦ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા મધ્યમ વર્ગના પરિવારો
- ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના તમામ આશા બહેનો
- પત્રકારો
- રાજ્ય સરકારના વર્ગ– ૩ અને વર્ગ– ૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધીભરતીથી નિમણૂક આપેલ ફિક્સ પગારના કર્મચારીઓ

- યુ–વીન કાર્ડ ધારકો.
- વાર્ષિક રૂ. ૬ લાખ કે તેથી ઓછી આવક ધરાવતા કુટુંબોના સિનિયર સીટીઝનો.

**મુખ્યમંત્રી અમૃતમ "માં" અને મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય કાર્ડ તદ્દન મફત કાઢવામાં આવે છે**

આ કાર્ડ કાઢવા માટે જો કોઈ કર્મચારી / એજેન્ટ / વ્યક્તિ આપની પાસે નાણાંની માગણી કરે તો તેની તાત્કાલિક જાણ આપના તાલુકા આરોગ્ય અધિકારી શ્રી અને કોર્પોરેશન વિસ્તારમાં ડેપ્યુટી આરોગ્ય અધીકારી / મેડીકલ ઓફીસરશ્રીને જાણ કરવી અથવા 1800–233–1022 ટોલ ફ્રી નંબર પર વિગતવાર ફરીયાદ નોધાવવી.

**"માં" કાર્ડ અને "માં વાત્સલ્ય" કાર્ડ માટે નીચે મુજબના પુરાવા આપવાના છે**

"માં" કાર્ડ માટે

1. કુટુંબનો 0 થી 20 ના સ્કોર વચ્ચેનો બી.પી.એલ. નો દાખલો / શહેરી વિસ્તાર માટે સુવર્ણજયંતી શહેરી રોજગાર યોજનાનું કાર્ડ
2. રાશન કાર્ડ
3. ઓળખનો પુરાવો (આધાર કાર્ડ , ચુટણી કાર્ડ વગેરે )

"માં વાત્સલ્ય" કાર્ડ માટે

1. કુટુંબનોઆવકનો દાખલો
2. રાશન કાર્ડ
3. ઓળખનો પુરાવો (આધાર કાર્ડ , ચુટણી કાર્ડ વગેરે )

**નોંધ :**

(1) કુટુંબદીઠ 1 (એક) જ "માં" અથવા " માં વાત્સલ્ય " કાર્ડ કઢાવવાનું રહેશે.

(2) "માં વાત્સલ્ય" કાર્ડ દર 3 વર્ષે રીન્યુ કરાવાનું રહેશે.

# ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ


બ્લોક નં.૧/૬, કર્મયોગી ભવન, સેક્ટર–૧૦, ગાંધીનગર–૩૮૨૦૧૦

✉ : memsec-gscuc@gujarat.gov.in; ☎: 079 23258647

www.facebook.com/GSCUC

https://twitter.com/GSCUCGujarat